શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૦મું
જાન્યુઆરી : ૨૦૧૮ ● અંક : ૭
પાના નં. ૧ ● (કુલ પેજ :૬૦)

૧૫ જાન્યુઆરી, ૨૦૧૮ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૧-૨૦૧૮ કિંમત : રૂા. ૧૮/-



નવા ઉમંગ, બમણા ઉત્સાહ, અનેકગણી આશાઓ સાથે નવા વર્ષ (૨૦૧૮) નો પ્રારંભ એટલે....

## આપણો સંકલ્પ

## "હમે બદલના હૈ"

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

MAHESHBHAI M. : 92272 11715

**SWASTIK**
**GUM INDUSTRIES (INDIA)**

MANUFACTURERS & EXPORTERS OF
*Guar Gum Refined Splits,*
*Powder & All Types of Textile Thickners,*
*Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs*

328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

**Girlie**™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

**SILICON**®
ZERO MAINTENANCE LAMINATE



**RANGE**
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ | ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ | ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

**iolite**

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031


www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
RED APPLE MEDIA
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


PS
Patel and Shah
Business Solutions LLP
One Stop Solution
Corporate Advisory & Business Support
Corporate Advisory
Business Support Services
Direct and Indirect Tax Compliance
Due-diligence
NGO related Services
Licensing and Registration
Accounting, Record Keeping and Documentation
Legal and Appellate Service
Goods and Service Tax
Business Structuring and re-structturing
Merger and acquisition
Project Finance & Subsidy
Cross Border Transactions compliances
Trader Mark and Copy Right
Valuation
Assets Management and investment Consultancy
Forex Finance compliance
Registered Office :
B-303, Shapath Hexa,
Opp. Amiraj Farm,
Gujarat High Court Road,
S.G. Highway, Ahmedabad- 380 060.
Branch Office :
4th Floor, Vraj Valencia,
B/h. Mahindra Show Room,
Nr. Sola over Bridge,
S.G. Highway, Ahmedabad-380060.
Contact us : (O) 079-4006 1032, M. : 98250 40308 (Anand B. Patel)
E-mail : patelandshahllp@gmail.com

વર્ષ-૩૨ ● અંક - ૭
૧૫ જાન્યુઆરી, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | | |
|---|---|---|---|
| ૨ વર્ષ | : | રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : | રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : | રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ

- વર્ષ ૨૦૧૮ના નૂતન વર્ષે ........ **અશોક મહેતા**....૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
  ★ જાહેર વિજ્ઞપ્તિ ★ આકર્ષક ફાયદો ★ લાઈબ્રેરી ........ ....૯-૧૨


### ચૂંટણીના ચમકારા

- ૨૦૧૭, ગુજરાત વિધાનસભાની ચૂંટણી
  – રંગ, અંતરંગ અને બહુરંગ ........ **પ્રવીણચંદ્ર શાહ**....૧૩


### કચ્છ

- કચ્છના કિલ્લાઓમાં નિરખાતું કચ્છ ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૧૭
- કચ્છી કલા કારીગરી ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૮


### વાર્તા

- આફટર શોક : પાછોતરા કંપનોની શ્રેણી
  – અખિલાનંદ બાપુ... ........ **બલવીરસિંહ જાડેજા**.....૧૯


### રસપ્રદ અતીત

- શ્રેષ્ઠ અભિનેત્રી સ્વ. નરગિસ અને શ્રેષ્ઠ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુ
  – કયા સંયોગે 'મામા ભાણેજી' બન્યા? ........ **રજનીકુમાર પંડ્યા**....૨૩


### અતીતની અટારીએથી

- આગાખાને રજૂ કર્યું ઈસ્લામી હક્કપત્ર (સીમલા, ૧ ઓક્ટોબર, ૧૯૦૬) ..... **ભરત ભટ્ટ**....૩૧


### વાયબ્રન્ટ હાસ્ય

- લાફટર થેરેપી - લાફટર ઈસ ધી બેસ્ટ મેડિસિન ........ **તુલસી કંસારા**....૩૫


### સ્વાસ્થ્ય

- "મને વધારે પડતા વિચારો આવે છે" – (૧) ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૭
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**


### જીવન દર્શન

- રંગીલા કચ્છી ફિલ્મ સર્જક : નીરજ વોરા ........ **નરેશ પી. અંતાણી**....૩૯


### અર્થ કારણ

- બિટકોઈન એવો પરપોટો છે જે ફૂટશે ત્યારે ઘણાના જીવ લેશે ........ **શિરીષ મહેતા**....૪૧


### ક્ષિતિજો

- એ ભાઈ સાચે ગુજરી ગયા? ........ **પાર્થ દવે - પત્રકાર**....૪૨


### વિવિધતા

- ગાંધીનગર ગાથા ........ **શ્રીમતી વર્ષા જયંત મહેતા**....૪૪
- શબ્દ શોધ : ક્રમાંક - ૬૮ ........ **પ્રદીપ જોશી**....૪૫
- રમતનો રસથાળ : મેઘધનુષ્યના રંગો ........ **ભાવના એ. ઝવેરી**....૪૬
- પ્રતિભાવ ........ ....૪૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૭
- ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૧૭ના ચમકારા ........ ....૪૮
- ★ ૨૦૧૮ના વર્ષમાં જાહેર રજાઓ ★ ભુજ રેલવે ટાઈમ ટેબલ ........ ....૫૦-૫૧


### મેઘ ધનુષ

- આ શું? ● ઈશ્વરની વિમાસણ : **'આરસી' શાહ** ........ ....૫૨
- વસંતોત્સવ : **મહાભાઈ આર. વોરા** ● સાચા સંત : **અરવિંદ સોમૈયા** ........ ....૫૨


## વિભાગ-૨ :-

- સમાજ સમાચાર ........ ૫૩-૫૪
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૫૫


NUTS MASTI
आईये,
खुशियाँ बाटें...
काजू बादाम भरी
MICHI'S®
Candies & Toffees
₹2/-
PER PIECE
MICHI'S®
Badam
Nuts Masti
MICHI'S®
Kaju
Nuts Masti
सब' मस्त है!
JRJ®
JRJ FOODS
PVT. LTD.
MANUFACTURER & MARKETER OF
CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

તંત્રીલેખ

# વર્ષ ૨૦૧૮ના નૂતન વર્ષે



અશોક મહેતા

ગુજરાત રાજ્યની ચૂંટણીના પડઘમ શાંત પડી ગયેલ છે. પરિણામોમાં ભાજપની બહુમતી આવી પરંતુ આમ પ્રજાની વાત કરીએ તો ભાજપની પ્રતિષ્ઠાનો ગ્રાફ નીચે આવેલ છે. ૨૦૧૨ની ચૂંટણીમાં ભાજપની ૧૨૧ સીટો હતી, તે સામે હાલે ૨૦૧૭માં માત્ર ૯૯ સીટ પર તેના ઉમેદવારોની જીત થયેલ છે. સાથે સાથે કચ્છમાં ૨૦૧૨માં ૬ માંથી ૫ સીટ ભાજપની હતી તે સામે ૨૦૧૭માં ૪ સીટ ભાજપે મેળવેલ છે. અહીં પણ તેને ૧ સીટ ઓછી આવેલ છે. નોટબંધી, જીએસટી ઉપરાંત હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જીજ્ઞેશ મેવાણી જેવા ફેક્ટર તેને નડી ગયેલ લાગે છે. સત્તાધારી પક્ષે આત્મ નિરીક્ષણ તો કરવું જ રહ્યું. કચ્છ માટે એક ખુશીની વાત છે કે વિજય રૂપાણીના અગાઉના મંત્રી મંડળમાં કચ્છને સ્થાન ન હતું. તેના બદલે આ વખતે વાસણભાઈ આહીરનો પ્રધાન મંડળમાં સમાવેશ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત રાજકીય ટીપ્પણી બાદ આપણે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૭ના કાર્યક્ષેત્રનું વિશ્લેષણ કરીએ તે સમાજના હિત માટે જરૂરી છે.

ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશન (ગોડ ફાઉન્ડેશન)નું ચેરિટી ટ્રસ્ટના નેજા હેઠળ રજિસ્ટ્રેશન મેળવી લેવામાં આવેલ છે. તેના પાન કાર્ડ, બેન્ક એકાઉન્ટ વગેરેની કાર્યવાહી ચાલુ છે. બ્રોશર છપાઇ ગયે, તેનું ફિલ્ડ પર સાચું વર્કિંગ તરતમાં શરૂ કરી દેવામાં આવનાર છે. ગોડ ફાઉન્ડેશનના નેજા હેઠળ લગભગ ૫૦ કાર્યકરો અમદાવાદ ભરમાં ઓર્ગન ડોનેશનની ઝુંબેશ આદરનાર છે. સિમ્સ હોસ્પિટલના ડૉ. ધીરેન શાહના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી આગળ ધપાવવામાં આવશે. ઓર્ગન ડોનેશન એવી પ્રવૃત્તિ છે કે જેનાથી અનેક લોકોના જીવન બચાવી શકાય અથવા તો તેવા લોકોની જિંદગીમાં સારો એવો બદલાવ આવી શકે. આ નેક પ્રવૃત્તિમાં સમાજના અન્ય પરિવારોનો પણ ઉમદા સહકાર મળી રહેશે તેવી આશા અને અપેક્ષા રાખવામાં આવે છે.

ગત વર્ષ દરમ્યાન અનેક બેઠકોમાં ચિંતન કરીને સમાજના પરિવારના ૧૧થી ૫૭ વર્ષની વયજૂથના સભ્યોને સુરક્ષા કવચ પૂરું પાડવાની યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે લગભગ અંતિમ તબક્કે પહોંચી જવાયેલ છે. કુટુંબના આધારસ્થંભ સમા આ વયજૂથના કોઈ મુખ્ય વ્યક્તિનું કુદરતી કે આકસ્મિક મૃત્યુ થાય તો તેવા પરિવાર પર અણધારી આફતના ઓળા ઉતરી આવે છે. આ સમસ્યામાં મદદગાર થવા શ્રી કચ્છી સમાજે એવી યોજના ઘડેલ છે કે આ યોજનામાં જોડાનાર વ્યક્તિનું અગર મૃત્યુ થાય તો તેના પરિવારને **રૂા. ૫.૦૦ લાખ**નો ચેક સમાજ તરફથી સુપ્રત કરવામાં આવે. મૃતકના પરિવારનું સ્વજનના જવાથી દુઃખ તો ઓછું ના થઈ શકે પરંતુ એ પરિવારના કપરા કાળે મદદરૂપ થવાની ભાવનાથી શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આ યોજનામાં આગળ વધી રહેલ છે. આ અંકમાં અન્યત્ર આપશ્રી આ અંગેનો અહેવાલ વાંચી શકશો.

લગભગ છેલ્લા બાર મહિનાની મહેનત પછી એક લાઇબ્રેરી તૈયાર કરી દેવામાં આવેલ છે કે જેમાં લગભગ ૧૦૦૦થી પણ વધુ પુસ્તકો વસાવી લેવામાં આવેલ છે. મહાદેવ દેસાઈની મહાત્મા ગાંધી વિશેની ડાયરી, વિવિધ મહાનુભાવોની આત્મકથા, વિખ્યાત લેખકો લિખિત નવલકથાની બુક્સ, નવલિકાઓ, ચિંતન - મનન કરી શકાય તેવી આધ્યાત્મિક પ્રકારની બુક્સ અને અન્ય અનેક વિભાગોવાળી આ લાઇબ્રેરી લગભગ તૈયાર થઈ જવા આવેલ

છે. તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮થી તેને જાહેર જનતા માટે ખૂલ્લી મુકવામાં આવી રહેલ છે. સભ્ય ફી માત્ર રૂા. ૧૦૦/- રાખવામાં આવેલ છે. એક સાથે ત્રણ બુક વાંચવા માટે લઈ જઈ શકાશે. ગૂર્જર પરિવારના મુખ્ય ડોનેશનથી તેનું નામ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત ''ઠાકોરભાઈ ગૂર્જર લાઈબ્રેરી'' રાખવામાં આવેલ છે. તે અંગેનો અહેવાલ આ અંકમાં જ અન્યત્ર વાંચી શકાશે. આ લાઈબ્રેરી સમાજના સભ્યોને ખૂબ જ શિષ્ટ વાંચન પૂરું પાડી શકશે. આશા રાખવામાં આવે છે કે સમાજના સભ્યો જરૂરથી તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરશે.

શ્રી કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીની કાર્યવાહી લાંબા સમયથી ચાલુ છે પરંતુ હજુ સુધી રજિસ્ટ્રાર ઑફ સોસાયટી પાસેથી આપણે તેનું રજિસ્ટ્રેશન મેળવી શકેલ નથી. ક્રેડિટ સોસાયટીના ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયાના ઘનિષ્ટ પ્રયાસો પછી પણ આપણે તેને કાર્યાન્વિત કરી શકેલ નથી. સોસાયટીનું રજિસ્ટ્રેશન થયા બાદ નાના વેપારીઓને આ સોસાયટી જરૂરી ધીરાણ આપી શકશે કે જેના થકી સમાજના કેટલાક વ્યવસાયકારોને સારી એવી હૂંફ સાંપડી શકશે.

છેલ્લા લગભગ બે વર્ષથી આપણે સમાજની નામ-સરનામા-ટેલિફોન ડિરેક્ટરી બહાર પાડવા પ્રયાસ કરી રહ્યા છીએ. આ સમિતિના કન્વીનર શ્રી ભરતભાઈ ઓઝાના અથાગ પ્રયાસ પછી આપણે આ ડિરેક્ટરી બહાર પાડવા લગભગ અંતિમ તબક્કે પહોંચી આવેલ છીએ. લગભગ ૩૧૦૦ વ્યક્તિઓની વિગત આ ડિરેક્ટરીમાં પ્રકાશિત કરવામાં આવનાર છે. ટ્રસ્ટ મંડળના નિર્ણય પ્રમાણે તે એક ઈ-ડિરેક્ટરી સ્વરૂપે બહાર પાડવામાં આવનાર છે. છેલ્લે છેલ્લે એક હકીકત તારવાયેલ છે કે જેઓ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય છે અથવા જેઓને નિયમિત સ્વરૂપે કચ્છશ્રુતિ મોકલવામાં આવી રહેલ છે તેવી લગભગ ૧૦૦૦ વ્યક્તિઓએ પોતાના નામની નોંધણી આ ડિરેક્ટરી માટે કરાવેલ નથી. તેઓએ આ ડિરેક્ટરી માટે પોતાના ફોર્મ ભરીને સમાજ પર હજુ સુધી મોકલી આપેલ નથી. આ માનવંતા સદ્‌ગૃહસ્થોને આળસ ખંખેરી, પોતાના ડિરેક્ટરીના ફોર્મ વહેલી તકે ભરીને સમાજ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે કે જેથી આ ડિરેક્ટરીમાં તેઓના નામોનો પણ સમાવેશ કરી શકાય.

સમાજના અનેક પરિવારોને શ્રી કચ્છી સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' દર મહિનાની ૧૫ તારીખે નિયમિતપણે મોકલી આપવામાં આવે છે. આ ડિસ્પેચ લિસ્ટમાં લગભગ ૪૦૦ જેટલા સભ્યોને કોમ્પ્લિમેન્ટરી કોપી જાય છે જ્યારે અન્ય ૪૦૦થી ૫૦૦ સભ્યોને આજથી ૨૦ વર્ષ અગાઉ લીધેલ રૂા. ૩૦૦/-ની ડિપોઝિટના ધોરણે અથવા તો આજથી ૧૦-૧૨ વર્ષ અગાઉ લીધેલ રૂા. ૫૦૦/-ની ડિપોઝિટના ધોરણે તે મોકલી આપવામાં આવે છે. ટપાલ ખાતાના સુધારેલ નિયમ પ્રમાણે આ રીતે વિનામૂલ્યે કચ્છશ્રુતિ મોકલી શકાતું નથી. તે એક ગુનો બને છે અને તેના પરિણામ સ્વરૂપે પોસ્ટ ખાતા તરફથી પોસ્ટ કરવામાં જે રાહત મળે છે (રૂા. ૨૦/-ના ખર્ચની સામે માત્ર રૂા. ૧/-નો પોસ્ટલ ખર્ચ) તે રાહત પાછી ખેંચી લેવામાં આવે છે. આપણે ભવિષ્યમાં મુશ્કેલીમાં ના મૂકાઈએ તેટલા માટે જેઓને કોમ્પ્લિમેન્ટરી કોપી અથવા ડિપોઝિટના ધોરણે કચ્છશ્રુતિ મળે છે એ દરેક મહાનુભાવને પોતાના લવાજમ વહેલી તકે સમાજ પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. સમાજે પણ આ પ્રકારના મહાનુભાવોનો અલગ પત્રથી સંપર્ક સાધવા પ્રયાસ આદરી દીધેલ છે. આ બાબતે સહુ સહકાર આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

એ જ રીતે ભવિષ્યમાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્યપદનો પ્રશ્ન પણ હાથ પર લેવામાં આવનાર છે.

૨૦૧૮ના શરૂ થતા નવા વર્ષે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ પોતાની વિવિધ પ્રવૃત્તિઓ આગળ ધપાવવા આપ સહુના સહકારની અપેક્ષા રાખે છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## જાહેર વિજ્ઞપ્તિ

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ની કોમ્પ્લિમેન્ટરી કોપી

અત્યાર સુધી 'કચ્છશ્રુતિ' અમદાવાદ તથા અમદાવાદ બહારના અનેક મહાનુભાવોને વિના મૂલ્યે — કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલી આપવામાં આવતી હતી. અનેક વર્ષોથી આ સીલસીલો ચાલુ રાખવામાં આવેલ હતો.

પોસ્ટ ખાતાના અત્યારના નિયમો પ્રમાણે કોઈ પણ મુખપત્રની કોપીઓ વિનામૂલ્યે મોકલી શકાતી નથી. અગર તેવી નકલો મોકલવામાં આવે તો પોસ્ટ ખાતાએ આપેલ સવલતો પાછી લઈ લેવામાં આવે છે.

ઉપરોક્ત વિગતના અનુસંધાને જે મહાનુભાવોને વિનામૂલ્યે 'કચ્છશ્રુતિ'ની કોપીઓ મોકલી આપવામાં આવે છે તેઓ સાથે પત્ર વ્યવહાર ચાલુ છે અને તેઓને લવાજમ મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

આ વિજ્ઞપ્તિ દ્વારા એ મહાનુભાવોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ પર મોકલાવી આપે. આ રીતે અમને સહકાર આપી કચ્છશ્રુતિના અંકો આપને નિયમિતપણે મળતા રહે તેવી પ્રક્રિયા ચાલુ રાખવા આપશ્રીને વિનંતી કરવામાં આવે છે.

કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવામાં આવતી વિગતો ખૂબ જ જાણવા લાયક અને માણવા લાયક હોય છે અને તેવી વિગતો ભવિષ્યમાં પણ ચાલુ રાખવામાં આવશે.

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"ના ડિપોઝિટ ધારકો

અગાઉની યોજના પ્રમાણે કેટલાક મહાનુભાવોની ડિપોઝિટની રકમ સ્વીકારી તેઓને પણ વિના મૂલ્યે 'કચ્છશ્રુતિ' મોકલી આપવામાં આવતું હતું.

પોસ્ટ ખાતાના અત્યારના નિયમ પ્રમાણે આ રીતે પણ 'કચ્છશ્રુતિ' મોકલી શકાતું નથી. અગર એ રીતે વિના મૂલ્યે કોઈ પણ મુખપત્ર મોકલવામાં આવે તો પોસ્ટ ખાતાની સવલતોનો લાભ મળી શકતો નથી.

તેના અનુસંધાને અમે કચ્છશ્રુતિના દરેક ડિપોઝિટ ધારકોને અલગથી પત્ર લખી રહેલ છીએ.

'કચ્છશ્રુતિ'ના દરેક ડિપોઝિટ ધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ વહેલી તકે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં જમા કરાવી અમને પૂરતો સહકાર આપે.

આપશ્રીના સહકાર થકી જ 'કચ્છશ્રુતિ' પોતાની મંઝીલ આગળ ધપાવી શકશે.

**લવાજમની રકમ :**

'કચ્છશ્રુતિ'ના લવાજમની રકમ નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- ૨ વર્ષનું લવાજમ : રૂા. ૫૦૦/-
- ૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૦૦૦/-
- ૧૫ વર્ષનું (આજીવન) લવાજમ : રૂા. ૧,૫૦૦/-

લવાજમની રકમ "શ્રી કચ્છી સમાજ - અમદાવાદ"ના નામનો ચેક લખીને મોકલી શકાશે અથવા તો શ્રી કચ્છી સમાજ - અમદાવાદના **સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા**, પાલડી બ્રાંચ (બોની ટ્રાવેલ્સની બાજુમાં)ના નીચે મુજબના એકાઉન્ટ નંબરમાં આપશ્રી રકમ ભરી તેની વિગત અમને લેખિત સ્વરૂપે મોકલી શકશો.

- ખાતાનું નામ : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
- એકાઉન્ટ નંબર : 10011315039
- IFS Code : SBIN0005306

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ"માં આપશ્રીના વ્યવસાયની અથવા તો શુભેચ્છા જાહેરાતો

કોઈ પણ મુખપત્ર તેના લવાજમ માત્રથી ચલાવી શકાય નહીં.

તેમાં જાહેરાતો લેવી અનિવાર્ય છે.

'કચ્છશ્રુતિ'ને પણ આપશ્રીના વ્યવસાયની અથવા તો શુભેચ્છા જાહેરાતોની જરૂરિયાત રહે છે.

આ માટે કેટલાક મહાનુભાવો સાથે પત્ર વ્યવહાર / ફોનથી સંપર્ક સાધવામાં આવી રહેલ છે.

આ જાહેર વિજ્ઞપ્તિ વાંચનાર દરેક મહાનુભાવને હાર્દિક અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના વ્યવસાયની અથવા તો અન્ય જાહેરાતો મોકલી અમને જરૂરથી સહકાર આપે કે જે 'કચ્છશ્રુતિ'ના અત્યારના કલેવરને ચાલુ રાખવા અમને મદદરૂપ થઈ શકે. અગર આપશ્રી જાહેરાત ના મોકલી શકો તો કોઈ અન્ય જાહેરાતો અપાવી અમને જરૂરથી સાથ-સહકાર આપી શકશો.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ તથા વિવિધ સમિતિઓના સભ્યશ્રીઓને પણ અપીલ કરવામાં આવે છે કે તેઓ આ બાબતે ઊંડો રસ લઈ ઓછામાં ઓછી એક જાહેરાત આપી / અપાવી 'કચ્છશ્રુતિ'ને આગળ ધપાવવામાં સહકાર આપે.

દરેક મહાનુભાવ બાર મહિનાની જાહેરાત આપે / અપાવે તેવી અમારી નમ્ર અપીલ છે.

જાહેરાતના દરો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

| વિગત | એક માસના દર | બાર મહિનાના દર | બાર મહિનાની જાહેરાતના અનુસંધાને |
|---|---|---|---|
| મલ્ટી કલર – અંદરનું આખુ પાનું | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૫૪,૦૦૦/- | (૬૦,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરનું આખુ પાનું | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૨૧,૬૦૦/- | (૨૪,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરનું અડધું પાનું | રૂા. ૧,૫૦૦/- | રૂા. ૧૬,૨૦૦/- | (૧૮,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરનું પા (૧/૪) પાનું | રૂા. ૧,૦૦૦/- | રૂા. ૧૦,૮૦૦/- | (૧૨,૦૦૦ – ૧૦ ટકા) |
| બ્લેક એન્ડ વ્હાઈટ – અંદરના પાને બોટમ પટ્ટી | રૂા. ૫૦૦/- | રૂા. ૫,૪૦૦/- | (૬,૦૦૦ – ૧૦ ટકા) |

**કવર પેઇજ : વિઝિટિંગ કાર્ડ સાઇઝ જાહેરાતના દરો**

| વિગત | બાર મહિનાની જાહેરાતના દરો |
|---|---|
| કવર પેઈજ - ૪ વિઝિટિંગ કાર્ડ સાઈઝ | રૂા. ૨૦,૦૦૦/- |
| કવર પેઈજ - ૩ વિઝિટિંગ કાર્ડ સાઈઝ | રૂા. ૧૫,૦૦૦/- |
| કવર પેઈજ - ૨ વિઝિટિંગ કાર્ડ સાઈઝ | રૂા. ૧૫,૦૦૦/- |

ઉપરોક્ત પ્રકારની એક અથવા એકથી વધુ જાહેરાત મોકલી આપવા / અપાવવા દરેક મહાનુભાવને હાર્દિક અપીલ કરવામાં આવે છે.

**માનદ્ મંત્રી**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**નોંધ :**

★ કોઈપણ જાતના પત્ર વ્યવહાર વગર અથવા તો ફોન કર્યા વગર, માત્ર આ વિજ્ઞપ્તિ વાંચી અમને જાહેર ખબર મોકલી આપશે / અપાવશે એ મહાનુભાવને વિશિષ્ટ અભિનંદન આપતી નોંધ 'કચ્છશ્રુતિ'ના તેના પછીના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

★ આપશ્રી પણ વિશિષ્ટ અભિનંદન પ્રાપ્ત કરો તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

★ **અત્યાર સુધી જે જે મહાનુભાવોએ પોતાની જાહેરાતો છપાવવાની કચ્છશ્રુતિને સવલત કરી આપી, કચ્છશ્રુતિને નિયમિતપણે પ્રકાશિત રાખવા સહયોગ આપેલ છે એ બધા જ મહાનુભાવોનો અમે આભાર માનીએ છીએ.**

★ **'કચ્છશ્રુતિ'ના જાન્યુઆરી-૨૦૧૮ના અંકથી આવતા બાર મહિનાની પોતાના વ્યવસાયની જાહેરાતો આપી અમારા કાર્યમાં ઉમદા સહકાર આપેલ છે એ બધા જ મહાનુભાવોને અમે અભિનંદન પાઠવીએ છીએ અને તેઓશ્રીનો વિશેષ આભાર માનીએ છીએ.**

---

# આકર્ષક ફાયદો

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે **નિઃશુલ્ક ધોરણથી** એક ખૂબ જ આકર્ષક યોજના નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

★ કોઈપણ પરિવારજનોને પોતાના વ્યવસાય અથવા ઘરે વિવિધ પ્રકારના સ્ટાફની અથવા કારીગર વગેરેની જરૂરી હોય છે. તે રીતે કોઈ ક્ષેત્રના સ્ટાફ - કારીગર વર્ગની જરૂર હોય તો તેની ટૂંક વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકે છે. (દા.ત. ક્લાર્ક, ઈજનેર, કોમ્પ્યુટર તજજ્ઞો, શિક્ષક, પ્યુન, ડ્રાઈવર, ઘરકામ માટે રસોઇ કરનાર, બીમાર વ્યક્તિની સંભાળ લેનાર, બીમાર વ્યક્તિ માટે કોઈ સાધન-સામગ્રી તથા કોઈ પ્રકારના કારીગરની જરૂરત વગેરે.)

★ લગ્નોત્સુક ઉમેદવાર (માત્ર નામ, વય અન ટેલિફોન નંબર) સાથેની વિગત સમાજના કાર્યાલયમાં મોકલાવી શકાય છે.

★ તેવી રીતે સમાજના પરિવારજનોમાંથી કોઈને પોતાની આવડત અથવા જરૂરત મુજબ, શૈક્ષણિક લાયકાત મુજબ કામ-ધંધાની જરૂર હોય તો તેઓ પોતાની વિગત ટૂંકમાં લખીને મોકલાવી શકે છે.

★ ઉપરોક્ત પ્રમાણેની વિગત ટચુકડી જાહેરાતના સ્વરૂપે (ટૂંકાવીને) શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર ''કચ્છશ્રુતિ''માં નિઃશુલ્ક પ્રસિદ્ધ કરવામાં આવશે. (પ્રકાશન સંબંધી સર્વ હક્ક સંપાદક મંડળ પાસે રહેશે.)

★ ઉપર પ્રમાણેની વિગત સાથે પોતાનું પૂરું નામ અને મોબાઈલ / ટેલિફોન નંબર લખવા જરૂરી છે.

**ઉપર જણાવેલ નિઃશુલ્ક સેવાનો લાભ સમાજના પરિવારજનો બહોળી સંખ્યામાં ઉઠાવશે તેવી અપેક્ષા છે.**

*કાર્યાલય :* શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪ • વૉટ્સ એપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮
E-mail : kutchhisamaj@gmail.com

**તંત્રી મંડળ – "કચ્છશ્રુતિ"**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ *સંચાલિત*

# ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી

જેવી રીતે શરીરને ટકાવી રાખવા ખોરાકની જરૂરત રહે છે એ રીતે મગજને વિકસિત રાખવા વિશાળ વાંચનની જરૂરિયાત રહે છે. વર્તમાનપત્રોનું વાંચન એ એક પ્રકારનું વાંચન છે, જ્યારે મહાનુભાવોના જીવન ચરિત્ર, નવલકથા, આધ્યાત્મિક પુસ્તકો વગેરે પ્રકારનું વાંચન, એવું વાંચન છે કે જેનાથી મગજને સારી એવી કસરત મળે છે. કોઈ પણ ઉંમરની વ્યક્તિએ પોતાના મગજને વિકસિત કરવા, સારા-નઠારાનું અવલોકન કરવા અને પોતાની વિચારસરણીને વિકસિત રાખવા માટે સતતપણે પુસ્તકોનું વાંચન કરવું જરૂરી છે. અને તેથી જ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેની પાલડી ખાતેની સ્પાન ટ્રેડ સેન્ટરની ઓફિસમાં એક સાર્વજનિક લાઇબ્રેરી શરૂ કરી રહેલ છે.

આ લાઈબ્રેરીમાં અત્યાર સુધી વિવિધ પ્રકારના વાંચનના ૧૦૦૦થી પણ વધુ પુસ્તકો વસાવી લેવામાં આવેલ છે. આ લાઈબ્રેરીના સૌજન્ય દાતા "ગૂર્જર પરિવાર - અમદાવાદ" છે. તેથી આ લાઈબ્રેરી **"ઠાકોરભાઈ ગૂર્જર લાઇબ્રેરી"**ના નામ સાથે ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ લાઈબ્રેરી જાહેર જનતાના વાંચન માટે તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૮થી શરૂ કરવાનું આયોજન છે. અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કોઈપણ વ્યક્તિ આ લાઈબ્રેરીની કોઈપણ ૩ બુક્સ (At a time) પોતાને ત્યાં વાંચવા માટે લઈ જઈ શકશે. આ બુક્સ વધુમાં વધુ ૧૫ દિવસ સુધી તેઓ રાખી શકશે. ત્યારબાદ તેની ફેરબદલી કરાવી શકશે.

આ લાઈબ્રેરીના સભ્ય બનનારે માત્ર એક વખત રૂા. ૧૦૦/- સભ્ય ફી (Non Refundable) તરીકે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસમાં જમા કરાવવાના રહેશે.

**અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કોઈપણ પરિવારો આ લાઇબ્રેરીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.**

★ ***સ્થળ*** : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

★ ***ફોન*** : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

★ ***સમય*** : બપોરના ૧.૦૦થી સાંજના ૫.૦૦ (રવિવાર સિવાય)

**કન્વીનર - લાઇબ્રેરી સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**


## જોઈએ છે

■ કાઉન્ટર ક્લાર્ક : ૨ પોસ્ટ
■ ફિલર (ગાડી - વાહનોમાં પેટ્રોલ ભરવા વગેરે કામ માટે) : ૧૦ પોસ્ટ

**સંપર્ક : શ્રી બિપીનભાઈ મહેતા**
યુનીક રીટ્રેડ્સ પ્રા.લિ., પ્લોટ નં. ૬૩૫/બી, વટવા જી.આઈ.ડી.સી. ફેઝ-૪, મહેમદાવાદ હાઈવે, અમદાવાદ-૩૮૨ ૪૪૫.
મોબાઈલ : ૯૩૨૮૫ ૩૩૪૭૭ ● ફોન : (૦૭૯) ૨૫૮૩૩૯૮૯, ૨૫૮૩૫૯૮૯

ચૂંટણીના ચમકારા

# ૨૦૧૭, ગુજરાત વિધાનસભાની ચૂંટણી – રંગ, અંતરંગ અને બહુરંગ



પ્રવીણચંદ્ર શાહ

૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો મોડી જાહેર કરવા માટે ચૂંટણી કમિશનર એ.કે. જોતીએ, જે કારણો બતાવેલા તે ન સ્વીકારી શકાય તેવાં અયોગ્ય પણ હતા અને હાસ્યાસ્પદ પણ હતા. એમણે કહેલું કે ઉત્તર ગુજરાતમાં આવેલાં પૂરનાં રાહતકામોમાં ખલેલ ન પડે, માટે ચૂંટણીની તારીખો જાહેર કરવામાં મોડું કરાયું હતું. હકીકત તો એ હતી કે બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ અને સાબરકાંઠાના રાહતકામો તો બે મહિના પહેલાં, ઑગસ્ટના અંતમાં ખુદ ગુજરાત સરકારે સત્તાવાર રીતે જાહેર કરેલ હતું કે પૂરી રીતે આટોપાઈ ચૂક્યા છે! યાદ રાખવા સરખું છે કે એ.કે. જોતી લાંબા સમય સુધી ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતમાં હતા ત્યારે એમના વિશ્વાસુ ઑફિસર તરીકે રહ્યા હતા. મોદીજી વડાપ્રધાન બન્યા પછી, ૨૦૧૭ના વર્ષની શરૂઆતમાં એ.કે. જોતીને ચીફ ઈલેક્શન કમિશનર તરીકે મોદીજી દ્વારા જ બઢતી અપાઈ હતી.

કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારને અંદાજ તો હતો કે તરતમાં જ ચૂંટણીની જાહેરાત થવા ઉપર છે. ત્યાં જ ગુજરાત સરકારે પાણી પહેલા પાળ બાંધવાની ગણતરીએ વિવિધ લાભ અને લાલચની લહાણી કરવા માંડી હતી. ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વાસ્થ્ય સેવકો તરીકે કામ કરતા ૪૩૦૦૦ સેવકો (આશા હેલ્થ વર્કર્સ)ને પ્રોત્સાહક પગાર / ભથ્થાના વધારા, કોન્ટ્રાક્ટ વર્કર્સને વધુ લાભો, ડ્રીપ સિસ્ટમથી ખેતી કરતા ખેડૂતોને રાહતની જાહેરાતો, રૂપિયા ૬,૭૦૦ કરોડના ખર્ચે બનનારી અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલવે યોજનાને મંજૂરી, વગેરે વગેરે. આના ઉપરાંતની લહાણી અને લાલચોનું લિસ્ટ પણ લાંબું હતું. ખેડૂતોને ૩ લાખ રૂપિયા સુધીની લોન - સાવ વગર વ્યાજે, ૩૨૬ પાટીદારો સામેના કેસો રદબાત્તલ, સેનિટરી (સફાઈ) કામદારોની નોકરી કાયમી, આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિશિયનોના પગારમાં વધારા, અમદાવાદના એસ.પી. રિંગ રોડ પર પ્રાઈવેટ વાહનો પરના ટોલ-ટેક્સની માફી, ક્લાસ-૪ (ચોથા વર્ગ)ના કર્મચારીઓને દિવાળી બોનસ, સરકારી ૮ લાખ ૨૦ હજાર કર્મચારીઓના ડી.એ. (મોંઘવારી ભથ્થા)માં ૧ ટકાનો વધારો, મ્યુનિસિપાલિટીના બધા સ્ટાફ, આઈ.ટી.આઈ.ના શિક્ષકો અને બીજા બધા શિક્ષકોના પગારોમાં વધારો, 'મા વાત્સલ્ય મેડિકલ ઈન્સ્યુરન્સ સ્કીમ' હેઠળની રકમને વધારીને અઢી લાખ સુધી વધારાઈ, ભાવનગરના કલિયા બેટના ૧૫૦૦૦ મકાનો (જે ગેરકાયદે ગણાતા હતા) તેને કાયદેસરના બનાવાયા, કોન્ટ્રેક્ટેચ્યુઅલ વર્કર્સને એક્સ્ટ્રા કેઝ્યુઅલ લીવ, ટીએ/ડીએ, ૯૦ દિવસોની મેટરનિટી લીવ, ફિક્સ્ડ-પે-સ્ટાફને ૧૫૦-૨૦૦ રૂપિયાનો ઓવરટાઈમ એલાઉન્સમાં વધારો, OBC, SC અને ST વર્ગોના વિદ્યાર્થીઓને જે ગ્રામ્ય વિસ્તારોમાં હતા, જેમને માટે વાર્ષિક ૪૭,૦૦૦નું બજેટ રહેતું તે વધારીને ૧ લાખ ૩૦ હજારનું કરાયું અને શહેરી વિસ્તારવાળા વિદ્યાર્થીઓ માટેનું બજેટ ૬૫,૦૦૦થી વધારાઈને ૧ લાખ ૩૦ હજારનું કરાયું, સરકારી બિનમદદવાળી સ્કૂલો (અનએઈડેડ સ્કૂલો)ના ૧૦ વર્ષથી વધારે મુદત સુધી કામ કરતા શિક્ષકોને ગ્રાન્ટ-ઈન-એઈડ સ્કૂલના શિક્ષકોના લાભો અપાવાની ગુજરાત સરકારે ઢોલ નગારાને નાદે જાહેરાતો કરી હતી. હેતુ : વધુ મત મેળવવા!

પ્રિય વાચક! કંટાળી ન જતા! હજુ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીજી જે જંગી પ્રોજેક્ટોને અમલી બનાવવાના હતા તેનું લિસ્ટ પણ જાણી લેવા જેવું છે, તે એટલા માટે કે આ બધી જાહેરાતો કરવાનો મોકો ચૂંટણી ૫-હે-લાં-નો રખાયો હતો. જેથી ગુજરાતના મતદારો અંજાય, પ્રભાવિત થાય અને બીજેપીને જ મત આપે. જેથી બીજેપીની જ સરકાર રચાય. વડોદરા ખાતે ૩,૬૦૦ કરોડના ખર્ચે તૈયાર થનારા સ્માર્ટ-સિટીનું મોદીજીના શુભ હસ્તે શિલારોપણ અને ઉદ્‌ઘાટન, ઘોઘા-દહેજ વચ્ચે ચાલનારી ૬૦૦ કરોડના ખર્ચવાળી ફેરી રો-રો સર્વિસનું ઉદ્‌ઘાટન (જે માત્ર બાર-ચૌદ અઠવાડિયાં ચાલીને ઠપ્પ પણ થઈ ગઈ છે!), અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડનારી મેટ્રો રેલવેના ફેઈઝ-૨ નું મોદીજીના શુભહસ્તે ઉદ્‌ઘાટન, ૧૦ કરોડના ખર્ચવાળી આંબરડી-લાયન-સફારી પાર્કનું મોદીજીના શુભ હસ્તે ઉદ્‌ઘાટન, ૨૭૫ કરોડના ખર્ચવાળી 'રોબોટિક્સ એન્ડ એક્વેટીક ગેલેરી'નું મોદીજીના શુભ હસ્તે ઉદ્‌ઘાટન,

ભાવનગર ખાતેના ફ્લાય ઑવર માટેની મોદીજીની સંમતિ, 'સૌની યોજના' નામની યોજનામાં શેત્રુંજય, ખોડિયાર, કાડુભાર ડેમોના સમાવેશની વિધિ, મોદીજીના શુભ હસ્તે અને એમના પવિત્ર આશીર્વચનથી ભારતીય જનતા પાર્ટી, તેના પ્રમુખશ્રી અમિત શાહ અને સવાયા પ્રમુખ અને ભારત દેશના વડાપ્રધાન માનનીય, આદરણીય, શ્રી નરેન્દ્ર મોદીજીએ ગુજરાત રાજ્યને ધનભાગ્ય બનાવવામાં કોઈ મણા રાખી નહોતી.

ભારતીય જનતા પાર્ટી - બીજેપી ને તેના અગ્રણીઓ દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી ગણાવે છે. દુનિયાની આ 'સૌથી મોટી' ગણાવાતી પાર્ટીના ચૂંટણી પ્રચારમાં શું અધૂરાશ હોય? રતીભારની પણ અધૂરાશ નહીં, કારણકે બીજેપી પાસે કરોડો રૂપિયાનું ફંડ છે. બીજેપી દેશના ૧૯ રાજ્યોમાં રાજ કરે છે. નાણાં અને સત્તા – બીજેપીના અમોઘ શસ્ત્રો છે. અખબારોમાં આખે આખા પાના ભરેલી જાહેરાતો, ટી.વી. ઉપર કલાકોના કલાકો ભરીને મુલાકાતો, જાહેરાતો, ભાષણો (ટી.વી.વાળાઓ દર સેકન્ડ, દર મિનિટના હજારો રૂપિયા ચાર્જ કરે છે) – પણ બીજેપીને તેની કોઈ પરવા કે ચિંતા નહોતી. લાખ્ખો પોસ્ટરો, ૧૮૨ બીજેપી ઉમેદવારોની જાહેરાતો માટે છપાયા અને શહેરે-શહેર, ગામે-ગામ, ગામડે -ગામડેની શેરી, ગલી અને ચોરાહાઓ ઉપર ચોંટાડાયા. રીક્ષાઓ ઉપર, ટેક્ષીઓ ઉપર, સમર્થકોની મોટરકાર ઉપર 'બીજેપીના ઉમેદવારને જ મત આપો, કમળને જ મત આપો' દેશના મહારથી જેવા બીજેપી - રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની ભલામણ, શિખામણ, આદેશ અને અનુરોધોથી માત્ર ગુજરાત નહીં, લગભગ આખોય દેશ ધણધણી ઉઠેલો. 'અબ કી બાર ભી ભાજપ સરકાર!'

બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષનું અડધું પાનું ભરાઈને 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' (૪ ડિસેમ્બર, ૨૦૧૭)ના ઇસ્યુમાં અમિત શાહે બીજેપીના ગુણગાન ગાવામાં કશી કમી ન રહેવા દીધી. અમારી બીજેપીના સંસ્થાકીય માળખાના મૂળ ગુજરાતના ગામડે ગામડે ખૂંપેલા છે. સક્રિય મેમ્બરો સાથેની અમારી બુથ કમિટીઓ જોરદાર છે. છેક ૧૯૯૫થી હમણાં સુધી ગુજરાતના લોકોએ બીજેપીને જ ટેકો આપ્યો છે. હાર્દિક પટેલના પટેલ અનામત આંદોલનથી બીજેપીને ચૂંટણીમાં કશી અસર થવાની નથી. દોઢ વર્ષ પહેલાં કોંગ્રેસે અનામત આંદોલનના નામે પટેલ સમાજને પોતાના વર્ચસ્વમાં લેવાનો કરેલો પ્રયાસ નિષ્ફળ જવાનો છે. પટેલ સમાજનું બીજેપીનું સમર્થન અકબંધ છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીના મતદાનની ગણતરીએ તો આ વખતની વિધાનસભાની ગુજરાતની ચૂંટણીમાં અમે ૧૬૫ બેઠકો જીતી શકીએ, પણ અમે ૧૮૨માંથી ૧૫૦ બેઠકો જીતીશું. એ તો બિલકુલ વાસ્તવિક ગણતરી છે વગેરે, વગેરે. ગુજરાતભરમાં 'અબકી બાર ભી ભાજપ સરકાર'ના સૂત્રોથી વાતાવરણ ગાજી ઉઠેલું.

ડિસેમ્બરની ૯ અને ૧૪મી તારીખે સમગ્ર ગુજરાતમાં મતદાન થયું. ગુજરાતના ૪ કરોડ ૩૫ લાખ મતદારોમાંથી સરેરાશ ૬૮.૪૧ ટકા, એટલે ૨ કરોડ ૯૬ લાખ મતદારોએ મતદાન કર્યું. ૧ કરોડ ૩૭ લાખ મતદારોએ મતદાન કર્યું જ નહીં. સવા લાખ જેટલા મતદારોએ NOTA (કોઈને પણ નહીં) એવા મત આપ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ પ્રચાર - પ્રવાસ ૨૮,૧૧૯ કિ.મી.નો કર્યો. ૩૪ જાહેરસભાઓ ગજવી. બીજેપી અધ્યક્ષ અમિત શાહે ૩૧ અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૩૦ જાહેર સભાઓ સંબોધેલી. પાટીદાર અનામત આંદોલન સમિતિના ઝુંઝાર કન્વીનર માત્ર ૨૪ વર્ષની વયના નવયુવાન હાર્દિક પટેલે સૌરાષ્ટ્ર ગુજરાતમાં જ્યાં જ્યાં પાટીદાર - પટેલ પરિવારોની બહોળી વસતિ છે ત્યાં ત્યાં અનેકાનેક સભાઓ, સરઘસો અને રેલીઓમાં હાજર રહેલા હજારો - લાખ્ખો શ્રોતાઓને સંબોધ્યા અને અનુરોધ કર્યો કે બીજેપીને મત ન આપજો. એણે કોઈ સભામાં ખુલ્લી રીતે એમ કહ્યું નહીં કે કોંગ્રેસને મત આપો. પણ કોંગ્રેસે તેના મેનીફેસ્ટોમાં પાટીદારોના આર્થિક રીતે નબળા ભાગને બંધારણની ખાસ કલમ હેઠળ રીઝર્વેશન આપવાનું જાહેર કરેલું. ગુજરાતમાં ગણનાપાત્ર ઠાકોરોની સંખ્યા ધરાવતા વિસ્તારોમાં યુવાન અલ્પેશ ઠાકોરે કોંગ્રેસને ટેકો આપી સમાજને જાગૃત કર્યો અને દલિતોના વિવિધ વર્ગોને ત્રીજા યુવાન નેતા જીજ્ઞેશ મેવાણીએ દલિત સમાજને કોંગ્રેસ તરફ વાળ્યો. ૨૦૧૭ની ચૂંટણીએ ત્રણ નવજવાન પ્રગતિશીલ, નેતાઓની ગુજરાતને ભેટ આપી.

ગુજરાત વિધાનસભાની બે ભાગે થયેલી ચૂંટણીના પરિણામોએ નવો વિક્રમ સ્થાપિત કર્યો : બીજેપી, જેને ૧૫૦ બેઠકો જીતવાનો તો ડાબા હાથનો ખેલ લાગતો હતો તેને ૧૫૦ નહીં, ૧૪૦ , ૧૩૦, ૧૨૦ કે ૧૧૦ કે ૧૦૦ બેઠકો પણ ન મળી – મળી માત્ર અને માત્ર ૯૯ બેઠકો. કોંગ્રેસને છેલ્લી છ ચૂંટણીઓમાં ૧૯૯૦માં ૩૩ બેઠકો મળેલી, ૧૯૯૫માં ૪૫, ૧૯૯૮માં ૫૩, ૨૦૦૨માં ૫૧, ૨૦૦૭માં ૫૭ અને ૨૦૧૨માં ૬૧ બેઠકો મળેલી. આ છએછ ચૂંટણીઓની બેઠકોનો નવો રેકોર્ડ

૨૦૧૭માં રાહુલ ગાંધીની કોંગ્રેસે ૮૦ બેઠકો મેળવીને સ્થાપિત કર્યો. કોંગ્રેસ કરતાં બીજેપીને ૧૯ જ બેઠકો વધારે મળી. ચૂંટણીના પરિણામોની વિગતો આપતાં ૧૯ ડિસેમ્બરના ગુજરાતના એક ધરખમ દૈનિકે ફ્રન્ટ પેઈજ પર શિર્ષક મૂકેલું : "બીજેપી જીતીને હારી, કોંગ્રેસ હારીને જીતી."

બીજેપી અને કોંગ્રેસને મળેલી બેઠકોમાં માત્ર ૧૯ બેઠકોનો ફરક કેમ રહ્યો? આ ફરકની પશ્ચાદભૂમિકા સમજી લેવા સરખી, રસપ્રદ છે.

ગુજરાતમાં વસતા કુલ્લે ગુજરાતીઓના ૮૦-૯૦ ટકા લોકો હૃદયથી, મનથી (ટ્રેડિશનલ) રૂઢિચુસ્ત અને ધાર્મિક વલણવાળા છે. તેઓ પ્રગતિશીલ છે, પણ તે વેપાર, ધંધા અને ઉદ્યોગોની ખિલવણી પૂરતા છે. વેપાર, ધંધા અને ઉદ્યોગોમાં ગુજરાતીઓનું વલણ પ્રગતિશીલ ખરું, પણ જેવી રાજકારણની બાબત સામે આવે એટલે તુરત જ ગુજરાતી રક્તમાંની રૂઢિચુસ્તતા તેમના પર હાવી થઈ જાય છે. આ રૂઢિચુસ્તતા અને ધાર્મિકતા ગુજરાતી રક્તમાં વણાઈ ગયેલા છે.

આઝાદી મળ્યા પહેલાની કોંગ્રેસ સંસ્થામાં જે ગુજરાતીઓ અગ્રણી હતા તેમાં ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ભારતીય વિદ્યાભવનના નિર્માતા, ચૌલુક્ય ગ્રંથાવલીના લેખક કનૈયાલાલ મુન્શીની કારકિર્દી પર નજર ફેરવીએ તો આ ધાર્મિકતા અને રૂઢિચુસ્તતા સ્પષ્ટ સામે આવે છે.

ધાર્મિકતા, ગુજરાતમાં લાગણીપ્રધાન બાબત છે. દેશના ભાગલા પડ્યા પછી નવાબી રિયાસતવાળું જૂનાગઢ જ્યારે ભારત સાથે જોડાયું ત્યારે રિયાસતી ખાતાનાં અને ગૃહપ્રધાન વલ્લભભાઈ પટેલે જૂનાગઢના નવા વહીવટીતંત્રને જે સંદેશો મોકલેલો તેમાં એમણે 'જય હિંદ' નહોતું લખ્યું પણ 'જય સોમનાથ' લખેલું.

૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચારની શરૂઆતમાં ડેવલપમેન્ટ - વિકાસનો મુદ્દો આગળ ધરાયો હતો પણ ઝબકારાની જેમ તે ઝબકી ગયો, બસ! એટલું જ. આખોય ચૂંટણી માહોલ બીજેપી દ્વારા ગુજરાતની અસ્મિતા, ગુજરાત - ગૌરવનો બનાવી દેવાયો. ગુજરાતના બહુમતી લોકોને એમ માનતા રહેવાનું ગમતું રહ્યું છે કે ગુજરાતને અન્યાય થતો રહ્યો છે. દિલ્હીમાં કોંગ્રેસના મણિશંકર ઐયરે નરેન્દ્ર મોદીને કંઈ હકીકતમાં 'નીચ' કહ્યા નહોતા. એમણે જે કહેલું તે એમ હતું કે મોદીજી લો લેવલના, એટલે નીચલી કક્ષાના છે. અંગ્રેજી શબ્દ Law Level (લો લેવલ)ને મારી - મચડીને 'નીચ' શબ્દમાં મોદીજી, અમિત શાહજી અને બીજેપીના બધાએ ફેરવી નાખ્યો. ઐયરે અંગ્રેજી 'લો લેવલ' શબ્દ પણ વાપરવો જોઈતો નહોતો એ નક્કી જ. પણ લો લેવલ શબ્દને હાથો બનાવીને મોદીજીએ પહેલાં એમ કહ્યું કે મને 'નીચ' કહીને મારૂં અપમાન કરાયું છે. પછી વધારીને કહ્યું કે આ તો ગુજરાતનું અપમાન છે. પછી વધુ વધારીને, રબ્બરની જેમ કહ્યું કે આ આખા દેશનું અપમાન છે. મણિશંકર ઐયરે મોદીની જ્ઞાતિનું, જાતિનું કે આર્થિક સ્થિતિનો ઉચ્ચાર પણ નહોતો કર્યો, પણ મોદીજીએ પૂરી સીફતથી તેને ગુજરાતની અસ્મિતા, ગુજરાત - ગૌરવનો મહાપ્રશ્ન બનાવી દીધો. તેની સાથે સાથે, ગુજરાતના ૨૦૦૨ના રમખાણોના અનુસંધાને એમના માટે વપરાયેલું વાક્ય 'મૌતકા સોદાગર'ને પણ જોડી દીધું. આ બધું અધૂરું હોય તેમ એમણે એમ પણ કહ્યું કે પાકિસ્તાનમાં એમના માટે, એમની હત્યા માટે 'સુપારી' પણ અપાઈ હતી. વાતનું વતેસર હજી કરતાં એમણે ઐયરને ત્યાં ડીનર માટે એકઠા થયેલા ઐયરના મહેમાનો જેમાં માજી વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘ પણ હતા, એમના માટે તો એટલી બધી ક્લિષ્ટ ટીકાઓ અને અનપાર્લામેન્ટરી શબ્દો વાપર્યા કે જેના પરિણામે, ચૂંટણીના પરિણામો પછીની સંસદની શિયાળુ સત્રનું કામકાજ થઈ જ ન શક્યું. આખરે નાણાં મંત્રી અરુણ જેટલી મારફતે મોદીજીએ સંસદામાં માફી માંગી અને ડૉ. મનમોહન સિંઘ માટે તો અમને ખૂબ જ માન છે - વગેરે કહેવું પડ્યું.

ચૂંટણી દરમ્યાન એમની જંગી જાહેર સભાઓમાં મોદીજીએ વારંવાર ફેરવી ફેરવીને રાહુલ ગાંધી માટે એમ કહ્યા કર્યું છે કે વંશવાદી છે. રાહુલ ગાંધીએ એમની કોઈ પણ પ્રચારસભામાં નેહરુના નામથી મત નહોતા માંગ્યા, ઇંદીરા ગાંધી કે રાજીવ ગાંધીના નામથી મત નહોતા માંગ્યા — છતાં એ વંશવાદી? રાહુલ ગાંધી મંદિરોમાં દર્શન કરવા ગયા તો મોદીજી, અમિતજી અને બીજેપીના ગુજરાતમાં ઠલવાયેલા કેન્દ્રિય પ્રધાનો અને આર.એસ.એસ. (RSS)ના આગેવાનોએ સવાલો કરવા માંડ્યા કે રાહુલ ગાંધી જાહેર કરે કે એ હિંદુ છે! વિકાસની વાત તો ઓગળી જ ગઈ. અદૃશ્ય જ થઈ ગઈ. રાહુલ ગાંધી મંદિરોમાં દર્શને કેમ જાય છે? હિંદુ છે કે નહીં? — આ મુદ્દો બીજેપીએ મહત્ત્વનો મુદ્દો બનાવી નાખ્યો.

ત્યારે પ્રતિ જવાબમાં રાહુલ ગાંધીએ શું વલણ, વર્તન, બતાવ્યું? અમદાવાદના દૈનિક 'ગુજરાત સમાચાર'ના તા. ૧૩ ડિસેમ્બર, ૨૦૧૭ના ઇસ્યુ (અંક)ના છઠ્ઠા પાના પરના અહેવાલના કેટલાક ભાગ શબ્દશઃ અહીં નીચે ઉતાર્યા છે, જેના પરથી વાચકો પોતાનો અભિપ્રાય બાંધી

શકશે :

*"ગુજરાતીઓએ મને એટલો પ્રેમ આપ્યો છે કે હું જિંદગીભર નહીં ભૂલું.*

*"....વિધાનસભાની ચૂંટણીમાં મને એવું હતું કે ભાજપ કોંગ્રેસ સામે આક્રમક રીતે પ્રચાર કરશે પણ એવું થયું નહીં. ભાજપ કોઈ સજ્જડ મુદ્દા સાથે ચૂંટણી મેદાને ઉતર્યું જ નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણોમાં વિકાસ, ભ્રષ્ટાચાર જેવા શબ્દો જ ગૂમ થઈ ગયા છે. સી પ્લેનમાં પ્રધાનમંત્રી ફરે તો કોઈ વાંધો ન હોઈ શકે, પણ ગુજરાતની સમસ્યાનું શું? ૨૨ વર્ષના શાસનમાં ગુજરાત માટે શું કર્યું, તે વિશે કેમ એક હરફ ઉચ્ચારતા નથી?....*

*"...શું મંદિરમાં જવું ગુનો છે? જ્યાં જ્યાં કોંગ્રેસની રેલી, સભા હતી તે શહેર-ગામના મંદિરમાં હું ગયો છે. મેં મંદિરોમાં જઈને ખુશહાલ ગુજરાત માટે પ્રાર્થના કરી છે... વડાપ્રધાન મારા વિશે ગમે તે બોલે, પણ હું મારી જીભે તેમના વિશે એક પણ અશોભનીય શબ્દ બોલીશ નહીં. પ્રેમની રાજનીતિ હોવી જોઈએ... ગુજરાતમાં ૪૫ હજાર હેક્ટર જમીન ૧ રૂપિયાના ભાવે ઉદ્યોગપતિઓને આપી દીધી. કરોડો રૂપિયાની ખેરાત ઉદ્યોગપતિઓને કરી દેવાઈ, પણ ખેડૂતોના દેવા માફ કરવા ભાજપ સરકાર પાસે નાણાં નથી. ૨૨ વર્ષના શાસનમાં ઉદ્યોગપતિઓને મળ્યું, પ્રજાને શું મળ્યું? ગરીબ - મધ્યમ (વર્ગની) જનતાને ફાળે મોંઘું શિક્ષણ, મોંઘી તબીબી સારવાર છે. મોંઘવારી વધી છે પણ પગાર વધે નહીં – આ ક્યાંનો ન્યાય?...."*

(રાહુલ ગાંધીનું ક્વોટેશન પૂરું)

ભાજપ શું કે કોંગ્રેસ શું – આ બંને પાર્ટીઓએ જે ઉમેદવારોને ચૂંટણી જંગમાં ઉતાર્યા તેઓ મધ્યમ વર્ગની, ખેડૂતોની, નીચલા અને પછાત કે કારીગર વર્ગની પારાવાર મુશ્કેલીઓ અને આર્થિક કઠિન વિટંબણાઓ ખ-રે-ખ-ર સમજી શકશે?

દ્વારકામાંથી છ ટર્મથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટાતા રહેલા પબુભા માણેકે ૨૦૧૨માં પોતાની સંપત્તિ ૩૧ કરોડ રૂપિયાની બતાવેલી. માત્ર પાંચ જ વર્ષમાં, ૨૦૧૭માં એમણે નોમિનેશન સાથે આપવી પડતી એફિડેવિટ (સોગંદનામા)માં હમણાંની તારીખે પોતાની સંપત્તિ ૬૭ કરોડની જાહેર કરી છે. એમનો અભ્યાસ ગુજરાતી ધોરણ-૩ સુધીનો છે અને ધંધો ખેતીનો છે. કોંગ્રેસના રાજકોટ-૬૯ પશ્ચિમની બેઠક પરના ઉમેદવાર ઈન્દ્રનીલ રાજ્યગુરુએ પોતાના સહિત પરિવારની સંપત્તિ ૧૪૧ કરોડની જાહેર કરી છે. એમનો વ્યવસાય બાંધકામ, ડેવલપર અને સર્વિસ સેક્ટરનો છે. એમના વાહનોમાં રૂા. ૨.૭૫ કરોડની લેંબોર્ગિની કાર, બીએમડબલ્યુ કાર, વૉક્સ વેગન બીટ્સ, લેન્ડ રોવર, હોન્ડા, મારૂતિ એસ્ટીમ, ઈનોવા કાર, ટોયોટા કાર, મારૂતિ વેન, ઝેન, ટોયોટા ક્રેમિ, ટ્રેક્ટર, ટ્રેક્ટર ટ્રેઈલર, જીપ, બે પોલો કાર વગેરે એમ મળી સોળેક વાહનો છે. તેઓ ગુજરાતના લગભગ બધા જ ઉમેદવારોમાં સૌથી ધનીક ગણાવાયા છે. કચ્છ ભુજ વિસ્તારમાં સિટિંગ ધારાસભ્ય તરીકે રહેલા અને ભાજપ તરફથી ફરીથી ઉમેદવારી નોંધાવનારા ડૉ. નીમાબેન આચાર્યની સંપત્તિ ૨૦૧૨માં રૂા. ૭.૭૫ કરોડની હતી. તેઓ ૨૦૧૭ સુધીના ૫ વર્ષમાં બીજા ૭૭ લાખ વધારી શક્યા છે. એટલે કે રૂા. ૮.૫૨ કરોડની સંપત્તિ ધરાવે છે. આ સંપત્તિ માત્ર એમની જ છે, એમના પતિ ભાવેશ આચાર્યની સંપત્તિ ૨૬ કરોડ ૨૧ લાખની હોવાનું એમના સોગંદનામામાં જણાવાયું છે. કુલ્લે ૧૮૨ ચૂંટાયેલા વિધાનસભ્યોમાંથી ૭૭ ટકા કરોડપતિઓ છે અને ૨૬ ટકા ગંભીર ગુનાઓમાં સંડોવણીવાળા છે.

ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં જેઓએ ઝુકાવ્યું તેવા મહાનુભાવોનું તો ઉપર જણાવેલી વિગતો પ્રતીક માત્ર છે. પૂરા ૧૮૨ બેઠકો પરના જીતેલા કે નહીં જીતેલાઓની જો ચકાસણી કરાય તો ખ્યાલ આવે કે કેટલા સેવાધારી છે અને કેટલા મેવાધારી છે!

ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા અને ભાજપને ૯૯ બેઠકો મળી, કોંગ્રેસને ૭૭ + ૩ એમ ૮૦ બેઠકો મળી. મુખ્ય પ્રધાન અને બીજા પ્રધાનોના શપથવિધિ પ્રસંગને મોદીજીએ મહાન વિજયોત્સવમાં ફેરવી કાઢ્યો. કોંગ્રેસ મુક્ત ભારતનું એમનું સપનું ગુજરાતના ૪૮ ટકા મતદારોએ રોળી નાખ્યું. જો મોદીજી ઐયર, નીચ, પાકિસ્તાનનું અહમદ પટેલને ગુજરાતના ચીફ મિનિસ્ટર બનાવવાના કપોળ કલ્પિત કારસાના કાગનો વાઘ ન બનાવ્યો હોત તો ગુજરાતમાં ૨૨ વર્ષો પછી કોંગ્રેસ સત્તા પર આવવાની ૯૯ ટકા શક્યતા હતી. ખેર! ચૂંટણીના પરિણામોમાં કોઈ પણ એક પક્ષ જ જીતી શકે છે અને એક પક્ષે તો બીજા પાંચ વર્ષની રાહ જોવાની જ હોય છે. એનું જ નામ લોકશાહી છે.

*૭, ડફોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન,*
*તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨*

**૨૦૧૮ : નવા વર્ષની શુભ કામના**

*ખીલશે નવા રંગ, પથરાશે ઉજાશ*
*કલાપ્રેમથી ભીંજાશે તમારો મિજાજ*
*સાક્ષી પૂરશે અમદાવાદ શહેર...*
*આંગણે આવ્યો અનન્ય ઉત્સવ.*

કચ્છ


# કચ્છના કિલ્લાઓમાં નિરખાતું કચ્છ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

નૃપતંત્ર કે રાજાશાહી સમયે પ્રજાનું પાલન કરવા તથા રક્ષણ કરવાની જવાબદારી શાસકની રહેતી. કચ્છના તાલુકાઓમાં આજે પણ ખંડિત હાલતમાં શહેર કે ગામની ફરતે કિલ્લા કે કોટ દૃશ્યમાન થાય છે. આ કિલ્લાઓનો રસપ્રદ ઈતિહાસ, ઈતિહાસકારોએ નોંધેલ છે. પુરાતત્ત્વનો વિજ્ઞાન તરીકે સ્વીકાર ૧૯મી સદીમાં થયો છે. જ્યારે ૨૦મી સદીમાં તે વિજ્ઞાનનું પ્રમાણભૂત સાધન બનેલ છે. પંડિત મલ્લીનાથ વર્ણવે છે કે, "સત્ય કથન કરતું વિજ્ઞાન એટલે જ ઈતિહાસ." ઉત્ખનન દ્વારા મળતી અનેક ચીજવસ્તુઓ, જેવી કે ભગ્ન મહેલો, સિક્કાઓ, ગુફાઓ, કિલ્લાઓ, હાડપિંજરો, ખોપરીઓ, માટીના વાસણો, ઈતિહાસને આકાર આપે છે. એ પ્રાચીન સમયને ઉજાગર કરે છે.

ઈ.સ. ૧૭૮૪માં આપણા દેશમાં કલકત્તા મધ્યે રોયલ એશિયાટીક સોસાયટી સ્થપાઈ. ઈ.સ. ૧૭૮૮માં "એશિયાટીક રિસર્ચ" નામનું મેગેઝિન શરૂ થયું. કચ્છના સ્થાપત્યો કહો કે સ્મારકોનું સર્વેક્ષણ ઈ.સ. ૧૮૭૪-૭૫માં જેમ્સ બર્ગેસે કર્યું. ઈ.સ. ૧૮૭૬માં લંડનથી તે વિગતો બર્ગેસે પ્રકાશિત કરી. જેમાં ભગવાન સ્વામિનારાયણની અવતારિતાની વિગતો સમાવિષ્ટ છે. તે આવૃત્તિનું નામ છે : "The Indian Antiquary – Journal of Oriented Research" – *James Burges.* કચ્છ પર અવારનવાર આક્રમણો થતા રહેતા. રાવશ્રી દેશળજી પહેલાના દીવાન દેવકરણ શેઠે પ્રજાના સંરક્ષણ બાબતે કિલ્લાઓ બંધાવવા



*ભુજ શહેરના રક્ષતા કોટ મધ્યે પાંચ નાકા હતા તેમાંનું રમણિય મહાદેવ નાકુ.*

અર્થાત્ ગામ શહેર ફરતે, રાજમહેલ ફરતા કોટ બંધાવવા ભલામણ કરી. જે એ સમયે જ અમલમાં મૂકવામાં આવી. આજે કચ્છમાં ઠેર ઠેર કિલ્લાઓ દૃશ્યમાન થઈ રહ્યા છે. અલબત્ત ભૂકંપ, વાવાઝોડાં આદિની અસરો સ્થાપત્યો પર થયેલી છે.

પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં અર્થાત્ મનુસ્મૃતિ, બ્રહ્મપુરાણ, અગ્નિપુરાણ, મહાભારત, રામાયણ આદિમાં કિલ્લાઓની માહિતી પ્રાપ્ત થાય છે. કિલ્લો એટલે દુર્ગ. દુર્ગ છ વિભાગમાં વિભાજિત છે : (૧) મનુષ્ય દુર્ગ, (૨) મહી દુર્ગ, (૩) વન દુર્ગ, (૪) ગિરી દુર્ગ, (૫) વન દુર્ગ, (૬) જલ દુર્ગ.

ભુજમાં ભુજિયો અને રોહા-સુમરીનો કિલ્લો ડુંગર પર બંધાયા છે. ભુજમાં શાસકના નિવાસ સ્થાન ફરતે કોટ છે. જે કોટને અંતરે વેલવાણની વંડી પાસે મનોવિલાસ બારી, ધાબાણ શેરી પાસે બારી, ભગ્નાવસ્થામાં ભૂકંપ બાદ જોવા મળે છે. ભુજ શહેરમાં મહાદેવના નાકે આલમપનાહ ગઢ, ૫૧ કોઠા સાથે પાંચ નાકા, વાણિયાવાડ નાકુ, પાટવાડીનું નાકુ, સરપટ નાકુ, ભીડનું નાકુ, મહાદેવ નાકુ તથા વાણિયાવાડ નાકા વચ્ચે છઠ્ઠી બારી હતી. આ નાકાઓ જાળવી રખાયા છે. ગઢ કે કિલ્લા જમીનદોસ્ત થતા ગયા. વસાહતો ઊભી થતી રહી – કિલ્લાની લંબાઈ પાંચ કિ.મી., દીવાલો ૩૫ ફૂટ ઊંચી તથા ચાર ફૂટ પહોળી.

ભુજિયો ડુંગર ૪ કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવે છે. દરિયાઈ સપાટીથી ૮૩૦ ફૂટની ઊંચાઈએ તે સ્થિત છે. ઈ.સ. ૧૭૭૯માં

(અનુ. : જુઓ પાના નં.-૧૮ ઉપર)

કચ્છ

# કચ્છી કલા કારીગરી



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, પાછો રણોત્સવ ચાલુ થયો છે. ત્યારે આપણા કચ્છમાં આવતા પ્રવાસીઓને કચ્છ વિશે જાણકારી મળે તે જરૂરી છે. આથી જ 'કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા'. આવી જ એક કચ્છની કારીગરી જાણીએ અને માણીએ. પ્રિન્સ ચાર્લ્સના લગ્નમાં દેશ-વિદેશથી રાજા-મહારાજાઓ, રાજનેતાઓ, બિઝનેસમેન અને કલાકારો નિમંત્રિત કરવામાં આવ્યા હતા. બકિંગહામ પેલેસમાં ઉપસ્થિત હજારો મહેમાનોમાંના એક હતા કચ્છના વટાવકામના વિશ્વવિખ્યાત કલાનેત્રી તેજીબેન મકવાણા. કચ્છી વેશભૂષામાં સજ્જ તેજીબહેને ઈંગ્લેન્ડના મહારાણી એલિઝાબેથને કટાવકામનો ચાકળો ભેટ આપ્યો હતો. એ જોઈને અત્યંત આનંદિત થઈ ગયેલા ક્વિને તેમને મુઠ્ઠી ભરીને ચાંદીના સિક્કા ભેટમાં આપ્યા હતા. આ છે કટાવકામનું મૂલ્ય. કચ્છનું કટાવકામ દેશ-વિદેશમાં વિખ્યાત છે. કચ્છી સન્નારીઓના મનની ભાત કાગળ પર ઉતરે છે ત્યારે એક અજબ જાદુ સર્જાઇ જાય છે.

એમાં માત્ર વસ્ત્ર, કારીગરી કે રંગો નથી હોતા. ભાવનાઓ અને વેદનાઓ પણ હોય છે. પરંપરા અને રૂચિઓ પણ પ્રતિબિંબિત થાય છે. કટાવકામ એ કચ્છની ગૃહિણીઓએ અને બહેનો દીકરીઓએ ઘરકામ પૂરું કર્યા પછી બપોરના નિરાંતના સમયમાં વિકસાવેલી કળા છે. સમૃધ્ધ ઘરની સન્નારીઓ નવા કાપડમાંથી કટાવકામ કરે છે તો ગરીબ ઘરની મહિલાઓ જૂના વસ્ત્રોનું રીસાઇકલિંગ કરીને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની શૈલીને અનુસરે છે. તેમાં કાપેલું, કોરેલું, જોડેલું, ચોડેલું એવા વિધવિધ પ્રકાર પડે છે. હસ્તકળા ક્ષેત્રે ભારે વિવિધતા ધરાવતા કચ્છમાં લેધર વર્ક સૌથી પુરાણું અને સૌથી વધુ વપરાતું 'નોન ટેક્ષટાઈલ વર્ક' તરીકે જાણીતું છે.

સિંધ અને રાજસ્થાનથી સદીઓ પહેલા સ્થળાંતર કરી ચૂકેલા મારવાડા મેઘવાળ સમાજના ૮૦થી ૧૦૦ કારીગરો કચ્છના પાંચ-છ વિસ્તારોમાં ફેલાઇને ચામડામાંથી બનાવેલી ચીજવસ્તુઓને આધુનિક ટચ આપીને બજારમાં ટકાવી રહ્યા છે. અગાઉ ચામડાની કળા વડે હાથપંખા, ચંપલ, મોજડી, અરીસાની ફ્રેમ અને નાના લાલટેન બનાવવામાં આવતા હતા. જેમાં હવે બેલ્ટ, પાકીટ, નાના-મોટા થેલા અને રમકડાં બનાવવામાં આવી રહ્યા છે. માલધારી સમુદાય સાથે નજીકથી જોડાયેલા મેઘવાળ સમાજના કારીગરો ઘેટા, બકરા અને ઉંટના ચામડા વડે રોજિંદા ઉપયોગની કળાત્મક ચીજવસ્તુઓ બનાવી રહ્યા છે. બન્નીના હોડકો, ભીરંડિયારા જેવા ગામો ઉપરાંત સુમરાસર, પ્રાગપર, ભુજ અને ખાવડાના કારીગરો લેધરવર્ક માટે પ્રખ્યાત છે. સામાન્ય રીતે લેધરવર્કમાં ત્રણ પ્રકારની કળાનો ઉપયોગ થાય છે જે તોરણિયા, પંચિંગ અને જરીવર્ક તરીકે ઓળખાય છે. ચામડાની બનાવેલી ચંપલ અને મોજડીની કિનારી પર રેશમી દોરા અને મોતીનો ઉપયોગ કરી માછલી, મોર, બુટી જેવી ડિઝાઇનો બનાવવામાં આવે છે, જે તોરણિયા તરીકે ઓળખાય છે. તો પર્સ તથા અરીસાની ફ્રેમમાં પંચના ઉપયોગથી નાના-મોટા કાણાની ડિઝાઇન કરવામાં આવે છે, જે પંચિંગ તરીકે જાણીતી છે. આ સિવાય જરીના દોરાના ઉપયોગથી બનાવવામાં આવતી વિવિધ ડિઝાઇનો જરીવર્ક તરીકે જાણીતી છે. ■

---

## કચ્છના કિલ્લાઓમાં નિરખાતું કચ્છ

**(અનુ. : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

રાવશ્રી દેશળજી પહેલાએ અંજાર શહેરમાં આલમપનાહ ગઢ બંધાવ્યો છે. તેને પાંચનાકા : (૧) દેવળિયા, (૨) સવાસર, (૩) ગંગા નાકુ, (૪) બારોઈવાળું, (૫) વરસામેડી નાકુ. જમાદાર ફતેહ મહમદે લખપતનો કોટ બંધાવેલો. ભુજવાળુ, બંદરવાળું તથા વાડીવાળું નાકુ એમ ત્રણ નાકા છે. સિંધડીનો કિલ્લો છે. માંડવી મધ્યે ગઢ ભારમલજીએ બંધાવેલો. જે ૪ ફૂટ પહોળો, ૨૬ ફૂટ ઊંચો, ૮,૨૨૦ ફૂટ લાંબો હતો. આ ગઢને નાકા હતા. જે બારીવાળું, તળાવવાળું, બંદરવાળું નાકુ, ભીડનું નાકુ, ભૂતડાવાળી નાકુ આદિ. સને ૧૭૨૮માં દીવાન શ્રી દેવકરણ શેઠે મુંદ્રા શહેર ફરતે કોટ ચણાવ્યો. જેમાં ચાર નાકા હતા. શાહ બુખારીવાળું નાકુ, બારોઇવાળું નાકુ, ભીડભંજનવાળું નાકુ, નદીવાળું નાકુ.


કચ્છની ઐતિહાસિક ઘટનાઓના સાક્ષી તરીકે આજે પણ ભગ્નાવસ્થામાં કચ્છમાં કિલ્લાઓ દશ્યમાન થઇ રહ્યા છે.

*"સહજાનંદ", ૬-એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કારનગર રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

વાર્તા

## આફ્ટર શોક – પાછેતરા કંપનોની શ્રેણી...

# અખિલાનંદ બાપુ



બલવીરસિંહ જાડેજા

*ધરતીકંપ!!!... નામ વાંચતા કે સાંભળતા જ મનમાં ભયાનકતાની લાગણી અનુભવાય. ભૌતિક, શારીરિક, સામાજિક, માનસિક કે ભૌગોલિક જેવા અકલ્પ્ય ફેરફારોની વાસ્તવિક્તા આંખ સામે તાદશ્ય થાય. મોંહે જો ડેરો, અલ્લા જો ડૅમ કે કચ્છના ભૂતકાળના ધરતીકંપો ઈતિહાસના પાનાઓ ઉપર અંકિત થઈને રહી જાય. એક આડ વાત – આ વાર્તા લેખકના પરદાદાઓની જાગીર, અલા જો ડૅમના ઉદ્‌ભવ પહેલાં, જ્યાં સિંધુના વહેણથી ડાંગરના ખેતરો લહેરાતા હતા ત્યાં હવે સૂકી ભઠ્ઠ, બંજર જમીનના સાક્ષી. છારી, ફૂલાય, ઊઠોંગડી વગેરે જેવા હવે તો માત્ર કચ્છના સરહદી ગામો રહી ગયા છે.*

ભુજની પાણી પુરવઠાની કચેરીમાં પટાવાળા તરીકે કામ કરતા શિવગીરી ગુસાઈના ઘરે દીકરો જનમ્યો ત્યારે બાવાજીએ પહેલીવાર દીકરાને જોઈને કહ્યું, 'પાર્વતી, દીકરાની રાશિ ભલે જે આવે તે, પણ દીકરાનું નામ તો રાખશું કાર્તિકેય જ હોં...!'

'કેમ?'

'કેમ કે શિવ-પાર્વતીનો દીકરો કાં તો ગણેશ હોય કાં તો કાર્તિકેય જ હોય ને!

નહિંતર પાછુ મારે તારા નામની જેમ એનું નામ પણ બદલાવવું પડે કે નહીં? તું પરણ્યા પહેલા સીતા હતી અને હું તો શિવ જ હતો. સાસરે આવ્યા પછી ઘરનાએ તારૂં નામ કેમ બદલ્યું ખબર છે ને? શિવની પત્ની પાર્વતી જ હોય, સીતા થોડી હોય?

...અને તું બની ગઈ સીતામાંથી પાર્વતી.' બાપાજીએ જૂની વાત વાગોળતા મજાક કરી.

'ના હોં... મારે તો રાશિ પરમાણે જ એનું નામ રાખવું છે. હું તો કચ્છી પંચાંગવાળા શાસ્ત્રીજી પાસે જ એની કુંડળી બનાવડાવી, એના જોષ જોવડાવી, મારો દીકરો મોટો થઈને શું બનશે એ જાણીને એનું નામ પસંદ કરીશ.'

...અને પત્નીની જીદ આગળ શિવગીરી માની ગયા અને રાશિ પ્રમાણે દીકરાનું નામ રાખ્યું અનિલગીરી.

અનિલ, મા-બાપે બચપણમાં કહેલી વાત વાગોળતો અને માતા-પિતાએ લડાવેલા લાડને યાદ કરતો, નિસાસા નાખતો, આંસુ લૂછતો, જૂનાગઢ જતી બસમાં જઈ રહ્યો હતો. હવે કોઈ કે કાંઈ જ બચ્યું નહોતું. ઘર, મા-બાપ, પત્ની, જોડિયા બાળકો બધું ભૂતકાળ બની ગયું હતું. હવે ગીરનાર જ આશરો હતો.

કચ્છ ગુજરાતમાં ૨૬મી જાન્યુઆરીએ આવેલા ભયંકર ભૂકંપના દસ દિવસ પછી પણ કુટુંબની ભાળ ન કાઢી શકેલો કે ખંડેર થઈ ગયેલા ઘર અને રાહત છાવણીઓ કે શિબિરોમાં દિવસો સુધી ભટકી ભટકીને ભુજના આશાપુરા મંદિરથી પંચ હાટડી જવાના રસ્તે, વડીલોપાર્જિત ડેલીબંધ મકાનની હાલત જોયા પછી, "આમાં કોણ કઈ રીતે બચ્યું હોય?" સમજીને વૈરાગ્ય શરણે જવા, સાધુઓની સેવા કરવા, જૂનાગઢની બસમાં બેઠો હતો. જ્યાં રોટલો મળે ત્યાંથી આશરો શોધતો, તુલસી શ્યામના રસ્તે, આત્માનંદ બાપુના આશ્રમે, ધૂણીની આસપાસ બાપુ પાસે ટોળે વળેલા સમૂહમાં જઈને બેઠો હતો.

વાતવાતમાં તાજેતરમાં થયેલા ધરતીકંપની વાત નીકળતાં જ, કુટુંબ યાદ આવતાં જ... મોટેથી ડૂસકું મૂકાઈ ગયું.

"કેમ રડતા હૈ બચ્ચા...?" બાપુએ પૂછ્યું અને લાગણીના મોજાઓ બેકાબૂ બનતા, રડતા-રડતા જ બાપુના પગ પાસે જ નમી પડ્યો.

માથે બાપુનો હાથ અને કોઈએ લાવી આપેલ પાણી, બાપુના હાથે પીતા જ શાંતિ થઈ અને બાપુને હકીકત કહી સંભળાવી તે આ પ્રમાણે હતી.

મા-બાપે હોંશે હોંશે લાડ કરાવીને ભણાવ્યો તો ખરો, પણ બાપની સાથે, પ્રસંગોપાત ભજન ગાવા સાથે જતા અને ધીરે ધીરે અનિલની સંગીત શીખવાની હોંશ પણ પૂરી કરી. ભજનીક કે ગાયક તરીકે નામ કાઢ્યું પણ ભણવાનું પાછળ રહી ગયું. માંડ માંડ એસ.એસ.સી. અને પછી પાસ ક્લાસમાં ગ્રેજ્યુએશન તો થયું પણ નોકરી ક્યાં? ઘણી જગ્યાએ અરજીઓ અને રૂબરૂ ધક્કા ખાધા પછી અમરેલી તરફના રીટાયર્ડ થવાના આરે ઊભેલા પટેલ સાહેબે, પોતાના દીકરા અને પોતાના સાળાના દીકરાએ સુરતમાં શરૂ કરેલા હીરા ઘસવાના વ્યવસાયમાં, ક્યાંક લગાવી દેવાનું આશ્વાસન તો આપેલું પરંતુ વાયદો હકીકત બને તે

પહેલાં તો બાપાજીએ અનિલને સુરેખા સાથે પરણાવી પણ દીધો. હજી તો લગ્નના ખર્ચાના સરવાળા - બાદબાકી કરીને બચત નામે શૂન્ય થઈ ગઈ ત્યાં તો સુરેખા મા બનવાના શુભ સમાચાર પણ આવી ગયા. હવે? બાપના પગારમાંથી કેમ પૂરું થશે? નાછૂટકે ફરી, પટેલ સાહેબને હાથ જોડી વિનંતી કરી ત્યારે દીકરાની, રાધાકૃષ્ણ ડાયમંડ - સુરતમાં જોડાવા જવાનું નક્કી થયું. ભુજ તો છોડવું જ રહ્યું. હજી તો હીરા ઘસવાનું કામ શીખે તે પહેલા, માલીકની ઓફિસનો આસિસ્ટન્ટ બીમાર પડ્યો અને અનિલને એ કામ સંભાળવું પડ્યું. જો કે ખંત અને ચીવટથી વ્યવસ્થિત કામ કરતાં અનિલને, માલીકે નજરમાં રાખી લીધો અને સાથે સાથે જૂના ઓફિસ આસિસ્ટન્ટની બીમારી લંબાતા, આ કામ માટે જ કાયમી કરી દીધો. કામની ચીવટ અને વિશ્વાસથી અનિલે, શેઠના મનમાં સ્થાન તો જમાવી દીધું પણ હીરાના વ્યવસાયની જમાવટ માટે, ઘરે જવાની રજા આપવામાં, કાયમ 'ના' જ સાંભળવી પડતી. સુરેખાની ડિલીવરીનો સમય થઈ ગયો હતો. વળી ગાયનેક ડૉક્ટરે ટ્વીન (જોડિયા)નો સંકેત પણ આપી દીધેલો. જરૂરિયાત મુજબ માલીક પૈસા તો એડવાન્સમાં આપતા હતા અને અનિલને રજા માટે આશ્વાસન પણ આપેલું. પરંતુ એન્ટવર્પથી હીરા ઉદ્યોગના ડેલીગેશનની મુલાકાતને લઈને અનિલની ઓફિસમાં હાજરી જરૂરી હતી. એટલે અનિલને ભુજ જવા મળ્યું નહીં. ભગવાને આપેલા હેમંત અને હરેશ નામે પુત્ર રત્નોના ફોટાઓ જોઈને જ અનિલને સંતોષ માનવો પડ્યો. પત્ર લખી અનિલે મા-બાપ અને સુરેખાને તો સમજાવવા કોશિશ કરી પણ રૂબરૂ જઈને, સમય આવ્યે માફી માંગવાની ગણતરી કરી હતી. પણ માફી માંગવાનો સમય જ ક્યાં આવ્યો? અચાનક ૨૬મી જાન્યુઆરીના ભૂકંપે, દેશ અને દુનિયામાં કચ્છ અને ગુજરાતની ખબર અને ચર્ચા પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. અનિલને કુટુંબની ખબર લેવા પહોંચ્યા વિના કોઈ વિકલ્પ જ નહોતો. શેઠ પાસેથી પૈસા લઈને બે દિવસે માંડ માંડ ભુજ તો પહોંચ્યો, કારણકે વાહન વ્યવહાર સામાન્ય થતાં ઘણો સમય પસાર થઈ ગયો હતો. ભુજના ઘરની હાલત જોતાં કોઈ બચ્યું નહીં હોય એવી આશંકા, અને રાહત છાવણીઓ કે અન્ય સંસ્થાઓમાં ભૂકંપ પીડિત સમૂહોમાં ઘરના કોઈ સભ્યની ભાળ ન મળી ત્યારે આશંકા હકીકત બની ગઈ સમજી, હવે અહીં કોના માટે રહેવું? વિચારી જૂનાગઢની વાટ પકડી. ફરતા ફરતા અહીં આત્માનંદ બાપુના આશ્રમે પહોંચી ગયો.

"કોઈ બાત નહીં બચ્ચા. ભોલે બાબા કી યહી ઈચ્છા હોગી ઔર તુ મેરે પાસ આ ગયા. આજસે તુ અનિલ નહીં, અખિલ હૈ. અખિલાનંદ – મેરા શિષ્ય." કહીને બાપુ આત્માનંદે અનિલને અખિલાનંદ નામ આપી કંઠી બાંધી.

આત્માનંદ બાપુની સેવા-ચાકરી, આશ્રમની સારસંભાળ, ગૌશાળા અને ગાયો તેમજ ખેતીની દેખરેખ તેમજ આવતા-જતા યાત્રીઓની વ્યવસ્થા સંભાળતા અખિલાનંદને કેટલા વરસ વહી ગયા તેમજ લગભગ ભૂતકાળની ઘટનાઓ બાબા ભોળા શંભુની ભક્તિમાં ભૂલાઈ ગઈ. સમય જતા આત્માનંદ બાપુએ સમાધિ લીધી અને તે પહેલાં જ અખિલાનંદને આશ્રમનો ઉત્તરાધિકારી બનાવતા ગયા.

સત્તર-અઢાર વરસના સમયગાળા પછી, હંમેશાં પ્રવાસે આવતી નિશાળોની જેમ ભુજની શાળાના વિદ્યાર્થીઓ, ગીર-સાસણ - તુલસીશ્યામના પ્રવાસે આવ્યા છે અને 'આત્માનંદ આશ્રમ'માં રાતવાસો રહ્યા છે. જતા પહેલાં શિક્ષક પ્રજાપતિ, બાપુનો આભાર માનવા, પગે લાગવા ગયા ત્યારે બાપુએ જાણ્યું કે ભુજની શાળાના વિદ્યાર્થીઓ છે. ત્યારે જૂની યાદોનું સ્મરણ થઈ આવ્યું. "તમારા ભુજમાં આશાપુરા મંદિરથી પંચ હાટડીના રસ્તે એક શિવગીરી બાવાજીનું મકાન હતું. તમારી જાણમાં કોઈ તેમને ઓળખતું હોય તો મને એ કુટુંબના સમાચાર જણાવે અને મારા સરનામે જાણ કરે એવી વિનંતી."

"અરે બાપુ, એ તો હું પોતે જ જઈને જાણ કરીશ." પ્રવાસે પાછા ફરતાં પ્રજાપતિ સાહેબે બાળકોને જાણ કરી કે 'તમારા કુટુંબમાં કોઈને પૂછજો કે કોઈ આ શિવગીરી બાવાજીને ઓળખતા હતા કે ઓળખે છે?" એક નિમેષ નામના વિદ્યાર્થીએ જાણ કરી કે, "મારા મોટા ભાઈ વસંતના બે મિત્રો હરેશ અને હેમંત છે. તેમના સ્વર્ગવાસી દાદાનું નામ શિવગીરી હતું અને તેમનું મકાન આજે પણ આશાપુરા મંદિર પાસે આવેલું છે એટલી મને ખબર છે."

નિમેષના ભાઈ વસંતે હેમંત-હરેશને જાણ કરી. બંને ભાઈઓએ માતા સુરેખાને પૂછ્યું. સુરેખાને થયું દાદાના કોઈ જાણીતા અખિલાનંદ બાપુ હશે. માટે વિગતવાર પત્ર લખવાનું દીકરાઓને જણાવ્યું.

*"પરમ પૂજ્ય અખિલાનંદ બાપુ,*
આત્માનંદ આશ્રમ, તુલસી શ્યામ.

સવિનય શ્રી પ્રજાપતિ સાહેબ સાથે મળેલા સંદેશ મુજબ, હું અને મારો જોડિયો ભાઈ હેમંત, બંને અમારા દાદા. સ્વ. શિવગીરીના દીકરા અનિલગીરીના પુત્રો છીએ. અમારા બંને ભાઈઓ તથા મારી મા સુરેખા અને વૃધ્ધ દાદી પાર્વતીના પ્રણામ સ્વીકારશો.

કચ્છમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧માં આવેલા ધરતીકંપમાં અમારૂં મકાન પડી ગયું અને મારા દાદા શિવગીરી એમાં દટાઈને પ્રભુ શરણ ગયા ત્યારે અમે

તો ફક્ત ત્રણ જ મહિનાના હતા. પાણી પુરવઠા ખાતાના એક્ઝીક્યુટીવ એન્જિનિયર શ્રી અશોકભાઈ શાહ સાહેબે, જેમની નીચે મારા દાદા કામ કરતા હતા, તેઓશ્રી અમારું મકાન પડી જતાં, માધાપરના એમના બંગલાના આઉટ હાઉસમાં અમને લઈ જઈ, રહેવાની વ્યવસ્થા કરી. મારા પિતા અનિલગીરીની કોઈ ભાળ ન મળતાં, મારી મમ્મી સુરેખાને રહેમરાહે, મારા દાદાની જગ્યાએ નોકરી અપાવી અને અમારૂં મકાન પણ સરકારી સહાયથી ફરીવાર ઊભું કરી આપ્યું. મારી મમ્મીની સાથે સાથે અમે બંને ભાઈઓ પાર્ટ ટાઇમ ભણીએ છીએ અને નોકરી કરીએ છીએ. મારી દાદી વૃધ્ધ થઈ ગયા છે. જોઈ નથી શકતા પણ સાંભળી શકે છે. આ છે અમારી વિગત. અમારા દાદા આપને ક્યારે અને ક્યાં મળેલા કે આશ્રમે આવેલા તે મારી દાદી કે મમ્મીને ખબર નથી. આપે મારા દાદાને યાદ કર્યા તે બદલ અમે આપના ઋણી છીએ. આભાર સાથે આપનો વિશ્વાસુ હરેશ ગોંસાઈના પ્રણામ.''

પત્ર જ્યારે બાપુના આશ્રમે પહોંચ્યો અને અખિલાનંદે વાંચ્યો ત્યારે ધ્રુસકે - ધ્રુસકે રડી પડ્યા. શિષ્યોએ માંડ છાના રાખ્યા. કારણ પૂછ્યું પણ અખિલાનંદે જવાબ ટાળી દીધો. એક દિવસ વિશ્વાસુ એવા ડ્રાઇવર સાથે, નારાયણ સરોવરની યાત્રાએ જવું છે કહીને નીકળી પડ્યા.

આશાપુરા મંદિરની સાંજની આરતીનો ઘંટારવ હજી શમ્યો ત્યાં તો સુરેખાએ, આંગણામાં ''હરેશ - હેમંત''ના નામની બૂમ સાંભળી. ઓસરીમાં ખાટલામાં આડા પડેલા, દેખી નહીં શકતા પણ સાંભળી શકતા પાર્વતી માએ, ''કોણ છે ભાઈ?'' સામે પૂછ્યું.

અખિલાનંદના લાગણીના બંધનો પોતાની જનેતાને જોઈ, અવાજ સાંભળી છૂટી ગયા અને જઈને પાર્વતી માના પગ પકડી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. રસોડામાંથી બહાર આવેલી સુરેખાએ, માના પગ પકડી, ટ્યુબ લાઇટના આછા અજવાળામાં જોયું તો, દાઢી જટાધારી રડતા સાધુને જોઈને આશ્ચર્ય સાથે ગભરાટથી કાંઈ બોલી શકી નહીં. સાંજ થયે, નોકરી પરથી ઘરે આવેલા, હરેશ - હેમંતે ઘર પાસે પડેલી જીપ અને આંગણામાંથી દેખાતા, દાદીમાના પગ પકડી રડતા સાધુને જોઈને, આશ્ચર્ય સાથે અવાક્ થઈ ગયા કે ઘરમાં શું બની રહ્યું છે તેનો ખ્યાલ ન આવ્યો.

''મહારાજ... બાપુ... લ્યો પાણી પીઓ. ઊભા થાવ મહારાજ. આપ કોણ છો?'' કહી સુરેખાએ પાણીનો લોટો મહારાજ સામે ધર્યો.

''સુરેખા, હું એક વખતનો તારો પતિ અનિલગીરી. પણ પણ... હવે સાધુ અખિલાનંદ. મેં તો તમને ધરતીકંપના સમાચાર મળતા જ સુરતથી આવીને ચાર-પાંચ દિવસ ખૂબ તપાસ કરીને શોધ્યા પણ ક્યાંય નહીં મળતા ધરતીકંપમાં દટાઇ ગયા સમજી, હવે મારૂં કોણ? માનીને સંસાર ત્યાગી દીધો.''

બધાને બેસાડી પૂરી વિગત કહી ત્યારે સૌ નસીબે રમાડેલ રમત માટે અફસોસ સિવાય શું કરી શકાય એ જ વિચારતા રહ્યા.

સુરેખાને તો આટલા વરસે પરત આવેલા પતિ અને બંને દીકરાઓને જીવનમાં પહેલીવાર મળતા પિતા અને પાર્વતી માને આટલા વરસે પાછો આવેલો દીકરો, પણ સાધુ સ્વરૂપે.... ખુશ થવું કે નિરાશ — કાંઈ સમજણ નહોતી પડતી. છતાં પાર્વતી માએ કહ્યું, 'સુરેખા, તું કંસાર બનાવ. ભલે ગમે તે રૂપે પણ અનિલ પાછો ઘરે તો આવ્યો છે. અને દીકરા અનિલ, જમી-પરવારી તું મને ઘણા વરસો પછી, પહેલા ગાતો હતો તે ભજનો સંભળાવ. બસ, એટલી મારી ઇચ્છા છે.'

સુરેખાએ હોંશથી જમવાનું બનાવ્યું. અખિલાનંદ અને ડ્રાઇવર શિષ્યે પેટ ભરીને માના આગ્રહથી સૌ સાથે બેસી ભોજન લીધું. બાજુના આશાપુરા મંદિરમાંથી એકતારો, તબલા અને હાર્મોનિયમની સાથે વગાડવાવાળા પણ, જેવી જાણ થઈ તે સૌ અખિલાનંદને જોવા - સાંભળવા એકઠા થયા.

પ્રથમ સમરૂં ગણપતિ દેવાથી શરૂ થયેલી ભજનોની રમઝટ મોડી રાત સુધી વીજળીના ચમકારે મોતીડા પરોવો રે પાનબાઇ... જેવા ભજન વહેલી પરોઢે પૂરા થયા ત્યારે આનંદ, ઉલ્લાસ અને સંતોષ સાથે સાંભળનારાઓએ અખિલાનંદ બાપુને પગે લાગી વિદાય લીધી. સૌ ઓસરીમાં જ પાર્વતીમા ના ખાટલા પાસે સૂતા.

સવારે હંમેશની જેમ વહેલી ઉઠેલી સુરેખા પાર્વતીમાને જગાડવા ગઈ ત્યારે પાર્વતીમાનું શરીર ઠંડું અને મુખ પર સંતોષની આભા સાથે મોટે ગામતરે જવા નીકળી ગયા હતા.

અખિલાનંદ, હેમંત - હરેશ અને સુરેખાએ સાથે જ માતા પાર્વતી માને, મુખાગ્નિ આપી અગ્નિસંસ્કાર કર્યા.

ઘરે આવી અખિલાનંદે બંને સંસારીના પુત્રો અને સંસારી પત્નીની હાથ જોડી રજા માંગી. ''હું તો મારા ગુરૂના વચને સંન્યાસી બન્યો છું. સાધુ તો ચલતા ભલા...'' કહીને સૌને આંસુ સારતા મૂકીને અખિલાનંદે નારાયણ સરોવરની યાત્રા માટે વાટ પકડી ત્યારે એકઠા થયેલા સૌની સાથે સુરેખા અને હરેશ - હેમંતે પણ સ્વામી અખિલાનંદની જય... બોલાવી વિદાય આપી.

આ હતું ધરતીકંપ પછીનું આટલા વરસે આવેલું છેલ્લું કંપન.

(સંપૂર્ણ)

*૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,*
*ચાઇલ્ડ કેર હોસ્પિટલ પાછળ,*
*પ્રોફેસર કોલોનીની સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

# ડી. એન. પોલીટેકનીક

## ધો. ૧૦ - ધો. ૧૨ પાસ-નાપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

સરકાર માન્ય તેમજ ખાનગી ડિપ્લોમા
* ઈલેક્ટ્રોનિક્સ એન્જી.
* કોમ્પ્યુટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર નેટવર્કીંગ એન્જી.
* ઈલેક્ટ્રીકલ એન્જી.
* રેફ્રીજરેશન એન્ડ એ.સી. એન્જી.
* સિવીલ - મિકેનીકલ એન્જી.



૧૦૦% નોકરી
તાલીમ પ્રાપ્ત કરનારને પ્રમાણપત્ર

**આપ પણ ફેશન ડિઝાઈનર બની શકો છો !!!**

એન્જી. ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડિપ્લોમા એન્જી. થઈ શકો છો...**

❖ ખૂબ જ નજીવી ફીમાં અભ્યાસ, નોકરી, ધંધાની સાથે પણ આ કોર્ષ થી શકે તે મુજબની વ્યવસ્થા.

❖ દરેક વિદ્યાર્થીને સ્વતંત્ર પ્રેક્ટીકલ મળી શકે તેવી વિશાળ પ્રેક્ટીકલ લેબ.

**મળવા માટે સમય : ૧૧-૦૦ થી ૬-૦૦**







હેડ ઓફીસ : મોરલીધરની પોળ, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૬૧૪૦૧

બ્રાન્ચ : (૧) મોરલીધરની વહેરો, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ-૧. ફોન : ૨૨૧૪૯૭૬૫
(૨) પટેલ વાડી, ઘંટી બસ સ્ટેન્ડ સામે, બાપુનગર, અમદાવાદ. ફોન : ૨૨૭૬૨૭૦૦
(૩) દીપજયોત કોમ્પ્લેક્ષ, દેવી સિનેમા સામે, બેઠક પાસે, નરોડા, અમદાવાદ. ફોન : ૨૨૮૧૪૨૩૫
(૪) શાયોના સ્કૂલ કેમ્પસ, રામેશ્વર મહાદેવ સામે, મેઘાણીનગર, અમદાવાદ. ફોન : ૨૨૬૮૫૩૩૩
(૫) ઝંડા ચોક, બેંક ઓફ ઈન્ડીયા સામે, વાપી, વલસાડ. ફોન : ૦૨૬૦-૨૪૬૨૫૮૮

Email : dnpolytechnic@gmail.com | www.dnpolytechnic.org

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

# શ્રેષ્ઠ અભિનેત્રી સ્વ. નરગિસ અને શ્રેષ્ઠ વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નેહરુ કયા સંયોગે 'મામા-ભાણેજી' બન્યા?

રસપ્રદ અતીત

• રજનીકુમાર પંડ્યા •

હમણાથી આગલા દોઢસો વર્ષો દરમ્યાન બનતી રહેલી અવનવી ઘટનાઓનો આ શાબ્દિક અરીસો છે.

★

ઉત્તર પ્રદેશના ચીલબીલા નામના એક ગામનો મિયાંજાન નામનો એક સારંગીવાદક એક મધરાતે અચાનક સફાળો બિછાનામાંથી બેઠો થઈ ગયો. એની પત્ની અને એક પુત્રી મલિકા પણ ઉંઘરેટી આંખે બારણા તરફ જોઈ રહ્યા. કોઈ જોરજોરથી દરવાજો ખટખટાવતો હતો. કોણ હશે આ અડધી રાતે? તવાયફો એટલે વેશ્યા નહીં જ. બંધ ઘરના બારણા આમ કોઈ અડધી રાતે ખટખટાવી ન શકે. પણ બારણા કોઈ અધીરતાથી ખટખટાવતું હતું એ નક્કી.

''કોણ?''

જવાબ ન મળ્યો. બારણા ખટખટાવવાનું પણ બંધ ન થયું. ઓગણીસમી સદીના આ પૂંછડિયા વર્ષો હતા. ચોર-લૂંટારાઓનો ભય પણ પૂરો. છતાં મિયાંજાને ઉભા થઈને બારણું ખોલ્યું. તો એક સ્ત્રી ઉંબરા વચ્ચે જ ફસડાઈ પડી. હાથ પકડીને તેને ઊભી કરી તો ટાઢે થરથર ધ્રુજતી હતી. માથે મૂંડો હતો. વિધવા હશે પણ અત્યંત સુંદર હતી. પગ ઉઘાડા હતા અને એમાં કાંટા - ઝાંખરા વાગવાથી લોહી નીકળતું હતું.

બારણું બંધ કરીને એને અંદર લીધી. બીબીનાં કપડાં એને પહેરવા આપ્યા. જમાડી અને જ્યારે એની કંપારી શમી ત્યારે એણે રામકહાણી કહી પોતાની.




*સ્વ. નરગિસ*

૧૮૫૭વાળા બળવાના પ્રસિદ્ધ ક્રાંતિકારી મંગલ પાંડેના મોસાળના પરિવારમાંથી આ બાઈ આવતી હતી. એના પિતાનું નામ રાજેન્દ્ર પાંડે હતું. મંગલ પાંડે પર ઉતરેલા બ્રિટીશ સરકારના ખોફથી એ લોકો અલ્હાબાદ પાસેના એક ગામ ગુસોરાકલામાં આવીને વસ્યા હતા અને ત્યાં જ આ સુંદરીના માત્ર તેર વરસની કાચી ઉંમરે ૧૮૮૦માં બલિયા ગામના એક છોકરા સાથે લગ્ન થયા હતા અને માત્ર એક અઠવાડિયામાં જ એ વિધવા થઈ અને પછી તરત જ એ સ્ત્રી દિલીપા એકાએક નવોઢા મટીને સાસરીયા માટે નખ્ખોદણી બની ગઈ. તેના બિછાનામાં ફાટીચૂટી ચટાઇ, કોણીનું ઓશિકું, ખાવા માટે ચપાટીના બે ટુકડા અને પાણીનો જુદો પ્યાલો. બે જોડી કપડાં અને અવિરત આંસુ.

જુલમથી કંટાળીને એ રાતે એ ગંગામાં પડીને આપઘાત કરવા નીકળી હતી. ગામથી બહુ દૂર નીકળી ગઈ. જંગલમાં ભૂલી પડી ગઈ. કોઈ કેડી મળી નહીં. ઉઘાડા પગમાંથી જ્યારે લોહીની ધારા થવા માંડી ત્યારે દૂરથી એને એક ગામના દીવા ટમટમતા દેખાયા. એ તરફ એ વળી અને જે ઘર પહેલું એની નજરે પડ્યું એનો દરવાજો એણે ખટખટાવ્યો.

પણ કિસ્મત એને ક્યાં લઈ આવ્યું? મિયાંજાન નામના, તવાયફોના સારંગીવાદકના દરવાજે, જે ખુદ પોતાની દીકરી મલિકાને એક તવાયફ બનાવવાના સપના જોતો હતો. તવાયફોને શરીર વેચવું પડતું નહીં. માત્ર ગાયન, નૃત્ય અને નખરા ઉપર એમને નામના મળતી, નકદ મળતા અને કદરદાની મળતા. અત્યારે ફિલ્મની હીરોઇનોને જે ગ્લેમર મળે છે, વાહ વાહ મળે છે અને નાણાં મળે છે, એવું ત્યારે તે તવાયફોને મળતું હતું. ઉંચા વર્ગના લોકોને બેઠક-ઉઠક કે લગ્ન પ્રસંગે કે શ્રીમંતોના, નવાબોના, રાજા-મહારાજાઓ કે ઠાકોરો,



*સ્વ. શ્રી જવાહરલાલ નેહરુ*

જાગીરદારો, જમીનદારોના મનોરંજન માટે તવાયફોના નાચ - મુજરા એ અત્યારે યોજાતા દાંડિયા-રાસ જેટલું સમાજસહજ હતું.

દુષ્કર સંજોગોની ભોગ બનેલી દિલીપા ધીરે ધીરે મિયાંજાનની બીજી બીબીના ઢાંચામાં ગોઠવાતી ગઈ. ધર્મ, જાતિ, કુળ, મર્યાદા, વૈધવ્ય અને વેદના એ બધું જ વ્યવહારુપણાની નવી નદીના હેઠવાસમાં તણાઇ ગયું. દિલીપાની યુવાની જ્યારે એના પૂરા નિખાર પર આવીને તવાયફોના બજારમાં એ સંગેમરમરનો જીવતો મોહક કિનારો બની ગઈ, જેની ઊંચાઈએ પહોંચવું જાનકી ઉર્ફે છપ્પન છૂરી, નવાબજાન, વજીરજાન કે લાલીજાન જેવી તવાયફો માટે પણ અશક્ય બની ગયું.

એવે વખતે એની મહેફિલમાં એક એવો ફુટડો જુવાન ક્યારેક ક્યારેક આવીને બેસવા માંડ્યો કે જે ગજબનો ખુબસુરત તો હતો જ, પણ પ્રખર બુદ્ધિશાળી અને નામી વકીલ પણ હતો.

એનું નામ મોતીલાલ નેહરુ હતું.

★

દિલ્હીના બાદશાહ ઔરંગઝેબના વંશજ ફર્રુખસિયર જ્યારે કાશ્મીરના પ્રવાસે ગયા ત્યારે રાજ કૌલ નામના નિપુણ રસોઇયાને પોતાની સાથે દિલ્હી લેતા આવ્યા હતા. બહુ જ મોહક લાગતા આ રસોઇયાએ દિલ્હીમાં પોતાના રહેવાની જોગવાઈ નહેર સઆદતખાં નામે ઓળખાતી નહેરના એક કાંઠે કરેલી. એથી એનું ટીખળ નામ નેહરુ પડી ગયેલું. આ રાજ કૌલ - નેહરુના પુત્રનું નામ શું? એની કોઇ માહિતી મળતી નથી. પણ એ અનામી પુત્રના પુત્રનું નામ પંડિત મુસારામ હતું અને આ મુસારામના પુત્રનું નામ પંડિત લક્ષ્મીનારાયણ હતું. એ વખતે બહાદુરશાહ ઝફર દિલ્હીના



*દિલીપા પાંડે – નરગિસની નાનીમા.*

તખ્ત પર હતા. લક્ષ્મીનારાયણ પંડિતના પુત્ર ગંગાધર નેહરુ બાદશાહ ઝફરના સૈનિકોના વડા કોટવાળ હતા. પણ એમના પરિવારમાં વિદ્વતાના સંસ્કાર એ રીતે આવ્યા કે એમની પત્ની જિયોરાણી, દિલ્હીના વિખ્યાત કવિ પંડિત શંકરનાથ જુત્શીની દીકરી હતી. કુટુંબમાં વાંચન અને કલાના સંસ્કારો એ રીતે આવ્યા. પણ એ વાત વધુ અંકુરિત થાય એ પહેલાં તો એમના ઉપર મોતનો ફટકો પડ્યો. ૧૮૫૭ના બળવા વખતે અંગ્રેજો અને એમના ટેકેદારો ઉપર જે હુમલા થતા હતા તેમાં ગંગાધર નેહરુનું ઘર પણ સળગીને ખાખ થઈ ગયું. ગંગાધર નેહરુ એમના પત્ની જિયોરાણી અને બે પુત્રો બંસીધર અને નંદલાલ સાથે આગરા આવી સ્થાયી થયા અને સર તેજબહાદુર સપ્રુના પિતા, જે આગ્રામાં ટેક્સ કલેક્ટર હતા તેમને ત્યાં પટાવાળા તરીકેની નોકરી મળી ગઈ કારણકે સપ્રુ પણ કાશ્મીરી હતા અને એમણે બિરાદરી નિભાવી. પંડિત ગંગાધર દિલ્હીમાં હતા ત્યારે પણ એ પોતાના ઘરની નજીકના લત્તા બાઝાર સીતારામમાં હુસ્ના બેગમ નામની તવાયફના કોઠા ઉપર વારંવાર બેસ-ઉઠ રાખતા હતા. હવે આગ્રા આવી ગયા પછી એ આગ્રાની દૌલતજાન નામની તવાયફના કોઠા ઉપર બેઠક - ઉઠક રાખવા માંડ્યા.

પણ એમનું માત્ર પાંત્રીસ વરસની વયમાં જ અવસાન થયું. એમના અવસાન વખતે એમના પત્ની જીયોરાણી સગર્ભા હતા અને પતિના મૃત્યુ પછી ત્રણ માસે એટલે કે ૧૮૬૧ની ત્રીજી મે (તા. ૦૩-૦૫-૧૮૬૧)ના દિવસે એમણે પુત્રને જન્મ આપ્યો, જેનું નામ પાડવામાં આવ્યું, મોતીલાલ.

મોતીલાલના બંને મોટા ભાઈઓ બંસીધર અને નંદલાલ પણ ભણવામાં તેજસ્વી રહ્યા. બંસીધર આગળ ઉપર આગ્રામાં સબોર્ડિનેટ જજ થયા અને નંદલાલ ખેતડી નામની એક મોટી જાગીરના દીવાન થયા. મોતીલાલે શરૂઆતમાં આગ્રામાં જેમ તેમ અભ્યાસ કર્યો પણ પછી ૧૮૭૩માં કાનપુરમાં મેટ્રિક પાસ થઈ ગયા. એ જ અરસામાં મોટાભાઈ નંદલાલે અલ્હાબાદમાં વકીલાત શરૂ કરી દીધેલી. એમણે નાનાભાઈ મોતીલાલને પણ અલ્હાબાદમાં જ સેન્ટ્રલ કૉલેજમાં આગળ અભ્યાસ કરવા માટે બોલાવી લીધા. ભણવામાં મોતીલાલ એટલા તેજસ્વી હતા કે કૉલેજના પ્રિન્સિપાલ મિર્ઝા હુસેન પણ એમના વિદ્યાર્થી મોતીલાલથી બહુ ખુશ હતા. આગળનો અભ્યાસ પૂરો કર્યા પછી ૧૮૮૧માં એમનું લગ્ન પણ થઈ ગયું. લગ્નની ઉજવણીમાં રોશનજાન નામની વિખ્યાત તવાયફ ગાવા, બજાવવા અને નાચવા આવી હતી. મોતીલાલ પણ એમના લગ્નથી ખૂબ પ્રસન્ન હતા.

પણ થોડા જ વખતમાં પહેલી

પ્રસુતિમાં જ એમની પત્ની અને નવજાત સંતાન બંનેનું મૃત્યુ થઈ ગયું અને મોતીલાલે બહુ ઊંડો આઘાર અનુભવ્યો. એ બહુ ગમગીન અને ઉદાસ રહેવા માંડ્યા. ક્યારેક ક્યારેક એ મન બહેલાવવા માટે પેલી તવાયફ રોશનજાનના કોઠા પર જવા માંડ્યા. તવાયફના કોઠા ઉપર જવું એ વખતે પણ કોઈ શરમ - સંકોચની વાત નહોતી. શ્રીમંતોના નબીરાઓ ત્યાં શિષ્ટાચાર અને કલાનું જ્ઞાન મેળવવા જતા જ હતા.

પણ એક દિવસ અચાનક એનું ધ્યાન એક નવી આવેલી અત્યંત સુંદર છોકરી ઉપર પડ્યું. કોણ હતી એ?

રોશનજાને જવાબમાં કહ્યું : "ઇસકા નામ દિલીપા હૈ — રિશ્તે મેં તો વો મેરી ભાભી લગતી હૈ."

"વો કૈસે?" મોતીલાલે પૂછ્યું.

"મેરા એક ગુરુભાઈ હૈ. ચિલબીલામેં મૈં ઔર વો એક હી ગુરુ કે પાસ બનારસી ગાના-બજાના શીખતે થે. ઉસકા નામ મિયાંજાન હૈ. ઉસકી યહ દૂસરી બીવી હૈ. હાં, હિંદુ કૌમ કી હૈ."

મોતીલાલ નેહરુ ડગી ગયા હશે. આ રૂપ, આ નેણ-નકશો, આ કમર, આ નજાકત, ક્યાંય અગાઉ જોવા મળી નહોતી. એ બોલ્યા : "યહાં રહનેવાલી હૈ?"

"જી હાં, સરકાર." રોશનજાન બોલી : "પેશા કરને કે લીયે તો આઈ હૈ."

પહેલા, મહિને પંદર દહાડે એકાદ વખત જતા તે મોતીલાલ હવે અઠવાડિયે એક વાર અને પછી અઠવાડિયે બબ્બે વાર રોશનજાનના કોઠા પર જવા માંડ્યા. આ તરફ દિલીપાની પણ એ જ હાલત હતી. મિયાંજાનની પત્ની હોવા છતાં કદમ કેમ ડગી જતા હતા? મન કેમ ડામાડોળ થઈ જતું હતું? કેમ? કશી ગમ પડતી નહોતી.



*મોતીલાલ નેહરુ, સ્વરૂપારાણીદેવી અને જવાહર.*

પછીથી મોતીલાલ જ્યારે કાયમી રીતે અલ્હાબાદ રહેવા આવી ગયા ત્યારે પણ આગ્રાવાળી રોશનજાનના કોઠામાં એમનો પગપેસારો ઓછો થયો નહીં. એમના આકર્ષણનું કેન્દ્ર દિલીપા હતી અને દિલીપા માટે તો મોતીલાલ શ્વાસ - પ્રાણ બની ગયા હતા.

મોતીલાલના કુટુંબમાં જ્યારે આ આગ્રાની વારંવારની આવ-જાનું કારણ ગંધાવા માંડ્યું ત્યારે તાત્કાલિક એમનું લગ્ન લાહોરની એક પંદર વર્ષની સ્વરૂપવાન છોકરી, જેનું નામ પણ સ્વરૂપરાણી દેવી સાથે કરી દેવામાં આવ્યું. અને પછી વકીલાતની વધુ પ્રેક્ટિસ માટે મોટા ભાઈ નંદલાલે, મોતીલાલને એમની પત્ની સાથે કાનપુર મોકલી દીધા. આમ છતાં પણ મોતીલાલનું આગ્રા જવા - આવવાનું બંધ થયું નહીં. દિલીપા સાથે દિવસ-રાત વિતાવવાનું બંધ થયું નહીં અને રાત-દિવસ પૂજાપાઠમાં વ્યસ્ત રહેતી પત્ની સ્વરૂપરાણી સાથે એમનું નામ બરાબર રાગે પડ્યું નહીં. અલબત્ત, એમની વકીલાતના ક્ષેત્રે સિધ્ધિ અને પ્રસિધ્ધિ વધતી જતી હતી. એક માણસ સાત જેટલા તહોમતનો આરોપી હતો, તેને મોતીલાલે સીફતથી છોડાવી દીધો ત્યારે સૌ કોઈએ એમને સલાહ આપી કે કાનપુરનું ક્ષેત્ર એમની વકીલાતના બાહોશીપણા માટે બહુ નાનું ગણાય. એમણે તો હાઈકોર્ટ અલ્હાબાદ હોવાથી અલ્હાબાદમાં એમની વકીલાતની ધાક બેસાડી દેવી જોઈએ. મિત્રોની સલાહ માનીને ૧૮૮૬માં મોતીલાલ નેહરુ કાયમી ધોરણે - ભાઈ નંદલાલ પાસે અલ્હાબાદ પત્ની સાથે આવી ગયા.

એક ઘટનાને નરી આકસ્મિકતા ગણવી કે પૂર્વયોજના? કે મોતીલાલ નેહરુ જ્યારે અલ્હાબાદ આવ્યા અને મોટાભાઈ નંદલાલ નેહરુની અલ્હાબાદના સરાય મીર નામના લત્તાની ૭૭ નંબરની આલીશાન હવેલીમાં રહેવા ગયા ત્યારે દિલીપા પણ એ જ બહુ વિશાળ હવેલીના પશ્ચિમ તરફના એક જુદા ભાગમાં રહેતી હતી.

આમ કેમ બન્યું? કદાચ એટલા માટે કે એ ભારે વિશાળ હવેલી મૂળ એક રાધારમણ ટ્રસ્ટની હતી અને ટ્રસ્ટીઓએ એ મહાલયનો એક ભાગ વજીરજાન નામની તવાયફને પણ ભાડેથી આપ્યો હતો. વજીરજાન જ્યારે અલ્હાબાદ રહેવા આવી ત્યારે એનો જ ગામભાઈ મિયાંજાન પણ એની સાથે સારંગીવાદક તરીકે રહેવા આવી ગયો હતો. પંડિત મોતીલાલ જ્યારે આગ્રા છોડીને કાનપુર જતા રહ્યા ત્યારેભગ્ન હૃદયે દિલીપા પણ પતિ મિયાંજાન સાથે અલ્હાબાદ આવીને એ જ હવેલીમાં રહેવા આવી ગઈ હતી.

૧૮૮૭માં મોટાભાઈ નંદલાલ નેહરુનું અવસાન થયું. નાના ભાઈ મોતીલાલ ઉપર પરિવારની તમામ જવાબદારી આવી પડી. આમ છતાં એમનો ઠાઠમાઠ - વૈભવ વિલાસ વધતો

જ ગયો. શરાબની મહેફિલો અને નાચગાનના જલસા વધતા ગયા. દિલીપાને થોડી પોતાની ઉપેક્ષા થતી લાગી ખરી, પણ મોતીલાલે એનો સાથ સાવ છોડ્યો નહોતો. એ જ હવેલીમાં દિલીપાને પેટે ૧૮૮૮માં પુત્ર જન્મ્યો. એનું નામ પાડ્યું મંજુરઅલી. થોડા માસ પછી ૧૪મી નવેમ્બર, ૧૮૮૯માં સ્વરૂપરાણીને પુત્ર જન્મ્યો. એનું નામ પાડ્યું જવાહરલાલ. તે પછીના વરસે ૧૯૦૦માં સ્વરૂપરાણીને પેટે જન્મેલી પુત્રીનું નામ પડ્યું વિજયાલક્ષ્મી. તેના પછીના વરસે ૧૯૦૧માં દિલીપાને પેટે જન્મેલી પુત્રીનું નામ પડ્યું, જદ્દન, જદ્દનબાઈ.

૧૯૦૬માં મિયાંજાનનું અવસાન થયું. દિલીપા ઉપેક્ષિત હાલતમાં પુત્ર મંજુરઅલી અને પુત્રી જદ્દનબાઈને લઈને ચિલબીલા પાછી ચાલી ગઈ. એનો પુત્ર મંજુરઅલી મોટો થતાં મંજુરઅલી સોખ્ત નામનો ખાસ્સો મોટો વગદાર મજૂર નેતા બન્યો ત્યારે, લગભગ ૧૯૨૪માં એણે જાહેર કર્યું કે એ પંડિત જવાહરલાલ નેહરુનો ભાઈ થાય છે ત્યારે દેશભરમાં મોટી સનસનાટી મચી ગયેલી.

પણ તેથી શું? દિલીપા દુઃખી હતી. એની અને મોતીલાલ વચ્ચેનું આર્થિક, સામાજિક અને માનસિક અંતર એટલું બધું વધી ગયું હતું કે મિલન હવે શક્ય નહોતું. એટલે એ ઝુરતી જ રહી. ૧૯૩૧માં મોતીલાલનું અવસાન થયું ત્યારે એણે પોતાના કાંડા પર પહેરેલી બંગડીઓ ફોડી નાખી અને ધ્રુસકે ને ધ્રુસકે દિવસો સુધી રડતી રહી અને વિધવાનો પોષાક પરિધાન કરી લીધો. દિલીપાનું બહુ પ્રિય ગીત રહ્યું હતું : શૂલી પર હૈ સૈજ પિયાકી, કિસ બિધ મીલના હોય? (મારા પ્રિયતમની શૈયા તો શૂળી ઉપર છે – એની સાથે મિલન કેવી રીતે સંભવી શકે?)

એ ઝુરતી જ રહી અને મનમાં ને મનમાં એ ગીત મમળાવતી રહી.

જદ્દનબાઈ અને જવાહરલાલ ભાઈ-બહેન તરીકે ગલીઓમાં સાથે રમ્યા પણ પછી દેશને કોણે શી શી ભેટ આપી? જદ્દનબાઈના જીવનમાં કોણ કોણ આવ્યું?

★

"મા, તું અફીમ (અફીણ) મત લીયા કર." એક નાનકડી દસ-બાર વરસની છોકરી એની માને શિખામણ આપે છે : "આદત પડ જાયેગી."

"નહીં બેટી," મા જવાબ દે છે : "આદત નહીં ડાલુંગી. બસ કભી ક ભાર લેતી હું ઈસસે..." મા એની કેફી નજર નીચે જમીન પર ખોડીને કહે છે : "ઈસસે રાતકો જરા નીંદ ઠીક સે આતી હૈ."

"તો વાદા કરો કે દિનમેં નહીં લોગી."

મા હસે છે. જરા મોં ઊંચું કરીને સામે નજર ઠેરવવા જાય છે પણ ઠેરવી શકતી નથી. ખસિયાણું મોં કરીને નીચું મોં કરી દે છે.

આ પછી એ પ્રૌઢા દિલીપા બિછાનામાં ચત્તીપાટ સૂતા સૂતા એના પુરાણા દિવસોને યાદ કરે છે. નાનકડી દસ-બાર વરસની એની પોતાની દીકરી જદ્દન અને એની શોક્યનો પુત્ર જલાઈ ચીલબિલાની આજુબાજુ કોઈ મેળા મલાખામાં ગાવા બજાવવા ચાલ્યા જાય છે.

આ નાનકડા છોકરા છોકરીની મેળામાં કે ગલીઓમાં થતી ગાવા-બજાવવાની આવક એ જ બુઝુર્ગ દિલીપાનું ગુજરાનનું એકમાત્ર સાધન છે. મોતીલાલ નેહરુને યાદ કરીને ફરી ફરી એ ગીત ગણગણે છે – "સૂલી પર હૈ સેજ પિયાકી, કિસ બીધ મિલના હોય." ગુજરાતી આમ થઈ શકે : "શૂળી પર છે શેણ (શયન) સજનની મળવું કેણી પેર!"



નરગિસ – એક સ્કૂલ ગર્લ.

એ પછી એ અફીણની કાંકરી જીભ પર ન મૂકે તો શું કરે? નાનકડી જદ્દનબાઈ જ્યારે કળી ખીલીને પુષ્પ બની ત્યારે એ ગજબની કામણગારી બની ગઈ. એ દરમ્યાન એણે ઉસ્તાદ મોઈનુદ્દીન પાસેથી કઠોરમાં કઠોર દેખરેખમાં ગાવા-નાચવાનું પ્રશિક્ષણ મેળવ્યું. નાચતા નાચતા પગના તળિયામાં છાલા પડી જતા. ગળાની નસો ફૂલી જતી અને ક્યારેક ઉસ્તાદના તમાચાને કારણે ગાલ રતુમડા થઈ જતા અને એક ઉત્તમ તવાયફ બનવા માટે આ બધું અત્યંત જરૂરી હતું.

જ્યારે સૌંદર્ય, સંગીત અને નૃત્યનું મોહક મારક રસાયણ પેદા થયું ત્યારે જદ્દનબાઈએ બનારસમાં તવાયફગીરી શરૂ કરી. એ દિવસોમાં બે ઘોડાની બગીમાં બેસીને ઊભી બજારે નીકળતી મોહરજાન નામની તવાયફનું બનારસમાં એકચક્રી રાજ હતું. ખુદ જદ્દનની જ સાવકી બહેન મલિકાના નામનો પણ સિક્કો પડતો હતો. પણ એક તો કરાફાટનું સૌંદર્ય અને ઠુમરીની વિશિષ્ટ જાણકારીને કારણે જદ્દનબાઈ

બજારમાં આવી એવી ટકી ગઈ, પછી જામી ગઈ અને પછી ટોચની બની ગઈ.

એ જ દિવસોમાં એના કોઠાની સામે એક મહાલય પણ ઊભું હતું - એના માલીક બચ્ચીબાબુ ખત્રી બનારસના એક મોટા લક્ષ્મીનંદન હતા. એમનું મૂળ નામ તો નરોત્તમદાસ હતું પણ હુલામણું નામ બચુભાઈ એટલે કે બચ્ચીબાબુ હતું. જદ્દનબાઈની પ્રભાત જેવી પ્રથમ પ્રભામાં એ ઝડપાઈ ગયા. જદ્દનબાઈના આશક થઈ ગયા. જદ્દનબાઈની મહેફિલમાં જતા-આવતા એ એના દીવાના થઈ ગયા અને આર્થિક રીતે પણ મહેરબાન મદદગાર થઈ પડ્યા. જદ્દનભાઈ પણ એમનામાં સમર્પિત થઈ ગઈ અને પછી જે સંતાન જન્મ્યું એનું નામ પાડ્યું : અખ્તર હુસૈન. જદ્દનની માતૃત્વની કુદરતી લાગણી તો સંતોષાઈ ગઈ, પણ નરોત્તમદાસ ઉર્ફે બચીબાબુના કુટુંબમાં આને કારણે કલેશ શરૂ થઈ ગયા. તે એટલે સુધી કે અખ્તર હુસૈનની સુન્નતના જલસામાં પણ સામેલ ન થઈ શક્યા. ધીરે ધીરે એ વ્યવહાર ડાહ્યા ખત્રીએ પોતાની જાતને એ સંબંધમાંથી સંકેલી લીધી. અંગત જીવનમાં જદ્દનબાઈ અટૂલી પડી ગઈ.

ક્યારેક ક્યારેક જૈફ માતા દિલીપા પાસે એ પોતાનું દુઃખદર્દ રડતી, પણ મા શું કહે કે શું કરે? માતા પોતે જ જખ્મી હતી. મોતીલાલ નેહરુની બહુ સંભાળથી સાચવી રાખેલી તસ્વીર સામે જોઈને એ કહેતી : "બેટી, તવાયફ કભી બીવીકા દરજ્જા હાંસિલ નહીં કર સકતી. દેખ સ્વરૂપરાની દેવી (મોતીલાલના પત્ની - જવાહરના માતા) અપના જયાદા સે જયાદા વક્ત શિવાલે (શિવાલય) મેં પૂજામેં બૈઠકર હી બીતાતી હૈ — ઔર મૈં? ઉસકા બચ્ચા જવાહરલાલ અપને પીછે મોતીલાલકા નામ લગા સકતા હૈ ઔર મંજર (મંજૂરઅલી)ને સિર્ફ એક


*નરગિસ અને એની માતા જદ્દનબાઈ*

દફા યે કહા કી જવાહર કા મૈં ભાઈ હૂં તો બડા હંગામા હો ગયા. અપની કિસ્મતકી યહી ફિતરત (પ્રકૃતિ) હૈ - વો કભી અપના રંગ નહીં બદલેગી."

જદ્દનબાઈનો જખ્મ સમયે રૂઝવી દીધો. ગાયકીનું એ વધુમાં વધુ શિક્ષણ હવે બનારસમાં સ્થાયી થઈ ગયેલા ઉસ્તાદ મોઈનુદ્દીન ખાન પાસે લેવા માંડી. એ એવા ગુરુ હતા કે જેમની પાસેથી કે. એલ. સાયગલે પણ ઠુમરીની તાલીમ મેળવી હતી.

રાત-દિવસ ગાવા-વગાડવાથી એને એના હાર્મોનિયમ માસ્ટર ઇરશાદ સાથે સંબંધ બંધાઇ ગયો. એનું મૂળ નામ ઉસ્તાદ મીર-ખાં હતું. એ દિવસોમાં ઘણીવાર કે.એલ. સાયગલ, પહાડી સન્યાલ અને આર.સી. બોરાલ જેવી ફિલ્મી હસ્તીઓ પણ જદ્દનબાઈની મહેફિલ માણવા ક્યારેક આવી ચડતી અને દેશી રાજ્યો રામપુર, દરભંગા કે છતારી કે ટીકમગઢના રાજા-નવાબો પણ આવતા, પણ એ બધાના ઝળાહળા પ્રકાશમાં માસ્ટર ઇરશાદના રાત-દિવસના સંગાથે અને અવશપણે એની કરી નાખી.

એના સંસર્ગથી જન્મ થયો બીજા એક પુત્રનો. એનું નામ પાડ્યું : અન્વર હુસૈન.

માસ્ટર ઇરશાદ જદ્દનબાઈને ગાયકીમાં - જુગલબંધી આપી શક્યા પણ જીવનમાં નહીં. ઉછળતા સાગર જેવી જદ્દનબાઈ એને — ઇરશાદને — કદાચ બેલગામ ઘોડી જેવી લાગી હશે. બંને વચ્ચે કલેશ વધતો ગયો. અને અંતે એણે જદ્દનને તલાક આપી દીધા.

ફરી જદ્દનની જિંદગીમાં એકલતા વ્યાપી ગઈ.

★

પણ તો પછી નરગિસનો પિતા કોણ? એનો જવાબ ઇતિહાસ આપે છે.

ઇતિહાસ પાસે જદ્દનબાઈની ખુમારી અને ખુવારીનું ચિત્ર પણ અકબંધ છે. ૧૯૨૬ની સાલમાં જ્યારે રામપુર સ્ટેટના નવાબે તમામ મશહૂર તવાયફોને પોતાના નગરમાં બોલાવી અને પછી સરઘસ આકારે તમામ તવાયફોએ નવાબના મહેલે મુજરો કરવા આવવું એમ ફરમાવ્યું ત્યારે જદ્દનબાઈને એ બકરીઓના ટોળામાં સામેલ થવા જેવું ન લાગ્યું. એ સરઘસમાં ન ગઈ અને પોતાને ઉતારે જ રહી. એણે કહેવડાવ્યું કે નવાબ સાહેબને કહો કે "એમની બેહગનો પણ સરઘસમાં સામેલ થવાની હોય તો હું જરૂર સરઘસમાં આવું." આ સાંભળીને નવાબસાહેબ ધ્રાગધ્રાગા થઈ ગયા. લાલચોળ આંખે એમણે હુકમ ફરમાવ્યો કે સવાલ થતા પહેલાં જદ્દનબાઈએ એમના રાજ્યની બહાર નીકળી જવું. જદ્દનબાઈને એ મંજૂર હતું પણ સરઘસમાં સામેલ થવાનું મંજૂર નહોતું. બળદગાડીમાં જવાની તૈયારી જ કરતી હતી એટલામાં જ કે.એન. સિંઘ (અભિનેતા કે જે પણ રામપુરના જ હતા) અને નવાબના ભાઈ દલ્લનસાહેબ સમજાવટ માટે આવ્યા. "તમારા વગર મહેફિલની શોભા અધૂરી રહેશે. માની જાવ તો સારું." પણ જદ્દનબાઈએ જરા પણ નમતું જોખ્યું નહીં. કહ્યું કે હું તવાયફ

છું, એમની પ્રજા નથી. એમનો હુકમ માનવા બંધાયેલી નથી.

અંતે એની ટેક રહી. રામપુરના નવાબે માની જવું પડ્યું. જદ્દનબાઈ બગીમાં બેસીને મહેફિલમાં આવી. પછી તો એ પંદર દિવસ રહી અને પંદર હજાર રૂપિયા બક્ષીસ મેળવીને ગઈ.

આ જ જદ્દનબાઈ જ્યારે એકવાર લખનૌના એક નવાબના નિમંત્રણથી મુજરો કરવા લખનૌ ગઈ ત્યારે એની મા દિલીપા પણ સાથે હતી. ત્યાં અચાનક ચાલુ મહેફિલે થોડો શોરબકોર થયો. જદ્દનબાઈએ ધ્યાનભંગ થઈને જોયું તો જવાહરલાલ નેહરુ એને અને એની મા દિલીપાને મળવા આવ્યા હતા. નાનપણમાં જે જવાહર સાથે એ અલ્હાબાદની ગલીઓમાં રમી હતી એ જવાહરલાલ આજે તો મોટો માણસ થઈ ગયો હતો. કોંગ્રેસના કોઈ કામે જવાહરલાલ લખનૌ આવ્યા હતા અને એમને ખબર પડી એટલે મળવા આવ્યા હતા.

જદ્દનબાઈએ ગાણું તો ન અટકાવ્યું પણ વારંવાર જોયું કે વૃધ્ધ માતા દિલીપા વારંવાર જવાહરલાલને વળગી વળગીને આંસુભરી આંખે મોતીલાલના ખબર અંતર પૂછતી હતી.

મહેફિલ પૂરી થયા પછી, વરસો પછી જદ્દનબાઈએ એક બહેનના નાતે જવાહરલાલને રાખડી બાંધી હતી. ભલે મૂગું હતું, પણ સગપણ હતું. જાણે હાથનો નહીં, હવાનો સ્પર્શ હતો.

★

લખનૌની એ મહેફિલમાં એક યુવાન જદ્દનબાઈને એકીટસે જોઈ રહ્યો હતો. એ યુવાન અત્યંત સોહામણો હતો. ગાયન પૂરું થયા પછી એણે બહુ ઉષ્માથી જદ્દનબાઈનું અભિવાદન કર્યું અને વળી બીજે દહાડે પણ મળવા આવ્યો. એ છોકરો રાવલપિંડીના કોઈ શ્રીમંતનો નબીરો હતો અને લખનૌમાં મેડિકલનું ભણવા આવ્યો હતો.



*નરગિસ - નેહરુ મુલાકાત. વચ્ચે જદ્દનબાઈ*

એ પછી તો એ વારંવાર જદ્દનબાઈની મહેફિલમાં આવતો-જતો થઈ ગયો અને એક દિવસ અચાનક જ એણે જદ્દનબાઈ સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. બબ્બે પ્રણય અને લગ્નથી દાઝેલી જદ્દન પણ આમ તો એના પ્રેમપાશમાં ગિરફતાર હતી – પણ વાતને એણે હસી કાઢી. પૂછ્યું : "તમારા કુટુંબને પૂછ્યું છે?"

એ યુવાન જેનું નામ ઉત્તમચંદ મોહન હતું, એણે કહ્યું : "રાવલપિંડી જઈને હું મારા મોટાભાઈ તેજભાણને પૂછી લઈશ. એ મને નારાજ નહીં કરે."

એ યુવાન રાવલપિંડી ગયો તે ગયો જ. પાછો આવ્યો નહીં. દરમ્યાન જદ્દનબાઈ પણ ફરીવાર લખનૌથી બનારસ અને ત્યાંથી કલકત્તા જઇને એના ધંધામાં પરોવાઇ ગઈ. ત્યાં પણ એણે નામના કાઢી અને નિહાલસિંહ વિશુનસિંહની કંપનીના માલીક વિશુનસિંહને પોતાના મોહપાશમાં બાંધી લીધા. એમને ત્યાં મહેફિલો થવા લાગી. પણ ત્યાં એક રાત્રે એ મહેફિલમાં ફરી એક જણને બેઠેલો જોઈને એ ચોંકી જ ગઈ. એ રાવલપિંડીવાળો પેલો ઉત્તમચંદ મોહન હતો! એના ભાઈ તેજભાણે જદ્દનબાઈ સાથેના એના લગ્નની વાતને નામંજુર કરી હતી અને એને કલકત્તામાં પોતાના મિત્ર વિશુનસિંહ પાસે ધંધાની તાલીમ લેવા મોકલી દીધો હતો. બહુ આકસ્મિક રીતે અહીં પણ એને જદ્દનબાઈ સાથે એનો ભેટો થઈ ગયો.

ફરી પરિચય પ્રગાઢ થયો. ફરી એ જ લગ્નનો પ્રસ્તાવ! જદ્દનબાઈને રખાત થવું મંજૂર નહોતું. અને અંતે ઉત્તમચંદ મોહને મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો. નામ રાખ્યું અબ્દુલ રશીદ અને કાયદેસર રીતે જ જદ્દનબાઈ સાથે શાદી કરી લીધી.

એને મુસ્લિમ ધર્મ અંગીકારની વિધિ કરાવનાર હતા મૌલાના અબુલકલામ આઝાદ. કદાચ જવાહરલાલ નેહરુએ પોતાની "બહેન" જદ્દનની શાદી માટે એમને એ કામ કરી આપવા વિનંતી કરી હશે.

સંબંધ તો અગાઉથી જ બંધાઈ ચૂક્યો હશે એટલે ૧૯૨૯માં જદ્દનબાઈ અને મોહનબાબુના લગ્ન થયા પછી બહુ થોડા જ માસ એટલે કે ૧લી જૂન, ૧૯૨૯ના દિવસે પ્રથમ સંતાનનો જન્મ થયો. એ પુત્રી હતી. એનું નામ પડ્યું નરગિસ. જો કે કાયદેસર નામ રાખ્યું ફાતિમા રશીદ અને લાડકું નામ રાખ્યું બીબ્બો.


પ્રથમ પતિ નરોત્તમદાસ ખત્રી (ઉર્ફે બચ્ચીબાબુ)નું સંતાન અખ્તરહુસૈન, બીજા પતિ ઈરશાદનું સંતાન અન્વર હુસૈન અને

ત્રીજા પતિ ઉત્તમચંદ મોહન ઉર્ફે અબ્દુલ રશીદનું પ્રણય સંતાન – લવ ચાઈલ્ડ નરગિસ – આમ ત્રણ ત્રણ સંતાનોની માતા અને એક શ્રીમંતના નબીરાની પત્ની બનવા છતાં જદ્દનબાઈએ તવાયફગીરી છોડી નહીં.

કારણ? કારણમાં કદાચ એ કે ઉત્તમચંદ મોહન સાથે આ જ કારણે એના ભાઈ તેજભાણે વ્યવહાર કાપી નાખ્યો. નાણાંકીય આવક બંધ થઈ ગઈ અને મોહનબાબુ એટલે જ જદ્દનબાઈનો ધંધો લાચાર બનીને જોઈ રહ્યા.

★

૧૯૩૧માં મોતીલાલ નેહરુના અવસાન પછી દિલીપાએ પોતાની બંગડીઓ નંદવી નાખી. વિધવા વેશ ધારણ કરી લીધો અને પછી કલકત્તામાંથી પણ એનું મન ઉઠી ગયું. જો કે જદ્દનબાઈનો ધંધો ધમધોકાર ચાલતો હતો. પણ છતાંય કલકત્તામાંથી એનું મન હટી ગયું અને એ માટે સંયોગ પણ એવો મળી ગયો. કારણકે એ જ દિવસોમાં લાહોરમાં ફોટોફોન કંપનીના નામે ફિલ્મો બનાવતી કંપનીના માલીક હકીમ રામપ્રસાદ કોઈ કામે કલકત્તા આવેલા. એ દિવસોમાં લાહોરમાં દલસુખ પંચોલી કે ફજલી બ્રધર્સ જેવા ગણાગાંઠ્યા જ નિર્માતાઓ મેદાનમાં હતા. પણ એ સૌને સ્ત્રી પાત્રો કરાવવા માટે માત્ર પુરુષો પર જ આધાર રાખવો પડતો હતો. ભારતીય ફિલ્મોના પિતામહ ગણાય એવા દાદાસાહેબ ફાળકેએ એમની પ્રથમ ફિલ્મ 'રાજા હરિશ્ચંદ્ર'માં તારામતીની ભૂમિકા જાતે જ ભજવવી પડી હતી. એ અરસામાં કલકત્તામાં આવીને પંકજ મલીક, બોરાલ કે પહાડી સન્યાલ જેવા અભિનેતાઓ સાથે વાત કરતા કરતા હકીમ



*રાજ કપૂર અને નરગિસ – સંબંધો તૂટ્યા પહેલાં.*

રામપ્રસાદની નજર જદ્દનબાઈ પર પડી અને એ જોતા જ રહી ગયા. આ તવાયફ છે અને એને ફિલ્મોમાં કામ કરવામાં વાંધો નહીં હોય એમ માનીને એમણે જદ્દનબાઈની માતા દિલીપા સાથે વાટાઘાટો શરૂ કરી. દિલીપાને તો એ જ જોઈતું હતું. એને કલકત્તા છોડવું જ હતું. જદ્દનબાઈ પણ રાજી હતી. માત્ર રાજી નહોતા મોહનબાબુ. એમને આ લેશમાત્ર પસંદ નહોતું. એ જદ્દનબાઈ સાથે લાહોર ના ગયા અને કલકત્તામાં જ આજીવિકા માટે એક લોન્ડ્રી ખોલી. આ તેમના અવમૂલ્યનનું પ્રથમ પગથિયું હતું.

મોહનબાબુના અણગમાની પરવા કર્યા વગર જ જદ્દનબાઈ માતા દિલીપા અને ત્રણેય સંતાનો સાથે લાહોર ચાલી આવી. જદ્દનબાઈએ ત્યાં પહેલ વહેલું ફિલ્મ 'હીર રાંઝા'માં કામ કર્યું અને પછી 'રાજા ગોપીચંદ'માં કામ કર્યું. એની રીલીઝ વખતે એણે સર સિકંદર હયાતખાનની હાજરીમાં પોતાની પ્રખ્યાત ઠુમરી 'બાબુલ મોરા નૈહર છૂટો જાય' ગાઈ ત્યારે સિકંદરે રાજી થઈને જદ્દનબાઈને 'મલકા-એ-મૌસિકી' (સંગીત સામ્રાજ્ઞી)નો ઈલકાબ પણ આપ્યો. એ પછી તો જદ્દનબાઈએ અનેક ફિલ્મોમાં કામ કર્યું અને ગાયું. ખૂબ નામના, પૈસો અને વૈભવ મેળવ્યા. આ દરમ્યાન મોહનબાબુએ કલકત્તામાં શરૂ કરેલી લોન્ડ્રી ત્યારે ખોટમાં ગઈ અને એ જદ્દનબાઈનો વિયોગ પણ સહન ના કરી શક્યા. એ પણ લાહોર ચાલ્યા આવ્યા અને જદ્દનબાઈના પતિ જેવું નહીં પણ આશ્રિત જેવું જીવન જીવવા માંડ્યા.

જદ્દનબાઈ આ દરમ્યાન વતન ચીલબીલા પણ જઈ આવી. ત્યાં ખૂબ સ્થાવર સંપત્તિ ખરીદી, પણ ત્યાં મુંબઈથી નિર્માતા એ.આર. કારદારનું એને તેડું આવ્યું, કે જેમનો પરિચય એને લાહોરમાં થયો હતો. એ કહેણના આધારે ૧૯૩૪-૩૫માં જદ્દનબાઈ, માતા અને ત્રણે સંતાનો સાથે બોમ્બે આવી ગઈ અને ત્યાં આવીને વાલકેશ્વર રોડ ઉપર 'ગુલશનમહલ'માં એક મોટો ફ્લેટ ભાડે રાખી લીધો. એ વખતે નરગિસ સાત વરસની હતી. એ ઢીંગલી જેવી અત્યંત ખૂબસુરત બેબીને એણે ક્વિન્સ મેરી હાઈસ્કૂલમાં દાખલ પણ કરી દીધી.

મુંબઈમાં જદ્દનબાઈએ (તે સમયના હાસ્ય અભિનેતા) ગોપના નાનાભાઈ રામ કમલાનીની એક ફિલ્મ 'ઈન્સાન યા શૈતાન'માં કામ કર્યું. એ જ અરસામાં એનો પરિચય એક્ટર યાકુબ સાથે થયો કે જે પણ જબલપુરની એક તવાયફનો પુત્ર હતો. યાકુબ સાથે એના ગાઢ પરિચયના દિવસોમાં એણે 'શાહી રક્કાસા' ફિલ્મમાં યાકુબ સાથે હીરોઈનનો રોલ પણ કર્યો. એમણે જાતે જ પોતે એક ફિલ્મની વાર્તા લખી. નિર્માણ પણ જાતે જ કર્યું. એ ફિલ્મનું નામ 'તલાશે હક્ક' જેમાં નાનકડી બાળકીની ભૂમિકા નરગિસે કરી હતી. આ ફિલ્મ પૂરી થયા પછી તરત જ નરગિસને ટાઈફોઈડ થયો અને એમાંથી ઉઠ્યા પછી એનું શરીર ઉલટાનું વધારે

સારું થયું. અને એ પછી એણે મહેબુબની ફિલ્મ 'તકદીર'માં ૧૯૪૩માં ચૌદ વરસની ઉંમરે કામ કર્યું. જેમાં એ ઘણી પુખ્ત લાગતી હતી. જદ્દનબાઈએ મુન્શી પ્રેમચંદની કથા 'સેવાસદન' ઉપરથી ફિલ્મ બનાવવાનું શરૂ કર્યું, પણ એ ક્યારેય પૂરી ના થઈ. 'તલાશે હક્ક'માં નરગિસને જદ્દનબાઈએ કંઠ આપ્યો હતો. એના ગીતના શબ્દો હતા : 'પ્યારે અબ્બા તુમ્હે ક્યા?' કેટલા સૂચક શબ્દો હતા?

પણ આ બધી ભરતીના દિવસો દરમ્યાન દિલીપાનું શું થયું? અને મોહનબાબુનું એની કથા ગમગીની ભરેલી છે. દિલીપા પોતાનો મોટાભાગનો સમય (ઘોડાની) રેઈસ પાછળ અને અફીણ ખાવામાં ગાળવા લાગી. અંતે (રાજ કપૂરના નિર્માણવાળી ફિલ્મ, રાજા નવાથે દિગ્દર્શિત) 'આહ'ના શૂટિંગના દિવસો દરમ્યાન ૧૯૫૩ની ૭મી મે એ એનું અવસાન થયું.

જ્યારે મોહનબાબુ? તવાયફને પરણીને પસ્તાયેલો ભદ્ર કુટુંબનો એ નબીરો જીવનભર જદ્દનબાઈથી હડધૂત થયેલો જ રહ્યો. એક વાર તો ક્રોધની અગ્નિજ્વાળા વચ્ચે જદ્દનબાઈએ મોહનને ઘરની બહાર કાઢી પણ મૂક્યા. એ વખતે એમના ભાઈ તેજભાણે ફરી એમને ટેકો કર્યો અને દિલીપા એમને મનાવીને પાછા પણ લઈ આવી. દરમ્યાન જદ્દનબાઈ અરુણા (જે પાછળથી અરુણા અસફઅલી બન્યા) જેવા ક્રાંતિકારીઓને આશરો આપતી રહી, પણ પતિને કદી સાચવી ના શકી.

આખરે ૧૯૬૦માં મોહનબાબુનું અવસાન થયું ત્યારે પુત્રી નરગિસ એની (અભિનય) કારકિર્દીના શિખર પર હતી, છતાં પિતા મોહનબાબુ ગુમનામીની અંધારી ખીણમાં ખોવાઈ ગયા. ત્યારે નરગિસ સુનિલ દત્તને પરણી ચૂકી હતી અને સંતાન સંજય દત્તની માતા બની ચૂકી હતી.

જદ્દનબાઈએ ૧૯૩૫ની ફિલ્મ 'તલાશે હક્ક'માં સંગીત આપેલું. એ પહેલાની ૧૯૩૪ની ફિલ્મ 'સેવા સદન'માં (સંગીત દિગ્દર્શક) બિડકરના સંગીતમાં – ***'આઈના રખદો કી ઘબરાતા હૈ દિલ, તુમ તો બને તો બિગડ જાતા હૈ દિલ'*** જેવી સુંદર ચીજો ગાઈ હતી. એ પહેલા ૧૯૩૩માં 'રાજા ગોપીચંદ'માં ગુલામ હૈદરના સંગીતમાં 'કહીં મેરા ઠિકાના નહીં જમાને મેં' ગાયું હતું.

જદ્દનબાઈ ૧૯૪૮માં અવસાન પામ્યા.

*(ગુજરાતના વિશ્વપ્રસિધ્ધ સાહિત્યકાર, પત્રકાર અને સંગીત મર્મજ્ઞ શ્રી રજનીકુમાર પંડ્યા લિખિત પુસ્તક 'આપકી પરછાઈયાં'ના લેખ 'સૂલી પર હૈ સેજ પિયાકી'નું પુનર્લેખન, સૌજન્ય સ્વિકાર સાથે.)*

***પ્રેષક : પ્રવીણચંદ્ર શાહ - પનવેલ***

## "પદ્માવતી ફિલ્મનું ફૂલેકું!"

### – લેખના લેખકશ્રીને ગૌરવ ઉપજે તેવી ઘટના

'કચ્છશ્રુતિ' – માસ ડિસેમ્બર ૨૦૧૭ના અંકમાં "રજનું ગજ, વાતનું વતેસર ઉર્ફે પદ્માવતી ફિલ્મનું ફૂલેકું!' – લેખકશ્રી ધન રામપરીઆ લેખિત લેખ પ્રકાશિત થયો છે. સંજય લીલા ભણસાલી દ્વારા દિગ્દર્શિત ફિલ્મ સેન્સર બોર્ડ પાસ કરે અને ફિલ્મ રિલિઝ થાય તે અગાઉ ફિલ્મ સંબંધી અનેક ઘટનાઓ ચારે તરફ ઘટી. વધુમાં, તે ફિલ્મને રિલિઝ થતા અટકાવવા અંગે કોર્ટમાં પણ પીટિશન - અરજીઓ થઈ. આ બધી બાબતોનો ઉપરોક્ત લેખમાં વિગતવાર ઉલ્લેખ થયો છે.

દરમિયાન તાજેતરમાં ફિલ્મ 'પદ્માવતી'ને 'યુ-એ' પ્રમાણપત્ર આપવાની સેન્સર બોર્ડે તૈયારી દાખવી હોય - તેવું જણાય છે. ફિલ્મની કથા 'પદ્માવત' નામના કવિની કલાકૃતિ પર આધારીત હોવાનું દિગ્દર્શકે જણાવ્યું હતું. આથી ફિલ્મનું નામ બદલીને 'પદ્માવત' કરવાનું સૂચન પણ સેન્સર બોર્ડના અધ્યક્ષશ્રી દ્વારા થયું છે. આમ છતાં, સિનેમા સંબંધી વિવાદ પૂર્ણ થયાના સંકેત હજુ જણાતા નથી.

આ ઘટનામાં એક બાબત નોંધનીય છે કે, સિનેમા સંબંધી જે અવલોકન - સેન્સર બોર્ડે કર્યું છે અને તેનાં અનુસંધાનમાં જે વલણ અત્યારે જોવા મળે છે – તે તમામ મુદ્દાઓનો ઉલ્લેખ અને છણાવટ 'કચ્છશ્રુતિ'માં એક માસ અગાઉ પ્રકાશિત થયેલા ઉપરોક્ત લેખમાં છે. આ રીતે જોતાં પ્રસ્તુત લેખના લેખકશ્રીની આ વિષય સંબંધી ઊંડો અભ્યાસ અને તેનાં મુદ્દાઓની છણાવટ કરવાની કાબેલિયતતા સાબિત થાય છે. આ માટે તજજ્ઞ લેખકશ્રીને ગૌરવ ઉપજે તેવી આ ઘટના છે.

આ પ્રકારના અહેવાલ, લેખો પ્રકાશિત કરવા માટે 'કચ્છશ્રુતિ' ફરી એક વખત ઉત્તમ માધ્યમ સાબિત થયું છે.

***– તંત્રી મંડળ***

અતીતમાં નજર

અતીતની અટારીએથી-૯

# આગાખાને રજૂ કર્યું ઇસ્લામિ હક્કપત્ર

● ભરત ભટ્ટ ●

● **ઐતિહાસિક સંદર્ભ :**

મુસ્લિમ પ્રતિનિધિ મંડળના નેતા તરીકે આગાખાને ૧ ઓક્ટોબર, ૧૯૦૬ના રોજ સીમલા ખાતે કરેલા સંબોધનને આ કડીમાં આવર્યું છે. મુસ્લિમ પ્રતિનિધિ મંડળે કરેલી માંગણીઓ મુખ્યત્વે નીચે મુજબ હતી :

૧. નગરપાલિકા, જિલ્લા બોર્ડ, વિધાન મંડળો / ગૃહો વગેરે જેવી લોકતાંત્રિક સંસ્થાઓમાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ માત્ર મુસ્લિમ જ કરી શકે, જેમને મુસ્લિમ મતદાર મંડળ દ્વારા જ ચૂંટવામાં આવે.

૨. આવી રાજકીય સંસ્થાઓની સાથે સાથે ન્યાયતંત્ર, યુનિવર્સિટીની સેનેટ / સિંડીકેટ અને સરકારી નોકરીઓમાં મુસ્લિમોનું પ્રતિનિધિત્વ તેઓના સંખ્યાબળના પ્રમાણ કરતાં વધુ પ્રમાણમાં હોવું જોઈએ.

આ બે મુદ્દા પર તે સમયે ૧૯૦૬ પછીના ચાર દાયકા સુધી મુસ્લિમ રાજકારણ ખેલાયું. આ કડીમાં આગાખાનના આવરી લીધેલા સંબોધન અને વાઇસરોય લોર્ડ મિન્ટોએ તેનો આપેલો પ્રતિભાવ (જે આગામી કડીમાં આવરીશું) તે બંને આ દેશને મુસ્લિમ અલગતાવાદના માર્ગે દોરનારા સિમાચિહ્ન સાબિત થયા.

ડૉ. ભીમરાવ આંબેડકરના શબ્દોમાં : 'આ દસ્તાવેજનું હિંદના ઈતિહાસમાં અત્યંત અગત્યનું અને માર્મિક સ્થાન છે. હિંદના વહીવટમાં મુસ્લિમોની તરફદારી કરવાની બ્રિટીશ શાસનની નીતિની શરૂઆત આ ઘટનાથી થાય છે. કહેવાય છે કે આમ કરવાનો તેઓનો હેતુ મુસ્લિમોને કોંગ્રેસથી અળગા કરવાનો, હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે તિરાડ પાડવાનો અને તેઓની વચ્ચે એકતા રોકવાનો હતો.'

અગાઉની કડી-૫ માં આપણે જોયા મુજબ સર સૈયદ એહમદખાને રચેલી પૂર્વભૂમિકા બાદના આ ઘટનાક્રમને કારણે તેઓ (બ્રિટીશ) તેમનો હેતુ બર લાવવામાં મહદ્અંશે સફળ રહ્યા. માત્ર બે માસ બાદ ડિસેમ્બર ૧૯૦૬માં ઢાકા ખાતે મુસ્લિમ લીગની સ્થાપના થઈ. મુસ્લિમ પ્રતિનિધિ મંડળનું પરિવર્તન એક સ્થાયી સંસ્થા (મુસ્લિમ લીગ)માં થયું, કે જેણે મુસ્લિમ રાજકારણને માર્ગદર્શન પૂરું પાડ્યું. હિંદે તેના માઠાં પરિણામ ભોગવ્યા.

● **વક્તાનો પરિચય :**

*આગાખાન (સુલતાન મહંમદ શાહ)નો જન્મ ૨ નવેમ્બર, ૧૮૭૭ના રોજ કરાંચી ખાતે થયો હતો. ઈસ્માઈલ પંથના મોભી તરીકે તેમના પિતા પછી તેઓએ સ્થાન લીધું અને અઢળક સંપત્તિ તથા પ્રતિષ્ઠાના હક્કદાર બન્યા. થોડા જ સમયમાં તેઓ યુરોપના રહેવાસી બન્યા. પરંતુ હિંદમાં મુસ્લિમોને સ્પર્શતી બાબતો અને રાજકારણમાં ઉંડો રસ લેતા રહ્યા.*

*૧૯૦૬માં વાઈસરોય મિન્ટોને મળેલા મુસ્લિમ પ્રતિનિધિ મંડળની તેઓએ નેતાગીરી લીધી અને એ જ વર્ષે ઢાકા ખાતે મુસ્લિમ લીગની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. તેઓએ અલીગઢ મુસ્લિમ કૉલેજને ઉદાર દિલે સખાવત કરી અને તેને યુનિવર્સિટી બનાવવામાં મદદ કરી. ૧૯૨૯માં મળેલા મુસ્લિમોના સર્વપક્ષીય સંમેલનનું પ્રમુખપદ સંભાળ્યું અને નહેરુ રિપોર્ટને નકારવામાં મુસ્લિમોને માર્ગદર્શન પૂરું પાડ્યું.*

*મુસ્લિમો માટે અલગ મતદારમંડળ રચવાના સિદ્ધાંતને ૧૯૦૯ના કાયદામાં સમાવી લેવા માટે આગાખાને બ્રિટનમાં પોતાના અનેક મિત્ર-સંપર્કોની વગ વાપરીને મુખ્ય ભૂમિકા ભજવી. ૧૦૩૦-૩૧માં લંડન ખાતે યોજાયેલી ગોળમેજી પરિષદમાં હાજર રહ્યા અને મુસ્લિમ હિતો માટે લડ્યા. તે પછી તેઓ રાજકારણમાં સક્રિય ન હતા, પરંતુ પાકિસ્તાનની રચના પછી તેઓએ અનેકવાર પાકિસ્તાનની મુલાકાત લીધી. ૧૧ જુલાઈ, ૧૯૫૭ના રોજ સ્વિટ્ઝર્લેન્ડમાં તેઓનું નિધન થયું અને આસ્વાન, ઈજિપ્ત ખાતે તેમને દફનાવવામાં આવ્યા.*

● **વક્તવ્ય :**

હિંદના આ વિશાળ ખંડમાં નિવાસ કરતા જુદી જુદી વંશીય જાતિના અલગ અલગ ધર્મ સંપ્રદાયને અનુસરનારા કરોડો લોકો પર બ્રિટીશ શાસને જે આંકી ન શકાય એવા લાભ વરસાવ્યા છે તેનો પૂરેપૂરો અહેસાસ અને મોલ છે. અત્યારે અમે જે શાંતિ, સલામતી, વ્યક્તિ સ્વાતંત્ર્ય અને ધર્મ

સ્વાતંત્ર્ય માણી રહ્યા છીએ, તે માટે દરેક રીતે અમે આભારી છીએ. આ વિવેકપૂર્ણ શાસન પાસેથી યોગ્યપણે અપેક્ષા સેવી શકાય કે આ લાભો ઉત્તરોત્તર વધશે અને ભવિષ્યમાં સભ્ય રાષ્ટ્રોના સમૂહમાં હિંદના સ્થાનની મહત્તા વધતી જશે.

૧૯૦૧ની વસતિ ગણતરી મુજબ, કુલ મળીને લગભગ સવા છ કરોડ (અથવા તો કુલ વસતિના ૨૦ ટકા અને ૨૫ ટકા વચ્ચેનો હિસ્સો) મુસલમાન બ્રિટીશ શાસન તળેના હિંદમાં વસે છે. જો એનિમિસ્ટ, ગૌણ ધર્મો તથા સામાન્યપણે હિંદુમાં ગણાતા પણ ખરેખર હિંદુ નથી એવા બધા બિનસભ્ય લોકોને બાદ કરવામાં આવે તો હિંદુ બહુમતીની સરખામણીમાં મુસ્લિમોનું પ્રમાણ ઘણું મોટું થશે. તેથી અમે, કે જેઓની સંખ્યા રશિયા સિવાયની કોઈ પણ પ્રથમ કક્ષાની યુરોપિય સત્તાની કુલ વસતિ કરતાં વધુ છે, તેવા (હિંદના મુસ્લિમો) યાચના કરીએ છીએ કે રાજ્યમાં અમને મહત્ત્વના અંગ તરીકે યોગ્ય સ્વીકૃતિ મળે.

આપ નામદારની પરવાનગી સાથે એક ડગલું આગળ વધતાં અમે હિંમત કરીને આગ્રહ કરીએ છીએ કે કોઈપણ પ્રકારના પ્રતિનિધિત્વ, સીધા કે આડકતરા અને મુસ્લિમોનાં દરજ્જો અને વગને સ્પર્શતી દરેક બાબતમાં, માત્ર સંખ્યાબળને આધારે જ નહીં પરંતુ તેઓના રાજકીય મહત્ત્વ તથા સામ્રાજ્યના રક્ષણમાં કરેલા પ્રદાનને આધારે મુસ્લિમ કોમને સ્થાન આપવામાં આવે. અમે એ પણ આશા સેવીએ છીએ કે સો વર્ષ અગાઉ મુસ્લિમો હિંદમાં જે સ્થાન ભોગવતા હતા અને જેની પરંપરા તેઓના દિમાગમાંથી સ્વાભાવિકપણે ભૂંસાઈ નથી, તે બાબત આપ નામદાર આ સંદર્ભમાં મહેરબાની કરીને ધ્યાનમાં લેશો.

આરંભમાં જ અમારે કહેવું છે કે હિંદના લોકો માટે યુરોપીય પ્રકારની પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ નવીન બાબત છે અને આ કહેવા બદલ આપ નામદાર ક્ષમા કરશો એવી આશા છે. હકીકતમાં અમારી કોમના ઘણા વિચારી શકતા સભ્યો માને છે કે હિંદની પ્રવર્તમાન સામાજિક, સાંપ્રદાયિક અને રાજકીય પરિસ્થિતિને અનુકૂળ થઇને આ સંસ્થાઓ સફળતાપૂર્વક અપનાવવી હોય તો તે અગાઉ ઉંડો વિચાર કરી અત્યંત કાળજી અને સાવચેતી લેવી જરૂરી છે. આવી કાળજી અને સાવચેતી વગર લેવાતું પગલું અનેક દૂષણો વચ્ચે અમારા કોમી હિતોને અસંવેદનશીલ બહુમતીની દયા પર છોડી દેશે.

ચૂંટણીની વાત કરીએ તો એ લગભગ અશક્ય છે કે મતદાર મંડળો કોઈ મુસ્લિમ ઉમેદવારનું નામ શાસનની મંજૂરી માટે ક્યારેય પણ રજૂ કરે, સિવાય કે તે ઉમેદવાર બધી અગત્યની બાબતોમાં બહુમતી સાથે સંમત હોય. ગેરમુસ્લિમ પ્રજાજનો પોતાના સંખ્યાબળનો લાભ લઈ પોતાની જ કોમના સભ્યોને મત આપે; અથવા તો હિંદુ ન હોય તેવા ઉમેદવાર કે જેની પાસે અપેક્ષા હોય કે તે મતદાનમાં હિંદુ બહુમતીને સાથ આપશે, કે જેથી ભવિષ્યની ચૂંટણીમાં હિંદુ બહુમતી તેને ફરીવાર ચૂંટે, તો વાજબીપણે અમે તેમાં દોષ ન કાઢી શકીએ.

તેમ છતાં મુસ્લિમો પોતાના આગવા હિતો સાથે એક જુદી જ કોમ છે અને તેઓનું પૂરતું પ્રતિનિધિત્વ આજ સુધી ન હોવાને કારણે તેઓએ સહન કરવું પડ્યું છે, તે વાતને નકારી શકાય નહીં.

તેથી અમે શાસનને યાચના કરીએ છીએ કે મહેરબાની કરીને હિંદના બધા જ પ્રાંતોની સર્વ પ્રકારની સેવાઓમાં મુસલમાનો માટે હંમેશાં યોગ્ય પ્રમાણમાં સ્થાન રાખશો.

અમે એ કહેવાનું સાહસ કરીએ છીએ કે સામાન્યપણે હિંદના બધા જ ભાગોમાં ઉચ્ચ ન્યાયાલયો અને મુખ્ય ન્યાયાલયોમાં મુસલમાન ન્યાયાધીશોની નિમણૂંક ઓછી થાય છે અને તેથી મુસલમાનો દુભાયેલા છે. આ ન્યાયાલયોની રચના થઈ ત્યારથી માત્ર ત્રણ મુસલમાન વકીલોની નિમણૂંક આ પ્રતિષ્ઠિત સ્થાનો માટે થઈ છે અને આ ત્રણેય જણાએ આ બેંચ પર તેમની બઢતીને પૂરો ન્યાય આપ્યો છે.

નગરપાલિકાઓએ અને જિલ્લા બોર્ડોએ સ્થાનિક લોકોના સ્વાસ્થ્ય, સુખાકારી, શિક્ષણ અને ધાર્મિક બાબતોને સ્પર્શતા અગત્યના હિતોની જાળવણીનાં કામ કરવાનાં હોય છે. આ બોર્ડ પર મુસલમાનોના સ્થાનોના નિયમન બાબત હાલમાં કોઈ જ માર્ગદર્શક સિદ્ધાંત નથી, કે જેનો સર્વ સામાન્ય ઉપયોગ થઈ શકે. જુદા જુદા વિસ્તારોમાં જુદી જુદી રીતે તેનું વ્યવહારમાં આચરણ થાય છે. અમારું સૂચન છે કે પંજાબમાં ઘણે ઠેકાણે છે એ રીતે બંને કોમને પોતપોતાના પ્રતિનિધિ (બોર્ડ પર) મોકલવાની છૂટ હોવી જોઈએ. એ જ પ્રમાણે હિંદની યુનિવર્સિટીઓની સેનેટ અને સિંડીકેટનું પણ થવું જોઈએ. એટલે કે શક્ય હોય ત્યાં સુધી, તે બંને પર મુસ્લિમ પ્રતિનિધિત્વનું પ્રમાણ નક્કી કરતું અધિકૃત જાહેરનામું હોવું જોઈએ.

હવે અમે દેશના વિધાનગૃહોમાં અમારા પ્રતિનિધિત્વના મુદ્દા પર આવશું. અમારું નમ્ર નિવેદન છે કે નગરપાલિકા અને જિલ્લાબોર્ડની માફક, પ્રાંતીય કાઉન્સિલમાં મુસ્લિમ બેઠકોનું પ્રમાણ (અગાઉ જણાવેલા) અગત્યના મુદ્દાઓને ખ્યાલમાં રાખીને નક્કી કરીને જાહેર કરવું જોઈએ.

સામ્રાજ્યના વિધાન મંડળ / ગૃહ (Imperial

Legislative Council)માં અમારા હિતોનું પ્રતિનિધિત્વ એ એક અત્યંત મહત્ત્વની બાબત હોઈ, અમારું સૂચન છે કે તે કોમના સંખ્યાબળ પર આધારિત ન હોવું જોઈએ. કોઈ પણ સંજોગોમાં મુસ્લિમ પ્રતિનિધિત્વ બિનઅસરકારક લઘુમતીમાં ન હોવું જોઈએ.

અમારી કોમના કલ્યાણને ગાઢ રીતે સ્પર્શતી બાબત અંગે આપ નામદારને અમે યાચિકા રજૂ કરીએ છીએ. અમને પૂરી શ્રદ્ધા છે કે એક કોમ તરીકે અમારી આકાંક્ષાઓ અને ભાવિ ઉન્નતિના પાયાનો આધાર બનશે એક મુસ્લિમ યુનિવર્સિટી, કે જે અમારી ધાર્મિક અને બૌદ્ધિક જીવનનું કેન્દ્ર હશે. તેથી અમે અત્યંત આદરપૂર્વક પ્રાર્થના કરીએ છીએ કે આપ નામદાર અમારી કોમને જેમાં ઉંડો રસ છે તેવા આ સાહસમાં મદદરૂપ થવા યોગ્ય પગલાં લેશો.

સમાપનમાં અંતે, અને આપ નામદારને પ્રાર્થનાભરી ખાતરી આપીએ છીએ કે હિંદના જાહેર જીવનમાં વિકાસના આ તબક્કે, સાર્વભૌમ સમ્રાટના મુસ્લિમ પ્રજાજનોને, આ સંબોધનમાં રજૂ કરેલી દિશામાં મદદ કરવાથી આપ નામદાર તેઓની (મુસ્લિમોની) તાજ પ્રત્યેની અમલી વફાદારીનો પાયો સુદ્રઢ કરશો અને તેઓની રાજકીય ઉન્નતિ તથા સમૃદ્ધિઓનો પાયો નાંખશો. આમ કરવાથી આગામી અનેક પેઢીઓ આપ નામદારનાં નામને આભારની લાગણી સાથે યાદ રાખશે.

***નોંધ*** : આગાખાનના ઉપરોક્ત સંબોધનના વાઈસરોય લોર્ડ મિન્ટોએ એ જ દિવસે એ જ સ્થળે આપેલા પ્રતિભાવને આગલી કડીમાં આવરીશું.

***મો. ૯૯૦૯૯ ૧૦૦૯૨***

## "મેઘધનુષ્યના રંગો" ગેમના જવાબ

(૧) ગોલ્ડન ટેમ્પલ, (૨) બ્લેક ફોરેસ્ટ, (૩) કાલા પાની, (૪) બ્લેક બોર્ડ, (૫) કાલીમા, (૬) ગ્રીન કાર્ડ, (૭) યલો ફીવર, (૮) રાતો સમુદ્ર, (૯) પીળા રૂમાલની ગાંઠ, (૧૦) બ્રાઉન સુગર, (૧૧) મફતલાલ, (૧૨) સફેદ રણ, (૧૩) સુવર્ણ, (૧૪) બ્લેક બેલ્ટ, (૧૫) મેરી ગોલ્ડ, (૧૬) રેડ લેબલ, (૧૭) શ્યામ સુંદર, (૧૮) વ્હાઈટ હાઉસ, (૧૯) લાલ બહાદુર શાસ્ત્રી, (૨૦) કોફી, (૨૧) લાલ બાદશાહ, (૨૨) ગ્રેહામ બેલ, (૨૩) ઓરેન્જ - નારંગી, (૨૪) કેસરી નંદન, (૨૫) બ્લેક - કાલિયા, (૨૬) કાળો ડુંગર, (૨૭) બ્લ્યુ બર્ડ, (૨૮) ચેરી રેડ, (૨૯) બ્રાઉન પેપર, (૩૦) યલો પેજીસ, (૩૧) રેડ ક્રોસ, (૩૨) પરપલ, (૩૩) બ્લ્યુ ફિલ્મ, (૩૪) બ્રાઉન બ્રેડ, (૩૫) ગ્રીન પાર્ક, (૩૬) પીળો કલર, (૩૭) પીંક સિટી, (૩૮) સફેદ કબૂતર, (૩૯) લાલ કિલ્લો, (૪૦) કાળા.

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
KARMA
CHEMICAL INDUSTRIES
Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather
● FACTORY ●
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
● RESIDENCE ●
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
● PACKED & MARKETED BY ●
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

# ગુજરાતી ભાષાના ઉત્કૃષ્ટ બાળવાર્તાકારોની મોજભરી વાર્તાઓનો રસથાળ

## 'ગૂર્જર-બાળવાર્તાવૈભવ'શ્રેણી

**સંપાદકો : યશવંત મહેતા, શ્રદ્ધા ત્રિવેદી**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | ગિજુભાઈ બધેકાની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 | 11. | પ્રભુલાલ દોશીની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 100 |
| 2. | રમણલાલ ના. શાહની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 | 12. | અરુણિકા મનોજ દરૂની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 3. | નાગરદાસ ઈ. પટેલની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 100 | 13. | યશવંત મહેતાની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 4. | હરિપ્રસાદ વ્યાસની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 100 | 14. | ઈશ્વર પરમારની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 5. | રમણલાલ સોનીની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 | 15. | રમેશ ત્રિવેદીની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 6. | જયભિખ્ખુની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 100 | 16. | સાંકળચંદ જે. પટેલની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 7. | રતિલાલ સાં. નાયકની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 | 17. | હુંદરાજ બલવાણીની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 8. | મધુસૂદન પારેખની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 100 | 18. | રક્ષાબહેન પ્ર. દવેની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 9. | હરીશ નાયક શ્રદ્ધા ત્રિવેદીની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 100 | 19. | શ્રદ્ધા ત્રિવેદીની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |
| 10. | નવનીત સેવકની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 100 | 20. | નટવર પટેલની શ્રેષ્ઠ બાળવાર્તાઓ | 125 |

## અમૃપર્વ યોજનાનાં પ્રાણવાન પ્રકાશનો

**ગૂર્જરની ૭૫ વર્ષની ગૌરવયાત્રાના અમૃતપર્વ પ્રસંગે, વિવિધ લેખકોનાં વિવિધ સાહિત્ય-સ્વરૂપનાં પ્રકાશિત કુલ ૧૨ પુસ્તકોની કિંમત માત્ર ૭૫૦ રૂપિયા**






| | | |
|---|---|---|
| 1. | સરસ્વતીચંદ્ર (સંક્ષિપ્ત કથાસ્વરૂપ) | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી |
| 2. | જય સોમનાથ (નવલકથા) | ક. મા. મુનશી |
| 3. | દરિયાલાલ (નવલકથા) | ગુણવંતરાય આચાર્ય |
| 4. | ધૂમકેતુ વાર્તાવૈભવ (નવલિકાઓ) | ધૂમકેતુ |
| 5. | દ્વિરેફ વાર્તાવૈભવ (નવલિકાઓ) | રા. વિ. પાઠક 'દ્વિરેફ' |
| 6. | રસધારની વાર્તાઓ (નવલિકાઓ) | ઝવેરચંદ મેઘાણી |
| 7. | અમાસના તારા (આત્મકથા) | કિશનસિંહ ચાવડા |
| 8. | મારા અનુભવો (આત્મકથા) | સ્વામી સચ્ચિદાનંદ |
| 9. | ફાધર વાલેસ નિબંધવૈભવ (લેખો) | ફાધર વાલેસ |
| 10. | સ્વામી આનંદ નિબંધવૈભવ (લેખો) | સ્વામી આનંદ |
| 11. | જ્યોતીન્દ્ર દવે હાસ્યવૈભવ (હાસ્યલેખો) | સંપા. રતિલાલ બોરીસાગર |
| 12. | ગૂર્જર કાવ્યવૈભવ (કાવ્યો) | સંપા. ચિમનલાલ ત્રિવેદી |






# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001 ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759 ઈમેલ : gurjarprakashan@gmail.com

વાયબ્રન્ટ હાસ્ય

# લાફ્ટર થેરાપી

## લાફ્ટર ઇસ ધી બેસ્ટ મેડિસિન - (૧)

• તુલસી કંસારા •

શનિવાર, તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૧૭ના સાંજે લાફિંગ ક્લબ અમદાવાદ (ઇન્ડિયા) અને સદ્‌વિચાર પરિવારના સંયુક્ત ઉપક્રમે યોજાતી હેલ્થને લગતી વ્યાખ્યાન શ્રેણીમાં ડૉ. સુધીર મોદીએ સાયકો - સોમેટિક દર્દો (મન અને શરીરના રોગ કે માનસિક તાણને લીધે થયેલ અથવા વધેલ રોગ) વિશે વાત કરેલ. તેમાં તેમણે મોટાભાગના દર્દો, આપણે જેને રાઈનો પર્વત કહીએ તે પ્રકારના, રજનો ગજ કરતા આપણા મગજને કારણે થતા હોય છે! જો પ્રાથમિક વસ્તુ સમજી લેવામાં આવે, જેમકે પ્રથમ તો દરેક વ્યક્તિએ સવારનો નાસ્તો અચૂક કરવો જોઈએ કારણકે આખી રાત્રિ દરમિયાન તમે રાત્રે લીધેલું ભોજન પચી ગયેલ હોય અને યાદ રાખો કે તમે ૨૪ કલાકમાં ત્રણેક વખત લેતા ભોજન વચ્ચેના અંતરમાં આ સૌથી લાંબો ગાળો હોય છે. તેથી સવારે નવી એનર્જી લીધેલ હોય તો તે આખો દિવસ તમને સ્વસ્થ રાખે, કહો કે પેટ્રોલ પૂરું પાડે! બીજી બાબત દરેક વ્યક્તિએ તેના દરેક અંગોને સવારે ત્રીસેક મિનિટ માટે કસરત આપવી જોઈએ, પછી તે યોગાસનો હોય કે જીમ, સ્વિમિંગની કસરત હોય કે લાફિંગ ક્લબની વોર્મઅપ, હોલબોડી “હેડ (શિર્ષ - માથુ - મસ્તક)થી ટો” કે પગના અંગુઠા સુધીની અને સ્નાયુઓ તેમજ મસલ્સને કસરત આપતી સ્ટ્રેચિંગ અને બેન્ડિંગ તેમજ ડીપ બ્રિધિંગ સુધીની દરેક બાબતોને આવરી લેતી ડૉ. મુકુંદ મહેતા દ્વારા વિચારપૂર્વક વિકસાવાયેલ લાફ્ટર થેરેપીની કસરતો હોય. અને ત્રીજી બાબત તમારે સાંજે પણ ત્રીસેક મિનિટ ચાલવાનું રાખવું જોઈએ. બ્રિસ્ક વોકિંગ હોય તો વધારે સારું. આટલું થાય તો ઊંઘ પણ સરસ જ આવે અને સાયકો સોમેટિકની અસરમાંથી બચી શકાય.

અમદાવાદમાં ચાલતી ૩૦૦ ઉપરની સંખ્યાની કે અન્ય સ્થળોએ ચાલતી કોઈપણ લાફિંગ ક્લબની તમે મુલાકાત લેશો અને જોશો તો તેના મોટાભાગના સભ્યો સાંઈઠની નજદીકના કે તે ઉંમર વટાવી ચૂકેલા વયસ્ક નાગરિકો હશે, જેઓ ડોક્ટર પાસે જવાને બદલે સવારે એક કલાક પોતાની તંદુરસ્તી અને મનદુરસ્તી માટે પોતપોતાની ક્લબના સ્થળે મળે છે, કસરતો કરે છે, ખડખડાટ હસે છે અને અવનવા વિચારો, વાંચન અને અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રહીને આખો દિવસ સરસ રીતે પસાર કરતાં બીજા દિવસની સવારની આતુરતાપૂર્વક રાહ જોતા રાત્રે નિરાંતની મીઠી નિંદ્રા માણે છે.

કોઈપણ ઉપચારશાસ્ત્ર, ઉપચાર પદ્ધતિ, રોગોપચારને અંગ્રેજીમાં થેરેપી કહેવામાં આવે છે. પરંતુ રોગ ન થયો હોય છતાં પણ રોગને આવતો અટકાવવા માટે કરવામાં આવતી કસરતોને લાફ્ટર થેરેપી કહેવામાં આવે છે. જેમાં રોગ કે વ્યાધિ કે માંદગીને કોઈ સ્થાન જ નથી. લાફિંગ ક્લબની આ કસરતો એટલે માત્ર હસવાનું નથી, પ્રાણાયામ - પ્રાણનો આયામ છે. ખુલ્લા આકાશ નીચે કરવામાં આવતી વોર્મિંગ અપથી લઈને હોલબોડી સુધીની કસરતો છે. સ્ટ્રેચિંગ અને બેન્ડિંગ છે, આંખોને સચેત રાખવાની કસરતો પણ છે. પગના અંગુઠાથી શરીરના શિરમોર જેવા ચહેરા અને ગરદનની કસરતો છે વગેરે, જે વિવિધ કસરતો અને તેના ફાયદાઓ વિશે આપણે અવગત થઈશું આ લેખમાળામાં.

તમે અમદાવાદ, રાજકોટ, સુરત કે વડોદરા જેવા શહેરોની મુલાકાતે હોવ અને ત્યાં વહેલી સવારે ફરવા નીકળ્યા હો અને કોઈ ધાબેથી કે કોઈ બગીચામાંથી, કોઈના પ્રાંગણમાંથી કે કોઈ ખુલ્લા મેદાનમાંથી “હા..હા... હો...હો...”ના અવાજ સંભળાય અને ત્યારબાદ “હા..હા...હા...હા...” કરતું અટ્ટહાસ્ય સંભળાય તો ડરતા નહીં. તે ચોક્કસ ‘લાફિંગ ક્લબ (ઇન્ડિયા)’ની એકાદ શાખા હશે, કોઈ ગાંડાની હોસ્પિટલ નહીં. અને તમે નજદીક જઈને જોશો તો તમને રૂડો આવકાર પણ મળશે અને તમે જો ઇચ્છશો તો બે દિવસમાં તમે તેમની સાથે કસરતો કરતા થઈ જશો.

પ્રથમ તો જાણી લો કે આ ક્લબની કોઈ મેમ્બરશિપ ફી નથી, તે નિઃશુલ્ક છે. માટે તમારે તમારા ગજવામાં હાથ નાખવાનો નથી. ભગવાન ના કરે ને તમારે કોઈ ડૉક્ટર પાસે જવાનું થાય તો તમારી પાસે ખિસ્સું હોવું જરૂરી છે અને ક્યારેક તો તે ખાસ્સું એવું ઊંડું અને મોટું પણ હોવું જોઈએ. અને સારી સારવાર માટે તેમાં રૂપિયા પણ જોઈએ. હજુ ઘણા ડૉક્ટરો રોકડીમાં માને છે તેથી ક્રેડિટ કાર્ડની દલીલ આવકાર્ય નથી. તેથી જ તમને જ તમારી તંદુરસ્તીની ચિંતા ન

હોય તો તમારા ખિસ્સાની તંદુરસ્તી તપાસી રાખજો. પરંતુ પોતાની તંદુરસ્તીને દુરસ્ત રાખવા માટે "લાફિંગ ક્લબ"ની કસરતો કરવાથી ફાયદો તમે અનુભવો તો જ જાણો. જો આવા અનુભવો લખવા બેસું તો આ લેખ આખો આવેલા અનુભવોથી જ ભરાઇ જાય.

આમ છતાં મારો પોતાનો અનુભવ વાંચકો સાથે શૅર કર્યા વગર રહી શકતો નથી. ત્રીસેક વરસ પહેલાં, મારી નોકરી દરમિયાન, એક ઢળતી સાંજે હું મારી ઓફિસની ખુરશીમાંથી ઊભો જ ના થઈ શક્યો. કરોડરજ્જુના છેલ્લા મણકાઓની ગાદીમાં ક્યાંક ગરબડ થઈ ગયેલ. જેને કારણે શરીર જકડાઈ ગયેલ. બેલ મારી. ચોકીદાર અંદર આવ્યો. પટાવાળો કદાચ આજુબાજુમાં હશે. મારા સદ્‌નસીબે એકાદ-બે ઓફિસરો પણ હાજર હતા, જેમણે મને ઘેર પહોંચાડવાની વ્યવસ્થા કરેલ અને ત્યારબાદ દિવાળીનું લાંબું વેકેશન, લગભગ ૨૦-૨૨ દિવસનું, મારે પથારીમાં રહીને ગાળવું પડેલ! ત્યારબાદ હાડકાના ડૉક્ટરની સારવાર અને તેમણે દેખાડેલ કસરતોને કારણે ધીરે ધીરે સારું તો થયેલ, પરંતુ ડૉક્ટરની કડક સૂચના કે નીચે પડી ગયેલી કોઈ પણ વસ્તુ ઊંચકવાની થાય તો વાંકા વળીને ન ઉપાડવી, પરંતુ ગોઠણ વાળીને, ઉભડક કે અધ્ધર બેસીને જ ઉપાડવી, નમીને નહીં જ. જો કમરથી વળશો તો ફરી કરોડરજ્જુને નુકસાન થવા સંભવ છે. **ત્યારબાદ લગભગ એકાદ દાયકા પછી આ "લાફિંગ ક્લબ"ના પ્રણેતા ડો. મુકુંદ મહેતાને, તેમના કચ્છના પ્રવાસ દરમિયાન ભુજમાં જ મળવાનું થયેલ.** બેંકર્સ ક્લબના પ્રમુખને નાતે, તેમનું વ્યાખ્યાન બેંકર્સ ક્લબ તરફથી અમારી બેંકમાં જ ગોઠવેલ અને લાફિંગ ક્લબની સ્થાપના પણ કરેલ.

તેમના વ્યાખ્યાનની આખરે સવાલ-જવાબમાં મેં મારી મુશ્કેલી જણાવી કે, ડૉક્ટર સાહેબ તમે જે કસરતો દર્શાવી તેમાંથી વાંકા વળવાની કસરત કરવાની મને અન્ય ડૉક્ટરે મનાઈ ફરમાવેલ છે. જવાબમાં, તેમણે તેમની લાક્ષણિક શૈલીમાં હસતાં હસતાં કહ્યું કે હું બેઠો છું ને... "મૈં હૂં ના!" અને તે દિવસ અને આજની ઘડી સુધી મને મારી ૭૨ વરસની મંજિલમાં હજુ સુધી કરોડરજ્જુની કોઈ મોટી તકલીફ થયેલ નથી કારણકે હું તેમની બધી જ કસરતો અહીં અમદાવાદની સમર્પણ લાફિંગ ક્લબ, જે સદ્‌વિચાર પરિવારના પ્રાંગણમાં આવેલ છે, ત્યાં છેલ્લા વીસેક વરસથી કરું છું. હું તેમને મજાકમાં કહું છું કે ડૉક્ટર, તમારે કારણે મને આજ દિવસ સુધી (સવારની કસરતો સિવાય) ક્યારેક વાંકા વળવાની જરૂરિયાત જ ઊભી નથી થઈ! આટલો આત્મવિશ્વાસ આ ઊંડા શ્વાસો લેવાની "લાફિંગ ક્લબ"ની કસરતો અને તેમના પરિણામે, સૌને પોતીકા લાગતા ડૉ. મહેતા જ આપી શકે.

Last & First – Life is better when you're laughing!

## ગુજરાતના વાહનો પર નંબર પ્લેટ અંગે જાણકારી

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | GJ - 1 | અમરેલી | GJ - 14 | અમદાવાદ (ઈસ્ટ) | GJ - 27 |
| મહેસાણા | GJ - 2 | વલસાડ | GJ - 15 | સુરત (વેસ્ટ) | GJ - 28 |
| રાજકોટ | GJ - 3 | ભરૂચ | GJ - 16 | વડોદરા (રૂરલ) | GJ - 29 |
| ભાવનગર | GJ - 4 | ગોધરા | GJ - 17 | ડાંગ | GJ - 30 |
| સુરત સિટી | GJ - 5 | ગાંધીનગર | GJ - 18 | મોડાસા | GJ - 31 |
| વડોદરા | GJ - 6 | બારડોલી | GJ - 19 | ગીર સોમનાથ | GJ - 32 |
| નડિયાદ | GJ - 7 | દાહોદ | GJ - 20 | બોટાદ | GJ - 33 |
| પાલનપુર | GJ - 8 | નવસારી | GJ - 21 | છોટા ઉદેપુર | GJ - 34 |
| હિંમતનગર | GJ - 9 | નર્મદા | GJ - 22 | લુણાવાડા | GJ - 35 |
| જામનગર | GJ - 10 | આણંદ | GJ - 23 | મોરબી | GJ - 36 |
| જૂનાગઢ | GJ - 11 | પાટણ | GJ - 24 | દેવભૂમિ દ્વારકા | GJ - 37 |
| કચ્છ (ભુજ) | GJ - 12 | પોરબંદર | GJ - 25 | | |
| સુરેન્દ્રનગર | GJ - 13 | વ્યારા | GJ - 26 | | |

સ્વાસ્થ્ય

# મને વધારે પડતા વિચારો આવે છે – (૧)





ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

વિચારો, એ મનની પ્રક્રિયા છે. સામાન્ય રીતે દરેક વ્યક્તિને વિચારો આવે જ છે. ભાગ્યે જ એવી નોર્મલ વ્યક્તિ હશે કે જે જાગૃત અવસ્થામાં વિચારો વગર રહી શકે (ઋષિમુનિઓ સિવાય).

નોર્મલ વ્યક્તિને વિચારો આવ્યા જ કરે છે. એ વિચારો પર વ્યક્તિનો પોતાનો કાબૂ હોય છે. વ્યક્તિને જે વિચારો કરવા હોય એ વિચારો કરી શકે છે. વિચારો જે વિષય પર વ્યક્તિને કરવા હોય એ જ વિષય પર વિચાર કરે છે. સામાન્ય રીતે પોતાના રોજિંદા વહેવાર પર વિચારોના લીધે નકારાત્મક અસર થતી નથી. પરંતુ જો –

૧. વધારે પડતા વિચારો આવતા હોય.
૨. વિચારો પર વ્યક્તિનો કાબૂ ન હોય.
૩. વારંવાર મરવાના વિચારો આવતા હોય
૪. અકારણ શંકાઓ થતી હોય
૫. વિચારોને લીધે રોજિંદા જીવન વહેવાર, કામ પર નકારાત્મક અસર થતી હોય.

ઉપરોક્તમાંથી એક અથવા એનાથી વધારે પ્રશ્નોના જવાબ "હા" માં હોય તો એ મનની બીમારીના લક્ષણો છે. મનોવૈજ્ઞાનિક વૈદ્યકીય તપાસ (Mental Status Examination – MSE)માં વિચારોની વૈદ્યકીય તપાસ મનોચિકિત્સક કરે છે. જેમાં (૧) વિચારોની હારમાળા (flow of thoughts) (વિચારો સતત આવે છે કે ત્રુટક ત્રુટક) તથા (૨) વિચારોનો વિષય (Content of thoughts) પર ઉંડાણમાં જાણકારી મેળવાય છે. એના પરથી મનની (માનસિક) બીમારીનું નિદાન કરવામાં સરળતા થાય છે.

- **કેસ સ્ટડી :**

૩૮ વર્ષના વિવેકને ઘણા બધા વિચારો આવતા હતા. મોટાભાગના વિચારો નકારાત્મક હતા. છેલ્લા એકાદ વર્ષથી વિચારો આવતા હતા. ત્રણેક મહિનાથી વિચારોનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. ઘણી વખત વિવેક વિચારોમાં એટલો ખોવાઈ જતો હતો કે આજુબાજુ શું ચાલી રહ્યું છે એનું પણ એને ભાન ન રહેતું.

માતા-પિતા, ભાઈ તથા પરિવારજનોએ વિવેકને ખૂબ સમજાવ્યો. બધાએ વિચાર ન કરવાની સલાહ આપી. પરંતુ પરિણામ શૂન્ય આવ્યું. વિચારો વધતા ગયા. સૌને લાગ્યું કે વિવેકને વિચાર કરવાનું છોડવું નથી. એને નોર્મલ થવું નથી. પરિવારજનોને એમ લાગતું ન હતું કે વિવેકને પોતાના વિચારો પર કાબૂ નથી. વિચારો પોતાની મેળે આવે છે. **આ એક મનની (માનસિક) બીમારી છે તથા સલાહ આપવાને બદલે મનોચિકિત્સક પાસે નિદાન કરાવી યોગ્ય સારવાર કરાવવી જોઈએ એવું કોઈને પણ લાગતું ન હતું.**

વિવેકના મોટા ભાઈએ વાતવાતમાં પોતાના મિત્ર જોડે વાત કરી ત્યારે મિત્રે જણાવ્યું કે વધારે પડતા વિચારો આવવા તથા વિચારો પર વ્યક્તિનો કાબૂ ન રહેવો એ એક મનની બીમારીનું લક્ષણ છે. એ માટે મનોચિકિત્સકને કન્સલ્ટ કરવા જરૂરી છે તથા યોગ્ય સારવાર કરવી અત્યંત આવશ્યક છે.

પરિવારજનો વિવેકને લેખક પાસે કન્સલ્ટેશન માટે લઈ આવ્યા. મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી વિવેકની વૈદ્યકીય તપાસ કરી. વિચારો વિશે તથા વિચારોના વિષય વિશે ઊંડાણથી તપાસ કરી (Content of thoughts). નીચે પ્રમાણેની ઉપયોગી માહિતી મળી. જેથી મનોવૈજ્ઞાનિક નિદાન (Psychiatric Diagnosis) કરવું સરળ બન્યું.

૧. **નકારાત્મક વિચારો :** નકારાત્મક વિચારો આવતા હતા. અથાગ પ્રયત્નો છતાં વિચારો આવ્યા કરતા હતા. વિચારો પર વિવેકનો કાબૂ ન હતો. "હું નકામો છું, હું હવે કોઈ કામનો નથી." "ભવિષ્યમાં કાંઈપણ સારું નહીં થાય." "મને કાંઈ આવડતું નથી. હું નિષ્ફળ વ્યક્તિ છું." વગેરે.

૨. **અંધકારમય ભવિષ્યના વિચારો :** "ભવિષ્યમાં કાંઈ સારું નહીં થાય." "બધું નુકસાન જ થવાનું છે." "ધંધામાં ખોટ જશે." "આપણે પાયમાલ થઈ જશું."

૩. **અપરાધભાવના વિચારો :** વિવેકને વિચારો આવતા હતા કે "હું મારા કુટુંબીજનો માટે બોજારૂપ છું." "મારે લીધે બધા દુઃખી થાય છે." "મારે લીધે કાકા માંદા પડ્યા છે." (વિવેકના કાકા થોડાક સમયથી બીમાર પડ્યા હતા.)

૪. **મરવાના વિચારો :** વિવેકને થતું હતું કે "જિંદગી જીવવા જેવી નથી. આના કરતા મોત સારું." "ભગવાન મને જલ્દી ઉપાડી લે." "હું મરી જઈશ તો પરિવારજનો મારાથી છૂટશે."

૫. **આત્મહત્યાના વિચારો :** વિવેકને વચ્ચે વચ્ચે વિચારો આવતા હતા કે "આત્મહત્યા કરીને મરી જવું જોઈએ." વિવેકે આત્મહત્યા કરવાની અલગ અલગ પદ્ધતિઓ વિશે જાણકારી પણ મેળવી હતી. ક્યારે અને કેવી રીતે આત્મહત્યા કરવી એનું આયોજન વિવેક કરી રહ્યો હતો.

● **વિચારો સિવાયના અન્ય લક્ષણો :**

૧. રાત્રે ઊંઘ ઓછી આવતી હતી.
૨. ભૂખ ઓછી થઈ ગઈ હતી.
૩. નબળાઈ - અશક્તિ લાગતી હતી.
૪. માથું ભારી રહેતું હતું.
૫. શરીરમાં કળતર રહેતી હતી.
૬. વજન ત્રણ કિલો જેટલું ઓછું થઈ ગયું હતું.

● **નિદાન :**

વિચારોનું પૃથક્કરણ તથા અન્ય લક્ષણો પરથી વિવેકના કેસનું હતાશાની બીમારીનું નિદાન કર્યું.

**મનની બીમારીનું નિદાન લક્ષણો પરથી કરાય છે, નકારાત્મક પ્રસંગો કે સ્ટ્રેસ પરથી નહીં.**

હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant Medication) શરૂ કરી. બે અઠવાડિયાની સારવારમાં ફાયદો જોવા મળ્યો. ત્યારબાદ કાઉન્સેલિંગ પણ શરૂ કર્યું. બે મહિનાની સારવારમાં ઘણો જ ફાયદો થયો. પોતાના વિચારો પર વિવેકનો પૂર્વવત કાબૂ આવ્યો. નકારાત્મક વિચારો બંધ થયા. અપરાધભાવ તથા મરવાના અને આત્મહત્યાના વિચારો સદંતર બંધ થયા. વિવેકને પોતાને નવાઈ લાગતી હતી કે એને આવા મરવાના તથા આત્મહત્યાના વિચારો કેમ આવતા હતા.

● **સારાંશ :**

વધારે પડતા વિચારો આવવા, વિચારો પર વ્યક્તિનો કાબૂ ન હોવો, મરવાના વિચારો આવવા, અકારણ શંકાઓ આવવી – મનની બીમારીના લક્ષણો છે. આના માટે મનોચિકિત્સકને કન્સલ્ટ કરવા અગત્યનું છે.

મનની અલગ અલગ બીમારીઓમાં અલગ અલગ વિચારો આવે છે જેના વિશે હવે પછી જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

## પતંગ ઉડાડવાનો અમદાવાદનો ઇતિહાસ

★ **૧૪૭૫ :** અમદાવાદના સ્થાપક બાદશાહ અહમદશાહના શાસન દરમિયાન શાહ આલમ સાહેબે ઇ.સ. ૧૪૭૫ નાનપણમાં પતંગ ઉડાડતા ત્યારે એમના પિતા કુત્બે આલમ એમને વાંચવા લખવામાં ધ્યાન આપવાનું કહેતા હતા તેવો ઉલ્લેખ સૈયદ મહંમદ મકબૂલ આલમે લખેલ 'જમઆતે શાહિયા' નામના ગ્રંથમાં છે.

★ **૧૬૬૯ :** મુઘલકાળમાં ઔરંગઝેબના સમયમાં શાંતિવિજયના શિષ્ય માનવિજયગણિ ઇ.સ. ૧૬૬૯-૧૬૮૩માં રચેલા વૃષભદેવના સ્તવનમાં કહે છે કે 'ગવાન તમે અમારાથી આગળ થશો તે કેમ ચાલે?' જેમ આકાશમાં પતંગ ઘણે દૂર ઉડતો હોય પણ દોરીના જોરથી હાથમાં જ રહી શકે છે ને નીચે પણ લાવી શકાય છે.

★ **૧૭૫૦ :** ઇ.સ. ૧૭૫૦માં શામળ ભટ્ટે રચેલા ચંદ્ર ચંદ્રાવલિની વાર્તામાં પતંગ માટે 'પડાઈ' શબ્દ પ્રયોજ્યો છે અને લખ્યું છે કે 'પ્રીતિ વતી છે પવનથી પદ્મની નામ પડાઈ સૂત્ર સંગ લઇ સંચરે પૂર પંડિત પરખાઇ.'

★ ભારતમાં એકમાત્ર પતંગ મ્યુઝિયમ અમદાવાદમાં આવેલું છે જેમાં દેશ વિદેશના ઉત્તમ કલાત્મક પતંગોનો સંગ્રહ છે.

★ પતંગની રમત ક્રિડાનો પ્રચાર મુસ્લિમોએ આ દેશમાં કર્યો છે. આજે પણ પતંગનો કસબ અને ધંધો નવાબી લખનૌ - અજમેરના મુસ્લિમ કારીગરોના હાથમાં છે.

★ પૂર્વ અગ્નિ એશિયા, ચીન, જાપાન, કોરિયા જેવા દેશોમાં પણ પતંગનું વિશેષ મહત્ત્વ છે.

★ પતંગની પરંપરા ઇ.સ. પૂર્વે ૨૦૦૦થી ચીનમાં થઈ અને વિશ્વ અને ભારતમાં ૧૨મી સદીમાં પ્રસરી હતી. જ્યારે ગુજરાતમાં અંદાજે ૯મી કે ૧૦મી સદીમાં શરૂઆત થઈ હોવાનું મનાય છે. ■

જીવન દર્શન

# રંગીલા કચ્છી ફિલ્મ સર્જક : નીરજ વોરા

• નરેશ અંતાણી •

તા. ૩ ડિસેમ્બર, ૨૦૧૭ની વહેલી પરોઢે કંઈક નવું જ નિયતીએ ધાર્યું હશે કે એક વરસથી કોમામાં રહેલા બોલીવુડના જાણીતા દિગ્દર્શક, લેખક અને અભિનેતા નીરજ વિનાયકભાઈ વોરાના અવસાનના સમાચાર મળતાં જ સમગ્ર બોલીવુડની દુનિયા અને વતન કચ્છમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું.

બેઠી દડીના ભારે શરીર ધરાવતા નીરજ વોરા કાયમ હસતા રહે અને શરીર કાયમ સ્ફુર્તિમાં જ જણાય. મૂળ કચ્છના માંડવીના વતની અને તાર શરણાઈના જનક અને દેશના જાણીતા સંગીતકાર વિનાયકભાઈ વોરાના પુત્ર નીરજને ગત ઓક્ટોબર ૨૦૧૬માં દિલ્હીમાં હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને તેની તેના મગજમાં અસર થઈ જતાં, ત્યારથી તેઓ કોમામાં સરી ગયા હતા. ૨૨મી જાન્યુઆરી, ૧૯૬૩માં ભુજમાં જન્મેલા નીરજને વતન કચ્છ પ્રત્યે અનેરો લગાવ હતો. તે જ્યારે જ્યારે ભુજ અને માંડવી આવતા ત્યારે સંબંધીઓ અને મિત્રોને સાવ સહજ રીતે મળતા. જૂની વાતો વાગોળતા. નીરજ વોરાએ ફિર હેરાફેરી, ખિલાડી-૪૨૦ જેવી સફળ ફિલ્મો આપી હતી. તેમણે રંગીલા, તાલ, અકેલે હમ અકેલે તુમ, જોશ, બદમાશ, ચોરીચોરી ચુપકે ચુપકે અને આવારા પાગલ દીવાના જેવી ફિલ્મોના સંવાદ પણ લખ્યા હતા અને તેઓ સારા લેખક પણ હતા. પચ્ચીસથીય વધારે ફિલ્મોમાં તેઓએ યાદગાર અભિનયના ઓજસ પણ પાથર્યા છે.



### નીરજ વોરાની ફિલ્મોગ્રાફી

***દિગ્દર્શક તરીકે*** : ખેલાડી ૪૨૦ (૨૦૦૦), ફિર હેરાફેરી (૨૦૦૬), શોર્ટકટ : ધ કોન ઇઝ ઓન (૨૦૦૯), રન ભોલા રન (૨૦૧૬), હેરાફેરી-૩.

***લેખક તરીકે*** : રંગીલા (૧૯૯૫), દૌડ (૧૯૯૭), હેરાફેરી (૨૦૦૦), યે તેરા ઘર યે મેરા ઘર (૨૦૦૦), ગોલમાલ (૨૦૦૬).

***અભિનેતા તરીકે*** : હોલી (૧૯૮૪), સલીમ લંગડે પે મત રો (૧૯૮૯), રાજુ બન ગયા જેન્ટલમેન (૧૯૯૨), રંગીલા (૧૯૯૫), અકેલે હમ અકેલે તુમ (૧૯૯૫), વીરાસત દૌડ (૧૯૯૭), સત્યા (૧૯૯૮), મન (૧૯૯૯), બાદશાહ, હેલ્લો બ્રધર, મસ્ત (૧૯૯૯), પુકાર, જંગ, હર દિલ જો પ્યાર કરેગા, ધડકન (૨૦૦૦), યે તેરા ઘર યે મેરા ઘર (૨૦૦૧), કંપની (૨૦૦૨), તુમસે અચ્છા કૌન હૈ, મૈંને દિલ તુજકો દિયા (૨૦૦૨), ફિલ્મીવાલા (૨૦૦૯), ના ઘર કે ના ઘાટ કે, ખટ્ટામીઠા (૨૦૧૦), તેજ, કમાલ ધમાલ, માલામાલ, બોલ બચ્ચન (૨૦૧૨), વેલકમ બેક (૨૦૧૫).

હેરાફેરી અને ખેલાડી ૪૨૦ માટે તેઓનો એવોર્ડ પણ મળ્યા છે.

નીરજની ઓળખ ફિલ્મ જગતને આમિરખાનની ફિલ્મ 'રંગીલા'થી મળી હતી. જીવનની અંતિમ પળોમાં તેઓ હેરાફેરી-૩ માટેની પટકથા લખી રહ્યા હતા.

નીરજ વોરા પર હૃદય રોગનો હુમલો આવ્યા પછી હોસ્પિટલમાંથી જાણીતા ફિલ્મ નિર્માતા ફિરોઝ નડિયાદવાળાના ઘરે લઇ ગયા હતા. જ્યાં તેમની સારવાર માટે એક આખો રૂમ હોસ્પિટલના આઈ.સી.યુ.માં તબદિલ કરાયો હતો અને ચોવીસ કલાક તબીબી સારવાર આપવામાં આવી રહી હતી જે કારગત નીવડી ન હતી.

નીરજને ફિલ્મ જગતનું આકર્ષણ નાનપણથી જ હતું. એવામાં સંગીતકાર પિતાને મળવા આવતી ફિલ્મ જગતની હસ્તીઓ સાથે ઘરોબો થતાં આરંભમાં તેમના નાનાભાઈ ઉત્તંક સાથે ફિલ્મ અને ટી.વી. સીરિયલોમાં સંગીત આપવાનું શરૂ કર્યું અને એ પછી ધીમે ધીમે ફિલ્મ જગતમાં પગરવ માંડ્યા. તેમણે નાટ્ય ક્ષેત્રે પણ કામ કર્યું હતું. કેતન મહેતાના નાટક 'હોળી'માં તેમણે ભૂમિકા અદા કરી હતી. ત્યાર પછી એમણે ફિલ્મના સંવાદો અને પટકથાઓનું લેખન કાર્ય શરૂ કર્યું હતું જે એમની સફળતાનો રાહ બની ગયો. આરંભમાં રંગીલાની સ્ક્રીપ્ટ લખી જે ફિલ્મ સફળ બની રહેતા એમનો ઉત્સાહ બેવડાયો અને બસ ત્યારથી આ ક્ષેત્રની તેમની સફળ યાત્રા જીવનના

અંત સુધી ચાલી રહી. તેમની ફિલ્મ ખિલાડી ૪૨૦ એટલી તો સફળ બની કે લોકો તેમને ખિલાડી કુમાર તરીકે ઓળખવા લાગ્યા હતા. 'બોલીવુડના હાસ્ય ફિલ્મ જગતને નીરજના જવાથી મોટો ફટકો પડ્યો છે' એવી અંજલિ અક્ષયકુમારે આપી હતી.

નીરજ વોરાએ અભિનય ક્ષેત્રે ૧૯૮૦ના વર્ષમાં શાહરૂખ ખાનની ટી.વી. શ્રેણી સર્કસથી ડગ માંડ્યા. એ પછી ફિલ્મ 'રંગીલા'થી સંપર્કમાં આવેલા રામગોપાલ વર્માની ફિલ્મ 'દૌડ'માં અભિનય કરી તડાફડી મચાવી દીધી અને કેટલીય ફિલ્મોને પોતાના અભિનય દ્વારા યાદગાર બનાવી દીધી. પોતાના દરેક પાત્રમાં તે પૂર્ણ રીતે ઓતપ્રોત થઈ જતા.

છેલ્લે હૃદયરોગના હુમલાથી કોમામાં ચાલ્યા ગયેલા નીરજની હેરાફેરીની ત્રીજી સિક્વલ રાહ જોતી હતી, તેમને ઉત્તમ તબીબી સારવાર અપાઇ હોવા છતાં કોઈ કારગત ન નીવડતાં અંતે તેઓ જીવનના હકીકતી અભિનયમાંથી એક્ઝિટ કરી ગયા. ■

## બિટકોઇન : એક પરપોટો

(અનુ. : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)

બિટથમ્સ અને ક્રેકન જેવાં એક્સચેન્જ દ્વારા થાય છે, જેને કોઈ માન્યતા નથી.

ઓલિવર વ્હાઈટ નામક એક એનાલિસ્ટે કહ્યું છે કે, બિટકોઈન પરપોટાને લાયક અસ્ક્યામતની વ્યાખ્યામાં સંપૂર્ણ ફિટ બેસે છે. તેણે બિટકોઈનના ભાવના ૨૦૧૩થી અત્યાર સુધીના આંકડા ભેગા કરીને તેની સરેરાશ કિંમતની શેર, બોન્ડ, સોના જેવી અસ્ક્યામતની સરખાણી કરી તો જણાયું કે આ ક્રિપ્ટોકરન્સીની એક જ અઠવાડિયામાં ભાવમાં તોફાની વધઘટ હતી. એક અઠવાડિયામાં તેના ભાવ વધીને ૧૧,૩૭૯ ડોલરથી ઘટીને ૯૧૪૬ ડોલર થઈ ૧૦,૭૦૦ ડોલર થયા હતા. આ અસ્થિરતા પરપોટો સર્જાઈ રહ્યો હોવાનું એક ચિહ્ન છે.

નેવુના દાયકામાં અમેરિકામાં થયેલા ડોટકોમ કંપનીના બબલ (પરપોટા) માં પણ આવું જ થયું હતું. ડોટકોમ પરપોટો સર્જાતો હતો ત્યારે ન્યૂયોર્કનો નાસ્દાક આંક ફાટીને ધુમાડે ગયો હતો, અને પછી હવા નીકળી જતાં જે ફુગ્ગો ફૂટ્યો તેમાં અમેરિકાની જ નહીં, ભારત સહિતના અનેક દેશોમાંની કંપનીઓનાં દેવાળાં ફૂંકાઈ ગયાં. આવું ભારતમાં બને નહીં તે જોવાની સજાગ નાગરિકોની પ્રથમ ફરજ છે. બીજી ફરજ સરકાર અને સંબંધિત સત્તાવાળાઓની છે. ■

## લોખંડી મક્કમ રાજનેતા સરદાર વલ્લભભાઈ પટેલ

ગાંધી, સરદાર, નહેરુ, રાજાજી, મૌલાના, કૃપાલાની, સ્વામિ આનંદ, કાકાસાહેબ, સરોજિની, વિનોબા, ગફારખાન જેવા સમૃધ્ધ વ્યક્તિત્વોથી ધબકતી ભારતની એ સદી. એમાંય સરદાર વલ્લભભાઈ એટલે સરળતા, અભય સંકલ્પની મૂર્તિ. ઈંગ્લેન્ડ કાયદા લાઈબ્રેરીમાં એકી બેઠકે સત્તર સત્તર કલાક કાયદાના ગ્રંથો ઉથલાવતા, ગુજરાતમાં ક્લબમાં પાના રમતાં વકીલો આગળ ભાષણબાજી કરતા, ગાંધીજીની ઠેકડી ઉડાવતા - પણ ચંપારણમાં માથું હાથમાં લઇ ફરતા ગાંધીજીને જોઈ તેમની પડખે ઊભા રહેલા - જમીન મહેસૂલ વિરુદ્ધ આખા બારડોલીમાં ઝંઝાવાત ફૂંકતા - વલ્લભભાઈ એટલે લેનીર-૬૦૦ દેશી રાજ્યોને એક અખંડ ભારતમાં ઓગાળી દેતા વલ્લભભાઈને આખો દેશ યાદ કરે છે.

**તા. ૩૧-૧૦-૧૮૭૫ના રોજ ગુજરાત - કરમસદમાં તેમનો જન્મ થયો.** ઈંગ્લેન્ડ જઈ વકીલ થયા. શરૂ શરૂમાં ગાંધીજીની ભલી વાતો સાંભળી હસતા. એમને સળગતા કટાક્ષ કરતા. પરંતુ, ચંપારણમાં મનાઈ હુકમનો ભંગ કરી ઘેર ઘેર ફરતા ગાંધીજીને જોયા. તેમને લાગ્યું કે આ માણસ અંગ્રેજ સરકારને અરજી કરનારો, દયા માંગનારો નથી, એમ સમજી ગાંધીજીની પડખે રહ્યા.

અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા ત્યારે હાથમાં ઝાડુ લઈ સાથીઓ સાથે રસ્તા સાફ કર્યા, અંગ્રેજો આંખો ચોળતા રહ્યા.

એક આદર્શ નેતાના તમામ લક્ષણો તેમનામાં હતા. નીડરતા, સંગઠન, વ્યવસ્થા, શિસ્ત, વ્યૂહશક્તિ, સ્નેહવાત્સલ્ય, ઝડપી નિર્ણય, આત્મબળ. વલ્લભભાઈ પરદેશી શાસન માટે માથાનો દુઃખાવો બની ગયા.

૧૯૩૦, ૧૯૩૨, ૧૯૪૨ની લડતમાં સરદાર સાથે જોડાવું યુવાનોને ગમતું. સળગતા કટાક્ષ કરતા. સરદારની વાણી અખાની યાદ અપાવતી. દેશી રાજ્યોનો પ્રશ્ન એમણે ઝડપ, ધીરજ, કુનેહથી ઉકેલ્યો.

રોલેટ એક્ટ, બોરસદનો મુંડકા વેરો, ગુજરાતની ભયંકર રેલ — એ સૌમાં એ ગુજરાતના સરદાર બની ગયા.

સરદારમાં એકલક્ષીતા હતી. જેથી ઘણાના તે અપ્રિય થયા. પરંતુ તેઓ નિઃસ્વાર્થ દેશસેવા - કર્તવ્ય માર્ગને ન ચૂક્યા. **તા. ૧૫-૧૨-૧૯૫૦ના રોજ તેઓ અવસાન પામ્યા.**

*સાવ સરળ શબ્દ 'સમજણ'માં કાનો માત્ર ક્યાં છે? છતાં તે બધામાં નથી હોતી.*

અર્થકારણ

# બિટકોઈન એવો પરપોટો છે જે ફૂટશે ત્યારે ઘણાના જીવ લેશે

• શિરીષ મહેતા •

બિટકોઈન-ઉર્ફે ક્રિપ્ટો કરન્સીના ભાવ દિવસે ન વધે તેટલા રાતે વધે છે. અહીં ઉર્ફે શબ્દો સહેતુક લખ્યો છે. આ શબ્દ બહુધા ગુનેગારો દ્વારા પોતાની ઓળખ છુપાવવા માટે રાખવામાં આવતાં એકથી વધુ નામના સંદર્ભમાં વપરાય છે. અહીં પણ એવો જ કંઈક ભાવ છે.

બિટકોઈનનો ભાવ હજી થોડા દિવસ પહેલાં ૧૫,૦૦૦ ડોલરનો હતો, જે વધીને ૧૯,૦૦૦ ડોલર બોલાય છે. ભારતમાં આ ભાવ થોડા દિવસ પહેલાં દસ લાખ રૂપિયા હતો. આજે કેટલો તે ખબર નથી અને ખબર રાખવી પણ નથી. એકાઉન્ટન્સી ફર્મ પીડબલ્યુસીના અજિત ત્રિપાઠી કહે છે તેમ ભાવ ૪૦,૦૦૦ ડોલર થોડા મહિનામાં થશે. આ સાચું પડે તોય તેનો હરખશોક તમારે કરવો નહીં, કારણ એ કે બિટકોઈન એ પરપોટો છે. આ પરપોટો ઘણા દિવસથી વધી રહ્યો છે. તે ફૂટે તેટલી જ વાર. આ પરપોટો હજી ફૂટ્યો નથી. પણ ફૂટશે જરૂર. ભારતમાં હજારો વેપારીઓ બિટકોઈનનો ધંધો કરી રહ્યા છે. જેઓ અનેક ભોળા-લાલચુ રોકાણકારોને ફસાવી રહ્યા છે. બિટકોઈનનો પરપોટો એક દિવસ વિદેશમાં ફૂટશે અને તેની અસર હેઠળ અહીંના રોકાણકારો પણ આવશે, ત્યારે તેમાંના કેટલા આત્મહત્યા કરશે તે કહેવું અત્યારે વહેલું ગણાશે.

તો પછી સત્તાવાળા શું કરે છે? કંઈ નહીં. રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા માત્ર ચેતવણી આપી તેની ફરજ પૂરી થઈ સમજે છે. પોલીસ કે આર્થિક ગુના શાખા વિભાગ કે સીબીઆઈએ આ દિશામાં કોઈ પહેલ કરી નથી. સરકારની શું હજી કોઈ ફરજ નથી? હજારો વેપારીઓ ખાનગીમાં આ ધંધો કરી રહ્યા છે તોય શું તેને ગંધ આવી નથી?

બિટકોઈન એક પરપોટો છે તેવું માનવાનું એકમાત્ર તારણ એ કે તેનું કોઈ આર્થિક મૂલ્ય નથી. ચલણનું પીઠબળ (જેને આર્થિક પરિભાષામાં અંડરલાઈન વેલ્યૂ કહે છે તે) સોનું, એફડીઆર અથવા વિદેશી હૂંડિયામણની અનામતો છે. આવું કોઈ પીઠબળ બિટકોઈનનું નથી. જે છે તે માત્ર થોડાં સ્થાપિત હિતો દ્વારા વૈશ્વિક સ્તરે ઇરાદાપૂર્વક પ્રસરાવવામાં આવતો જુવાળ. બિટકોઈનનું આર્થિક મૂલ્ય નહીં હોવાથી જે ભાવ વધી રહ્યા છે તે સટોડિયાઓની કૃત્રિમ ખરીદીને કારણે છે. શેરબજારમાં જેને ભજિયાં ખાવાં કહે છે તે ટૂંકાગાળામાં નફો કમાઈ લેવાની લાલચમાં આવીને પણ જેઓ બિટકોઈન સટોડિયા વૃત્તિથી ખરીદશે તેમને પસ્તાવાનો વારો આવશે. સટોડિયાઓએ જાણી જોઈને બિટકોઈનનો વૈશ્વિક પુરવઠો મર્યાદિત રાખ્યો છે. પુરવઠો ઓછો તેમ માંગ વધે અને સાથે ભાવ પણ વધે તેવા સાદા તર્ક ઉપર ચાલતા સટોડિયા એક પાયાનું સત્ય એ ભૂલી જાય છે કે તે વસ્તુનું વિનિમય મૂલ્ય હોવું જોઈએ. એક ગુણી ઘઉં કે ચોખા ખરીદવા માટે જેટલા રૂપિયા જોઈએ તે રૂપિયા છાપવા માટે સરકાર પાસે તેના મૂલ્ય જેટલી મિલકત હોય છે અને તે ચલણ જેટલું મૂલ્ય તેના ધારકને આપવા સરકાર બંધાયેલી છે.

બિટકોઈનમાં કોઈ કોઈને આવી ગેરંટી આપતું નથી. જો કે, સામાન્ય માનવીને ભ્રમિત કરે તેવી કેટલીક ઘટનાઓ પણ બની છે.

બિટકોઈન અત્યાર સુધી તેના સંગ્રાહકો અથવા સટોડિયા જે કહો તે, તેમની પાસે છે. હવે તેને સત્તાવાર ચલણનું સ્વરૂપ આપવાના પ્રયાસ થઈ રહ્યા છે. શિકાગો મર્કન્ટાઈલ એક્સ્ચેન્જ વિશ્વનું પ્રથમ એક્સ્ચેન્જ છે, જે બિટકોઈનમાં ડેરિવેટિવ્સ શરૂ કરવા જઈ રહ્યું છે. ક્રિસમસ પહેલાં આ કામકાજ શરૂ થાય તો હેજ ફંડ્સ તેમાં કામકાજ માટે પ્રવૃત્ત થાય તેવી તેની ગણતરી છે. જો કે, નાણાકીયક્ષેત્રની જેપી મોર્ગન, ગોલ્ડમેન સાસ જેવી ખેરખાં કંપનીઓએ ચેતવણી આપતાં કહ્યું છે કે, બિટકોઈન એ ધુતારાઓ માટે નવું હાથવગું સાધન છે.

અમેરિકા અને લંડનમાં કેટલાંક રેસ્ટોરાં બિટકોઈનના એક નાના ટુકડાના બદલામાં બિયર કે કોફી વેચે છે, પરંતુ આ પ્રમાણ એટલું વધુ નથી જેની નોંધ લેવી પડે. લંડનના એક પરા વિસ્તારના રેસ્ટોરાંના માલિકે કહ્યું કે, બિટકોઈનનો ફુગ્ગો ફૂટે તે અમને પરવા નથી, કારણ કે ગ્રાહકો જે એપ વડે ચુકવણી કરે છે તે તરત પાઉન્ડમાં ફેરવાઈ જાય છે.

આમ છતાં આ માલિકોને એ વાતની જાણ છે કે બિટકોઈન બેન્કિંગ સિસ્ટમની બહાર હોવાથી આ ખેલ કંઈ લાંબો ચાલે નહીં.

**બિટકોઈન પરપોટો શા માટે?**

બિટકોઈનની લેવડદેવડ બિટસ્ટેમ્પ,

(અનુ. : જુઓ પાના નં.-૪૦ ઉપર)

ક્ષિતિજો

# એ ભાઈ સાચે ગુજરી ગયા?

• પાર્થ દવે - પત્રકાર •

પૃથ્વી પર દરરોજ સેંકડો માણસ જન્મે છે. એક્ચ્યુલી એમ કહેવું જોઈએ કે સેંકડો બાળકો જન્મે છે અને પછી નસીબ સારા હોય તો 'માણસ' માં તબદીલ થાય છે. પુરુષ જાતિનેજ માણસ કહેવાની શરૂઆત ક્યારથી થઈ એ ખબર નથી. સ્ત્રી માટે બાઈમાણસ શબ્દ વપરાય છે! જગતમાં શ્વસતા અબજો માણસોમાંથી દરરોજ અમુક લાખ જન્મે છે એમ અમુક લાખ મૃત્યુ પણ પામે છે. ચોખ્ખી ભાષામાં કહીએ તો દરરોજ સેંકડો માણસ મરે છે, ગુજરી જાય છે. આપણે છાપામાં વાંચીએ છીએ, ન્યુઝમાં જોઈએ છીએ, આપણને કશો જ ફરક નથી પડતો. ક્યાં સુધી? એ જે-તે માણસ આપણો કંઈ લાગતો વળગતો ન હોય ત્યાં સુધી.

સ્વજનના મૃત્યુ સાથે થોડું થોડું આપણું પણ મૃત્યુ થઈ જતું હોય છે. કોઈ નજીદિકી વ્યક્તિ જાય ત્યારે આપણું પણ કશુંક લઈ જતી હોય છે. કોઈ માના મૃત્યુ પછી એની ચાલીસ-પીસ્તાલીસ વર્ષની દીકરી થોડા બાઘા જેવી લાગવા માંડે છે. કોઈ પતિના મૃત્યુ પછી અઢાર-વીસ વર્ષ સાથે રહેલી પત્ની અચાનક જ સુન્ન થઈ જાય છે. વાતો કરવાની બંધ કરી દે છે અથવા વધારે પડતી જ વાતો કર્યા કરે છે. એક બુદ્ધિશાળી, સારો, સ્નેહાળ માણસ માનસિક રીતે બીમાર થઈ જાય, આપણે જેને 'ગાંડો' કહીએ છીએ એવો થઈ જાય, એની પાછળ કુદરતે તેની સાથે કેવા કેવા ખેલ ખેલ્યા હોય છે! ગ્રીક નાટ્યકાર સોફોક્લેસ ૨૫૦૦ વર્ષ પહેલા કહી ગયો છે કે માણસ મૃત્યુ ન પામે ત્યાં સુધી કહેવું નહીં કે એ સુખી હતો! સુખ, દુઃખ, પ્રેમ, દર્દ, નફરત, વાસના, અપેક્ષાઓ, મોહ, માયા, દોડ આ બધાનો એક જ જગ્યાએ અંત થાય છે : મૃત્યુ. જીવનનું આખરી ક્રૂર સત્ય : મૃત્યુ, માટ્ટી અને ખાકમાં ઓગળી જવું. મરી જવું... મૃત્યુ પામવું...

સ્વજન જાય તો ઘડીક તમે તેના મૃત શરીરને જોઈ શકો એ માટે રાહ જોવામાં આવે છે. મડદાના કપાળ પર હાથ ફેરવીને વહાલ કરી શકો છે. નિશ્ચેતન શરીરને પ્રેમથી નીરખી શકો છો. પછી સ્મશાન વૈરાગ્યને મગજના એક ખૂણામાં રાખી ભડભડ બળતી ચિતા જોયા કરો છો. પછી પાછા વળો છો અને 'સ્મશાન વૈરાગ્ય' ને નાહી નાખો છો. યુધિષ્ઠિરે યક્ષના એ પ્રશ્નમાં કેવો જવાબ આપ્યો હતો : સ્વજનના મૃત્યુ બાદ દરેકને લાગે છે કે મારું પણ આમ જ મૃત્યુ નિશ્ચિત છે છતાંય માણસ આખી જિંદગી એમ જીવે છે જાણે તે મરવાનો જ નથી...

સ્વજન જતી વખતે પણ તમારી રાહ જુએ છે. અમુક સંબંધો એવા હોય છે જેમાં તમે બહુ નજીક પણ ન હો અને ખાસ્સા દૂર પણ ન હો. અંજારની લાઈબ્રેરીમાં એક ભાઈ બેસે. મને ખાલી એમનું નામ જ ખબર. અમારો સંબંધ હું લાઈબ્રેરી જઉં ત્યારે લખલૂટ સાહિત્યની વાતો કરવાનો, ચર્ચા કરવાનો, મજા કરવાની. એમને વાંચનનો જબરો શોખ. મોટા ભાગનું બધું વાંચેલું. એટલે હું એમને પૂછું. મને કહે. મારું પણ વાંચે. અભિનંદન આપે. મારા વખાણ કરે. લખવાની શરૂઆત થઈ ત્યારથી મને સતત પ્રોત્સાહન આપનારા વ્યક્તિઓમાંના એ એક. પછી અમદાવાદ નોકરી માટે ગયો. એક દિવસ ફોન આવ્યો. કહે : તમને હું વાંચું છું હોં. લખતા રહેજો. સારું લખો છો. પછી તો જ્યારે અંજાર જઉં ત્યારે લાઈબ્રેરી અચૂક જઉં. એમને મળું. ઘણી વાતો કરીએ. એ લખલખ કર્યા કરતા હોય અથવા વાંચ્યા કરે. ઘણા કહેતા કે તેઓ માનસિક રીતે ઠીક નથી. ટ્રીટમેન્ટ પણ ચાલુ હશે. પણ મને ક્યારેય એવું નથી લાગ્યું. સાવ ગાંડો માણસ પણ અમુક કલાકો માટે, થોડા સમય માટે તો ડાહ્યો થતો જ હશે! જેમ ડાહ્યા માણસો થોડા સમય માટે ગાંડા થઈ જાય છે! મને કશી નિસબત ન હતી એમના અંગત જીવન કે માનસિક સ્થિતિ સાથે. મારા માટે ઓલ રાઈટ હતા એ.

આ વખતે અંજારની લાઈબ્રેરી ગયો. બહુ બધી વાતો કરવાની હતી. પ્રશ્નો પૂછવાના હતા. ઉપર ગયો અને એમની જગ્યા પર બીજા ભાઈ હતા. મેં પૂછ્યું, ક્યાં ગયા ભાઈ? જવાબ મળ્યો : 'નથી.' સારું, ઠીક છે. હું લાઈબ્રેરીમાં પુસ્તકો ફંફોસવા લાગ્યો. જોયા. બધા એ જ હતા પણ એ મજા ન આવી. પહેલા જેવી. હું પહેલા બહુ જોતો બધા પુસ્તકો, હાથ ફેરવતો. મારી મોસ્ટ ફેવરીટ જગ્યા છે ગામની. એટલે પાછો ત્યાં ગયો ને પેલા ખુરશી પર બેઠેલા ભાઈને પૂછ્યું, 'મને અહીં બેસતા એ ભાઈના નંબર મળશે?' સાવ ઠંડો, બેફિકરાઈથી શૂન્યતા ભરેલો જવાબ મળ્યો : 'એ તો ગુજરી ગયા.' અને ફરી એ પોતાના કામમાં પરોવાઈ ગયા.

ખરેખર હું ભોંઠો પડ્યો હોઉં એવું લાગતું હતું. મારાથી પૂછાઈ ગયું : 'સાચે? તો સાચે જ હોય ને! માણસ ખોટેખોટે કઈ રીતે મરી શકે?! પણ હું માનવા તૈયાર નહોતો. મેં ખબર નહીં કેમ, પણ ફરી પાછા પુસ્તકો જોયા! દસેક મિનિટ એમ જ લાઇબ્રેરીમાં ફર્યો. પછી દાદરા ઉતરી ગયો. એકીસામટું દુઃખ માણસને સ્તબ્ધ કરી નાખે છે.

અમુક સંબંધ એવા હોય છે કે માણસ મરી ગયાનો તમે ખરખરો કોની સાથે કરો એ જ તમને સમજાય નહીં. એક આછી ધ્રુજારી આવતી હતી. પહેલા લાઇબ્રેરી જતો ને તે બંધ થાય ત્યારે પાછો ફરતો. રસ્તામાં પાછા વળતા એ ભાઈ ભેગા થઈ જતા. હું પૂછતો : 'તમને મૂકી જઉં?' આ વખતે ગામ સૂનકાર લાગ્યું. અમુક વખત તમને ઘણું કહેવું હોય છતાં તમે વ્યક્ત નથી કરી શકતા.

મૃત્યુ અને સેક્સ વિશે સૌથી વધારે લખાયું છે. કેમ કે બંનેમાં રહસ્ય છે! કોઈના મૃત્યુના સમાચાર સાંભળ્યા બાદ પહેલી પ્રતિક્રિયા દુઃખની આવે ને બાદમાં ફિલોસોફીના ડોઝ અપાય છે. જૈન ફિલસૂફી છે કે શરીરમાં અમુક લખેલા શ્વાસો અને એનાથી વધારે એક ઉચ્છ્‌વાસ ભરેલા છે. જ્યારે એ પૂરા થઈ જશે ત્યારે આ શરીર ચાલવાનું બંધ કરી દેશે. એ શ્વાસની સંખ્યા કરોડ હોઈ શકે, લાખ હોઈ શકે ને હજારમાં પણ હોઇ શકે! એ ખલાસ થશે પછી કોઈ ડૉક્ટર નથી જીવાડી શકવાનો અને જો એનો હિસાબ પૂરો નહીં થયો હોય તો કોઈ રોગ તમને નહીં મારી શકે. એક કિડનીથી કે બાયપાસથી કે પાંચ-દસ હજાર પ્લેટલેટ્સથી કે ઇન્જેક્શનોથી પણ તમારું ગાડું ગબડ્યા કરશે!

મૃત્યુ કહ્યું એમ, માણસને સેક્સની જેમ પૂરેપૂરું આજ સુધી સમજમાં નથી આવ્યું! શૃંગારમાં રચ્યાપચ્યા રહેલા એ જ ભર્તૃહરી બાદમાં જ્યારે દર્શનમાં ડૂબ્યા ત્યારે તેમણે લખ્યું : "ભોગા ન ભુક્તા વયમેય ભુક્તા." ભોગોને ભોગવવાને બદલે ભોગો આપણને જ ભોગવી રહ્યા છે. અને ભર્તૃહરી આગળ લખે છે, "કાલ તો પસાર નથી થતો, આપણે જ પસાર થઈ રહ્યા છીએ!" હરીન્દ્ર દવેએ 'જન્મભૂમિ' માં મૃત્યુ પૂર્વના અંતિમ લેખમાં લખેલું : મૃત્યુની સાવ લગોલગનો અનુભવ કોઈ નવું શાણપણ નથી આપતો. બલકે જીવનભરના વાંચનમનન પછી જે કંઈ શાણપણ સંચિત થયું હોય, એ બધાને સંદેહના ધમાકાથી હચમચાવી મૂકે છે!

કોઈ વ્યક્તિ જાય પછી પહેલો વિચાર એવો આવે છે કે, સાલું આ બહુ અદ્ધરતાલ જિંદગી છે. ક્યારે નમી પડે કહેવાય નહીં. 'મૃત્યુ પામ્યા' કહીએ છીએ. આપણે 'જીવન પામીએ' છીએ ખરા?! એટલે વધારે હોંશથી ને ઔર જૌશથી જિંદગી જીવવાનો પ્રણ લેવાઈ જાય છે. છેલ્લા શ્વાસ સુધી આખેઆખી જિંદગી જીવવાની. બધી મર્યાદાઓ સ્વીકારીને જીવવાનું. કોઈને નડવાનું-કનડવાનું નહીં ને સામે બીજાની બહુ ચિંતા પણ નહીં કરવાની. છેવટે તમારી જિંદગી માત્ર ને માત્ર તમે જ જીવવાના છો!

***એક છેલ્લી વાત :*** માણસ જન્મે ત્યારથી જ તેને ખબર હોય કે તે અમર છે, મરવાનો જ નથી તો એ જીવી શકે ખરો? જીવવાની મજા જ એક દિવસ મોટા થઈને મરી જવાના છીએ એટલે આવે છે!

**• જે બાત ! •**

*જીવન થકી જ જણાયું કે અહીં મરણ પણ છે,*
*થઈ મરણને લીધે જાણ કે હયાતી છે.*

*– મુકુલ ચોક્સી*

*૨૦૧, નારાયણકૃપા કોમ્પ્લેક્ષ, સત્યમ ફ્લેટ્સની સામે*
*પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૧૩૦ ૫૬૧૧૧*

*વૃત્તિ શ્રેષ્ઠ હોય તો કોઈ પણ પ્રવૃત્તિ શ્રેષ્ઠ જ થવાની.*

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow
• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010
• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

# ગાંધીનગર ગાથા

• શ્રીમતી વર્ષા જયંત મહેતા •

કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર તરફથી તા. ૧૭-૧૨-૨૦૧૭ રવિવારના રોજ સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. પ્રતિવર્ષ યોજાતા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં કચ્છીઓ ઉપસ્થિત રહે છે અને મંડળના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવે છે.

શરૂઆતમાં શ્રીમતી વર્ષાબેન મહેતાએ સૌનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પ્રમુખશ્રી માવજીભાઈ રંગાણી, મંત્રી શ્રી નીલેન્દુભાઈ વોરા અને સંગઠન મંત્રી શ્રીમતી વર્ષાબેન મહેતાએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. શ્રીમતી પ્રજ્ઞાબેન જોશીએ પ્રાર્થના રજૂ કરી હતી. સમગ્ર વિશ્વના દિવંગત આત્માની પરમ શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કુ. અવનિ જોશીએ ભરત નાટ્યમ્ દ્વારા ગણપતિ સ્તુતિ રજૂ કરી હતી. શ્રી સંઘવીભાઈએ ભાવવાહી ફિલ્મી ગીત રજૂ કર્યું હતું. દર્શના માલીએ નાનું એવું ગીત રજૂ કરી સૌની પ્રશંસા મેળવી હતી. કુ. આયુષી આચાર્ય, કુ. વૈશાલી પ્રજાપતિ અને કુ. નંદિની મકવાણાએ ઘુમ્મર નૃત્ય રજૂ કર્યું હતું. શ્રી લચ્છુભાઈ બોરાના કંઠે ગવાયેલ ફિલ્મી ગાયક મૂકેશનું ગીત સૌએ માણ્યું હતું. વિધિ ગઢવી, ધાર્મિક ગઢવીએ મિમિક્રી, ધાર્મિક નૃત્ય અને સુગમ સંગીત રજૂ કર્યું હતું. મૃદંગ રાણાએ કી બોર્ડ પર ગીત વગાડી સૌને ભાવવિભોર કર્યા. કુ. જાસ્મીન વોરાએ વેસ્ટર્ન ડાન્સ રજૂ કર્યો હતો. કચ્છ મિત્ર મંડળની બહેનોએ ગરબો રજૂ કર્યો હતો. મહિલા પાંખની બહેનોએ ‘બેટી બચાઓ - બેટી પઢાઓ’ નાટક રજૂ કર્યું હતું. નાટકમાં શ્રીમતી અંજનાબેન ભટ્ટ, મનીષાબેન ત્રિપાઠી, પ્રજ્ઞાબેન જોશી, શિલ્પા મહેતાએ ભાગ લીધો હતો.

કાર્યક્રમના બીજા ભાગમાં સરસ્વતી સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં કચ્છ મિત્ર મંડળના ધોરણ-૧ થી ૧૦, સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તેજસ્વી તારલાઓનું માવજીભાઈ રંગાણી, સુનીલભાઈ ધોલી, રિધ્ધીશભાઈ જોશી અને લચ્છુભાઈ બોરાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

દર વર્ષે આઉટ સ્ટેન્ડિંગ એચિવમેન્ટ કચ્છી ઑફ ધી યર - ગાંધીનગરનો આજીવન ઍવોર્ડ સ્વ. શ્રી અંબરીષભાઈ મહેતાના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી ચેતન મહેતા તરફથી આપવામાં આવે છે. આ વર્ષે આ ઍવોર્ડ કુ. દેવાંશી ભાવેશભાઈ પટેલે પ્રાપ્ત કર્યો. સ્કેટીંગ અને રોલ બોલની રમતમાં જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ નંબર લાવી તેણે અનેક મેડલ્સ અને પ્રમાણપત્રો મેળવ્યા છે. ■


## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

| | |
|---|---|
| નામ / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad.** |
| બેંક | : **ભારતીય સ્ટેટ બેંક,** પાલડી બ્રાંચ, બોની ટ્રાવેલ્સની બાજુમાં, અમદાવાદ-૩૮૦૦૦૬. |
| Bank | : **State Bank of India,** Paldi Branch, B/s. Bony Travels, Ahmedabad-380006. |
| ખાતા નંબર | : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039 • Bank Phone : (079) 26577952** |
| આઈએફએસ કોડ | : **IFS Code : SBIN0005306** |

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને **SMS**, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

**કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ** : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. **વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮**

# શબ્દ શોધ : ૬૮

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ૫ |
| ૬ | | ■ | | ■ | | ■ | ૭ | |
| | ■ | ૮ | | ૯ | | ૧૦ | | ■ |
| ૧૧ | | | ■ | ૧૨ | | | ■ | ૧૩ |
| ■ | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | | ■ | ૨૦ | ■ | | ■ |
| ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | | | ૨૩ |
| ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | |
| | ■ | ૨૭ | | ■ | ૨૮ | | | |

## આડી ચાવીઓ

૧. દગાખોર, દગો કરનાર (૫)
૪. અદાલતમાં ગુનો સાબિત થાય તો શું થાય? (૨)
૬. "_______ અમર છે." (૨)
૭. શી...શી... અહીં _______ કરવાની મનાઈ છે. (૨)
૮. ગુજરાતના મુખ્યમંત્રી (૬)
૧૧. સગવડ, સવલત (૩)
૧૨. સમય, ટાણું (૩)
૧૪. આંખ (૩)
૧૬. સુંદર સ્ત્રી (૩)
૧૮. અહીં 'મસલત' ગમે તેમ પડ્યું છે (૪)
૨૧. સુંદર સ્ત્રી (૨)
૨૨. ચોમાસામાં શું પડે? (૪)
૨૪. સહચાર, સંયોગ (૨)
૨૫. અચાનક, ઓચિંતું (૩)
૨૬. ફળો વગેરેનો માવો (૨)
૨૭. વધ (૨)
૨૮. ગેબ, ગૂમ થયેલું (૪)

## ઊભી ચાવીઓ

૧. સ્થિતિ, હાલત (૨)
૨. શારદી વીણાના સાતમાંનો પાંચમો સૂર (૩)
૩. જામફળ (૪)
૪. લોહાણા જ્ઞાતિની એક અટક (૩)
૫. નાન, જ્ઞાતિ (૨)
૬. એદી (૩)
૮. હિમાચલ પ્રદેશમાં તાજેતરમાં શાની ચૂંટણી યોજાઈ? (૫)
૯. ગ્રીક દેશનો પ્રાચીન વતની (૩)
૧૦. ગણિકા, વેશ્યા (૩)
૧૩. નાથ, વર, પતિ (૨)
૧૫. મૃત્યુનો દેવ (૨)
૧૭. દરિયો, સમુદ્ર (૫)
૧૯. લહરી, ઊર્મિ (૩)
૨૦. મરણ, મૃત્યુ, નિધન (૪)
૨૩. પીડા, દર્દ (૩)
૨૪. _______ ત્યાં જંપ (૨)
૨૫. ભગવાન શ્રીકૃષ્ણની એક પટરાણી (૨)

## શબ્દશોધ : ૬૭નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ભ | ર | ત | ■ | અ | મ | દા | વા | દ |
| ર | ■ | રુ | ■ | મે | દ | ■ | દ | ■ |
| થા | ■ | ■ | વા | રિ | ■ | આ | ળ | સ |
| ર | વિ | ■ | ■ | કા | જો | લ | ■ | ત્યા |
| ■ | પ્ર | સ | વ | ■ | શ | ય | દા | ■ |
| મા | ■ | દા | ય | જો | ■ | ■ | દી | ન |
| હ | તા | શા | ■ | ર | ક્ત | ■ | ■ | વ |
| ■ | લી | ■ | દા | દા | ■ | હો | ■ | ની |
| જા | મ | ન | ગ | ર | ■ | શ | ર | ત |

### શબ્દ શોધ : ૬૬/૬૭નો ઉકેલ મોકલાવનારના નામ

- મહાભાઈ આર. વોરા - ભુજ
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- સરલાબેન ચંદ્રકાંત શાહ - અમદાવાદ
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- નીલેશ વી. શાહ - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- જીગરભાઈ આર. દોશી - માધાપર

*અનુકૂળ સંજોગોમાં અદૃશ્ય અને પ્રતિકૂળ સંજોગોમાં પ્રગટ થતા લોકો જ ખરા હિતેચ્છુ હોય છે.*

વિવિધતા

# રમતનો રસથાળ.... મેઘધનુષ્યના રંગો



ભાવના એ. ઝવેરી

*"મારી સૃષ્ટિઓની નાનકડી સીમાઓની પાર મને,*
*જાણે ખેંચતી આ શબ્દોની સંતાકૂકડી પાર કને."*

મેઘધનુષના સાત રંગો સમી આ રંગબેરંગી ગેમ છે. જેમ આપણું જીવન નવરંગથી ભરેલું છે તેવી જ રીતે તમારે પણ આ ગેમના ક્લુના જવાબ રંગના નામથી આપવાના છે. રંગના નામ ગુજરાતી અથવા અંગ્રેજીમાં આવશે.

*દા.ત.* એક મીઠાઈનું નામ : લીલો હલવો.

૧. પંજાબનું ધાર્મિક સ્થળ.
૨. કેકની એક ફલેવરનું નામ.
૩. ગુનેગારને મળતી સજા.
૪. સ્કૂલના ક્લાસરૂમમાં હોય.
૫. માતાજીનું નામ.
૬. અમેરિકામાં રાઈટ મેળવવા જરૂરી તે.
૭. એક જાતનો તાવ.
૮. સમુદ્રનું નામ.
૯. હરકિશન મહેતાની નવલકથા.
૧૦. નશીલો પદાર્થ.
૧૧. શુટીંગ - શર્ટીંગ કંપનીનું નામ.
૧૨. કચ્છનું જોવાલાયક રણ. કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા.
૧૩. ભગવાન મહાવીર સ્વામીનો વર્ણ.
૧૪. કરાટેના નિષ્ણાતને શું મળે?
૧૫. બિસ્કીટની એક કંપની.
૧૬. મારી ફેવરીટ ચા.
૧૭. કૃષ્ણ ભગવાનનું નામ.
૧૮. અમેરિકાના પ્રેસિડેન્ટનું રહેઠાણ.
૧૯. ભારતના પ્રથમ વડાપ્રધાનનું નામ.
૨૦. એક પીણાનું નામ.
૨૧. ફિલ્મનું નામ.
૨૨. ટેલિફોનના શોધકનું નામ.
૨૩. એક ફળનું નામ.
૨૪. લોકમાન્ય તિલકનું અખબાર.
૨૫. અમિતાભ બચ્ચનની એક ફિલ્મ.
૨૬. કચ્છનો એક ડુંગર.
૨૭. જેલી - કસ્ટર્ડ પાવડર બનાવતી કંપની.
૨૮. શુ પોલીશ.
૨૯. પેપરની એક જાત.
૩૦. ટેલિફોન ડિરેક્ટરીમાં ખાસ ઉપયોગી.
૩૧. હેલ્થ કેર — સંસ્થા.
૩૨. ઓનલાઈન કોસ્મેટીક સ્ટોર.
૩૩. એડલ્ટ મુવી.
૩૪. સેન્ડવીચનો સાથીદાર.
૩૫. એક ક્રિકેટ સ્ટેડિયમનું નામ.
૩૬. પંચ પરમેષ્ઠિમાં આચાર્યનો કલર.
૩૭. જયપુરનું બીજું નામ.
૩૮. શાંતિનું એક પ્રતીક.
૩૯. દિલ્હીનું એક જોવાલાયક સ્થળ.
૪૦. કાગડા બધે કેવા હોય?

**(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)**

## ડૉક્ટરની સલાહ

પતિ રોજ રાતે ઉઠતો અને ખાંડનો ડબ્બો ચેક કરતો અને સૂઈ જતો!

પત્નીથી રહેવાયું નહીં એટલે પૂછ્યું, 'તમે રોજ રોજ ખાંડનો ડબ્બો ખોલીને શું કરો છો?'

પતિએ જવાબ આપ્યો, 'અરે ડૉક્ટરે કહ્યું છે કે રોજ રાતે સુગર ચેક કરી લેવું!'

પત્ની ત્યાં જ બેભાન થઈ ગઈ.

## સ્ત્રીઓ સાંભળે ક્યાં છે?

મૌલવી સાહેબને પૂછ્યું કે ત્રણ વખત 'તલાક' બોલવા પાછળ લોજીક શું છે?

મૌલવીએ જવાબ આપ્યો, 'લોજીક - બોજીક શું હોય? એક વખત બોલવાથી સ્ત્રીઓ સાંભળે ક્યાં છે?'

# પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'ના માસ ડિસેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ વાંચન સામગ્રી પૈકી તંત્રીલેખ 'સામાજિક સંસ્થાઓના કાર્યક્ષેત્રમાં બદલાવ જરૂરી છે', બુલેટ ટ્રેનનો સિક્કાની બીજી બાજુ –૩ શ્રી પ્રવીણચંદ્ર શાહનો લેખ તો અતિ સારો છે. જ્યારે લેખક શ્રી ધન રામપરિયા દ્વારા 'રજનું ગજ, વાતનું વતેસર ઉર્ફે પદ્માવતી ફિલ્મનું ફૂલેકું' લેખમાં મારા જેવાને ઘણું જાણવા મળે એવી માહિતી સચોટ રીતે આપવામાં આવી છે. અંકની શરૂઆતમાં આ ત્રણે લેખ વાંચી મન પ્રફુલ્લિત થઈ ગયું, જે આ લેખોની સચોટતા પ્રગટ કરે છે. બધા લેખકોને ખૂબ ખૂબ અભિનંદન.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', એડવોકેટ - ભુજ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## જૈન સમાજ અને શિક્ષણના કાર્ય માટે ડૉ. મેહુલ સંઘરાજકાને બ્રિટનનો MBE એવોર્ડ



ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડાયરેક્ટર અને ટ્રસ્ટી ડૉ. મેહુલ સંઘરાજકાને ઈંગ્લેન્ડની રાણી દ્વારા ૨૦૧૮ના નવા વર્ષે એનાયત થતા બ્રિટનના ખિતાબોમાં MBE (મેમ્બર ઑફ બ્રિટીશ એમ્પાર)નો ખિતાબ જાહેર કરવામાં આવ્યો હતો. **છેલ્લા વીસ વર્ષથી ડો. મેહુલ સંઘરાજકા જૈન ધર્મ અને શિક્ષણની બાબતોમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.** વળી ૩૨ જેટલી જૈન સંસ્થાઓનું ઈન્ટરફેઇથ અને સરકારી બાબતોમાં પ્રતિનિધિત્વ કરતી ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડૉ. મેહુલ સંઘરાજકા ડાયરેક્ટર અને ટ્રસ્ટી છે. આ સંસ્થાએ જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપ રચીને જૈનોની વસતિ ગણતરી તેમજ "આર્મિસિસ્ટ દિવસે" જૈનોના પ્રતિનિધિત્વ અંગે મહત્ત્વનું કાર્ય કર્યું છે. બ્રિટનના બીજા નંબરે આવતા જૈન સંગઠન નવનાત વણિક એસોસિએશનના પણ મેહુલ સંઘરાજકા ટ્રસ્ટી છે. એમણે જૈન પીડિયાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે યશસ્વી કાર્ય કર્યું છે અને આ જૈન પીડિયા તે વિશ્વભરમાં જૈન ધર્મ અંગેની એક પ્રમાણભૂત વેબસાઇટ છે તેમજ દર વર્ષે એક મિલિયન પેજ જોવામાં આવે છે.

**વિશ્વના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની બાબતોમાં છેલ્લાં વીસ વર્ષથી વધુ સમયથી કાર્યરત એવા મેહુલ સંઘરાજકાએ E-Learning Solution શોધીને આજના યુગમાં વિશ્વના કોઈપણ ભાગમાં ડિજિટલ લિટરસી સ્કીલનો વિકાસ સાધવાનું કામ કર્યું છે.** નોંધપાત્ર બાબત એ છે કે ડૉ. મેહુલ સંઘરાજકાના પિતા શ્રી હર્ષદભાઈ સંઘરાજકાને પણ એમના જૈન ધર્મના કાર્યો માટે આ અગાઉ MBE ખિતાબ મળ્યો છે.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયાએ આ સમાચાર અંગે આનંદ પ્રગટ કરતાં કહ્યું, "ડૉ. મેહુલ સંઘરાજકાના અવિરત પ્રયત્નોને પરિણામે બ્રિટનના ધાર્મિક ફલક પર જૈનો વધુ સક્રિય ભૂમિકા ભજવી શકશે", એમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

## શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ સર્વરોગ નિદાન સારવાર શિબિર

કચ્છમાં શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શા. કલ્યાણજી માવજી પટેલ આરોગ્યધામ મધ્યે ૪૪મી સર્વરોગ નિદાન સારવાર શિબિરમાં તાજેતરમાં બાળકોને શારીરિક તકલીફની સારવાર માટે બાળ મગજ રોગ, બાળ હાડકાં રોગ, બાળ પેશાબ રોગ જેવા વિવિધ પ્રકારના ઑપરેશન કરવામાં આવ્યા હતા. આ શિબિરમાં નિર્મલા રાણાવત તથા અરવિંદ રાણાવતના શુભ હસ્તે ઑપરેશનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વિજય છેડાએ અમેરિકાથી આવેલા દાતા તથા મહેમાનોને શિબિર અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

બાળ રોગોના નિષ્ણાત ડૉ. ઈલા મૈશેરીની આગેવાની હેઠળ દેશ વિદેશના તબીબોએ આ શિબિરમાં સેવા આપી હતી એમ એક અહેવાલમાં જણાવાયું હતું. ■

## ગુજરાત વિધાનસભા ચૂંટણી : ૨૦૧૭

### ચમકારા

★ અમદાવાદની ૨૧ વિધાનસભા બેઠકો માટે કુલ ૧૧૨ અપક્ષ ઉમેદવારો ઊભા હતા. તેઓને કુલ ૫૨.૭૫ (પોણા ત્રેપન) લાખ મતદારોમાંથી ફક્ત ૧,૩૩,૦૭૮ મતદારોએ જ મત આપ્યા હતા. નોંધપાત્ર બાબત તો એ છે કે **૬૪ અપક્ષ ઉમેદવારોને તો ૫૦૦ કરતા પણ ઓછા મત મળ્યા હતા. અમદાવાદમાં ૫૪,૯૫૯ મતદારોએ તો 'નોટા' (કોઈ જ ઉમેદવારને મત નહીં) એવા મત આપેલા!**

★ અમદાવાદમાં આ વખતે **ધોળકા** અને **સાણંદ** બેઠકો પર અપક્ષ ઉમેદવારોએ ચૂંટણી પરિણામો પર ભારે અસર કરી હતી. સાણંદ બેઠક પર એક અપક્ષ ઉમેદવાર ૩૭,૭૯૫ મત ખેંચી જતા ભાજપ - કોંગ્રેસ બંને પક્ષો માટે મુશ્કેલી સર્જાઈ હતી. જેમાં સાણંદ બેઠક પરના કોંગ્રેસ ઉમેદવારની ૭,૭૨૧ મતથી હાર થઈ હતી. ધોળકા બેઠક પર ૮ અપક્ષ ઉમેદવારો ૧૦,૦૦૦ કરતા વધુ મત ખેંચી જતા ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ફક્ત ૩૨૭ મતથી જીત્યા હતા.

★ તમામ ૧૧૨ અપક્ષ ઉમેદવારોમાંથી ૧૧૧ ઉમેદવારોએ એમની ડિપોઝીટ પણ ગુમાવી હતી.

★ ગમે તે ચૂંટણી આવે, દરેક ચૂંટણીમાં છેલ્લા ૫૦ વર્ષોથી અપક્ષ ઉમેદવાર તરીકે સાવરકુંડલાના ૮૨ વર્ષની જૈફ ઉંમરના બુઝુર્ગ વજુભાઈ જીવાભાઈ વાળોદરા, નગરપાલિકા, વિધાનસભા, લોકસભા સહિતની તમામ ચૂંટણીઓમાં અપક્ષ ઉમેદવાર તરીકે ઝુકાવતા રહ્યા છે. સાવરકુંડલા રેલવે સ્ટેશન પાસે એક કેબિનને જ પોતાનું ઘર - અને - ઓફિસ બનાવીને રહેતા વજુભાઈ, લોકશાહી પદ્ધતિના અનન્ય મશાલચી છે. **પોતાને મત મળે કે ન મળે તેની એમને કોઈ દરકાર નથી. લોકશાહીને જીવંત રાખવાના એક અનેરા આનંદ અને ઉત્સાહ સાથે ચૂંટણી લડવા સાઇકલ ઉપર માઇક ગોઠવી તેઓ પ્રચાર કરે છે.** જાત મહેનત ઝીંદાબાદ ગણી પોતાના કેબિન - ઘરને ઓફિસ બનાવે છે.

૮૨ વર્ષના બુઝુર્ગ વજુભાઈ, ગમે તે ચૂંટણી આવે એટલે ભારે હર્ષોલ્લાસ સાથે, હારી જતાં પણ ઝુકાવી દે છે. (ચૂંટણી કમિશનર એમને ઍવોર્ડ ક્યારે આપશે?!)

## ગુજરાત વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭
## કયા જિલ્લામાં કોને કેટલી બેઠક?

| | વર્ષ : ૨૦૧૭ | | | | વર્ષ : ૨૦૧૨ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લો** | **કુલ** | **ભાજપ** | **કોંગ્રેસ** | **અન્ય** | **કુલ** | **ભાજપ** | **કોંગ્રેસ** | **અન્ય** |
| **કચ્છ - સૌરાષ્ટ્ર** | | | | | | | | |
| કચ્છ | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૬ | ૦૫ | ૦૧ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૫ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ |
| રાજકોટ | ૦૮ | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૮ | ૦૪ | ૦૪ | ૦૦ |
| જામનગર | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૦ |
| દ્વારકા | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ |
| પોરબંદર | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| જૂનાગઢ | ૦૫ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૫ | ૦૩ | ૦૧ | ૦૧ |
| સોમનાથ | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૦ |
| અમરેલી | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૫ | ૦૨ | ૦૨ | ૦૧ |
| ભાવનગર | ૦૭ | ૦૬ | ૦૧ | ૦૦ | ૦૭ | ૦૬ | ૦૧ | ૦૦ |
| બોટાદ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ |
| **અમદાવાદ - ઉત્તર ગુજરાત** | | | | | | | | |
| અમદાવાદ | ૨૧ | ૧૬ | ૦૫ | ૦૦ | ૨૧ | ૧૭ | ૦૪ | ૦૦ |
| બનાસકાંઠા | ૦૯ | ૦૩ | ૦૫ | ૦૧ | ૦૯ | ૦૪ | ૦૫ | ૦૦ |
| પાટણ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ |
| મહેસાણા | ૦૭ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૭ | ૦૫ | ૦૨ | ૦૦ |
| સાબરકાંઠા | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૦ |
| અરવલ્લી | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ગાંધીનગર | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૦ |
| **મધ્ય ગુજરાત** | | | | | | | | |
| આણંદ | ૦૭ | ૦૨ | ૦૫ | ૦૦ | ૦૭ | ૦૫ | ૦૧ | ૦૧ |
| ખેડા | ૦૬ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૦ |
| મહીસાગર | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ |
| પંચમહાલ | ૦૫ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૦ |
| છોટા ઉદેપુર | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ |
| દાહોદ | ૦૬ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૬ | ૦૨ | ૦૪ | ૦૦ |
| વડોદરા | ૧૦ | ૦૮ | ૦૨ | ૦૦ | ૧૦ | ૦૯ | ૦૦ | ૦૧ |
| **દક્ષિણ ગુજરાત** | | | | | | | | |
| નર્મદા | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ભરૂચ | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૦ |
| સુરત | ૧૬ | ૧૫ | ૦૧ | ૦૦ | ૧૬ | ૧૫ | ૦૧ | ૦૦ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ડાંગ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૦ |
| વલસાડ | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૦ |
| **કુલ** | **૧૮૨** | **૯૯** | **૭૭** | **૦૬** | **૧૮૨** | **૧૧૫** | **૬૧** | **૦૬** |

## ગુજરાત વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭

### કેબિનેટ તથા રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓને ફાળવાયેલ ખાતાની વિગત

| **મંત્રીઓ** | **ખાતાની ફાળવણી** |
|---|---|
| વિજય રૂપાણી (મુખ્યમંત્રી) | સામાન્ય વહીવટ, ઉદ્યોગ, ગૃહ, શહેરી વિકાસ, બંદરો, ખાણ ખનીજ, માહિતી પ્રસારણ, પેટ્રોલિયમ, ક્લાઈમેટ ચેન્જ, પ્લાનિંગ, સાયન્સ એન્ડ ટેકનોલોજી, તમામ નીતિઓ અને કોઈ મંત્રીઓને નહીં ફાળવાયેલ તેવી તમામ બાબત |
| નીતિન પટેલ (નાયબ મુખ્યમંત્રી) | નાણાં, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના |
| આર.સી. ફળદુ | કૃષિ, ગ્રામ વિકાસ, મત્સ્ય ઉદ્યોગ, પશુપાલન, વાહન વ્યવહાર |
| ભૂપેન્દ્રસિંહ ચુડાસમા | શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌ સંવર્ધન, નાગરિક ઉડ્ડયન |
| કૌશિક જે. પટેલ | મહેસૂલ |
| સૌરભ પટેલ | ઉર્જા |
| ગણપત વસાવા | આદિવાસી વિકાસ, પ્રવાસન, વન, મહિલા અને બાળ કલ્યાણ |
| જયેશ રાદડિયા | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, કુટિર ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી |
| દિલીપ ઠાકોર | શ્રમ અને રોજગાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ |
| ઈશ્વર પરમાર | સામાજિક ન્યાય અને અધિકારીતા (અનુસૂચિત જાતિ કલ્યાણ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત) |
| **રાજ્ય કક્ષાના મંત્રીઓ** | |
| પ્રદીપસિંહ જાડેજા | ગૃહ, ઉર્જા, વૈધાનિક અને સંસદીય બાબત, કાયદો, ન્યાયતંત્ર (રાજ્યકક્ષા), પોલીસ હાઉસિંગ, બોર્ડર સિક્યુરીટી, સિવિલ ડિફેન્સ, ગ્રામરક્ષક દળ, જેલ, નશાબંધી, આબકારી, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાત પ્રભાગ પ્રોટોકલ (તમામ સ્વતંત્ર હવાલો) |
| પરબત પટેલ | સિંચાઈ, પાણી પુરવઠા (સ્વતંત્ર હવાલો) |
| પરષોત્તમ સોલંકી | મત્સ્ય ઉદ્યોગ |
| બચુ ખાબડ | ગ્રામગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, પશુપાલન, ગૌસંવર્ધન |
| જયદ્રથસિંહ પરમાર | કૃષિ વિભાગ (રાજ્ય કક્ષા), પંચાયત, પર્યાવરણ (સ્વતંત્ર હવાલો) |
| ઈશ્વરસિંહ પટેલ | સહકાર, રમત-ગમત, યુવક સાંસ્કૃતિક વિભાગ (સ્વતંત્ર હવાલો), વાહન વ્યવહાર (રાજ્યકક્ષા) |
| વાસણ આહિર | સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ |
| વિભાવરી દવે | મહિલા બાળ કલ્યાણ વિભાગ (પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ) અને યાત્રાધામ |
| રમણ પાટકર | વન અને આદિજાતિ વિભાગ |
| કિશોર કાનાણી (કુમાર) | આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ |

## ગુજરાત વિધાનસભા ચૂંટણી - ૨૦૧૭ : કચ્છ જિલ્લાના પરિણામો

**કુલ બેઠકો : ૬ ● ભાજપ : ૪ ● કોંગ્રેસ : ૨**

| બેઠક | ભાજપ | મત | કોંગ્રેસ | મત | કોણ જીત્યું? | લીડ-૨૦૧૭ |
|---|---|---|---|---|---|---|
| અબડાસા | છબીલભાઈ પટેલ | ૬૩૫૬૬ | પ્રદ્યુમનસિંહ જાડેજા | ૭૩૩૧૨ | કોંગ્રેસ | ૯૭૪૬ |
| માંડવી | વિરેન્દ્રસિંહ જાડેજા | ૭૯૪૬૯ | શક્તિસિંહ ગોહિલ | ૭૦૪૨૩ | ભાજપ | ૯૦૪૬ |
| ભુજ | ડૉ. નીમાબેન આચાર્ય | ૮૬૫૩૫ | આદમ ચાકી | ૭૨૫૧૦ | ભાજપ | ૧૪૦૨૫ |
| અંજાર | વાસણભાઈ આહીર | ૭૫૩૩૧ | વી.કે. હુંબલ | ૬૪૦૧૮ | ભાજપ | ૧૧૩૧૩ |
| ગાંધીધામ | માલતીબેન મહેશ્વરી | ૭૯૭૧૩ | કિશોરભાઈ જી. પીંગોલ | ૫૯૪૪૩ | ભાજપ | ૨૦૨૭૦ |
| રાપર | પંકજભાઈ મહેતા | ૪૮૬૦૫ | સંતોકબેન આરેઠિયા | ૬૩૮૧૪ | કોંગ્રેસ | ૧૫૨૦૯ |

## ૨૦૧૮ના વર્ષમાં જાહેર રજાઓ

| તારીખ | વાર | તહેવાર |
|---|---|---|
| ૧૪ જાન્યુઆરી | રવિવાર | મકરસંક્રાંતિ |
| ૨૬ જાન્યુઆરી | શુક્રવાર | પ્રજાસત્તાક દિન |
| ૧૩ ફેબ્રુઆરી | મંગળવાર | મહાશિવરાત્રિ |
| ૨ માર્ચ | શુક્રવાર | ધુળેટી |
| ૧૮ માર્ચ | રવિવાર | ગુડી પડવો – ચેટી ચાંદ |
| ૨૫ માર્ચ | રવિવાર | રામ નવમી |
| ૨૯ માર્ચ | ગુરુવાર | મહાવીર જયંતિ |
| ૩૦ માર્ચ | શુક્રવાર | ગુડ ફ્રાઈડે |
| ૧૪ એપ્રિલ | શનિવાર | ડૉ. આંબેડકર જયંતિ |
| ૩૦ એપ્રિલ | સોમવાર | બુધ્ધ જયંતિ |
| ૧૬ જૂન | શનિવાર | રમઝાન ઈદ |
| ૧૪ જુલાઇ | શનિવાર | રથયાત્રા |
| ૧૫ ઓગસ્ટ | બુધવાર | સ્વાતંત્ર્ય દિન |
| ૧૭ ઓગસ્ટ | શુક્રવાર | પતેતી |

| તારીખ | વાર | તહેવાર |
|---|---|---|
| ૨૨ ઓગસ્ટ | બુધવાર | બકરી ઈદ |
| ૨૬ ઓગસ્ટ | રવિવાર | રક્ષા બંધન |
| ૩ સપ્ટેમ્બર | સોમવાર | જન્માષ્ટમી |
| ૧૩ સપ્ટેમ્બર | ગુરુવાર | ગણેશ ચતુર્થી, સંવત્સરી |
| ૨૧ સપ્ટેમ્બર | શુક્રવાર | મહોરમ |
| ૨ ઓક્ટોબર | મંગળવાર | ગાંધી જયંતિ |
| ૧૮ ઓક્ટોબર | ગુરુવાર | વિજયા દશમી |
| ૩૧ ઓક્ટોબર | બુધવાર | સરદાર પટેલ જયંતી |
| ૭ નવેમ્બર | બુધવાર | દિવાળી |
| ૮ નવેમ્બર | ગુરુવાર | નૂતન વર્ષ |
| ૯ નવેમ્બર | શુક્રવાર | ભાઈબીજ |
| ૨૧ નવેમ્બર | બુધવાર | ઈદ-એ-મિલાદ |
| ૨૩ નવેમ્બર | શુક્રવાર | ગુરુ નાનક જયંતિ |
| ૨૫ ડિસેમ્બર | મંગળવાર | નાતાલ |

*૨૦૧૮ના વર્ષમાં મકરસંક્રાંતિ, ચેટી ચાંદ, રામ નવમી, રક્ષાબંધનની રજા રવિવારના દિવસે આવે છે. આમ, આ ચાર રજા કપાઈ જશે.*

*સરકારી, અર્ધ સરકારી કર્મચારીઓને ૨૬થી ૨૮ જાન્યુઆરી, ૧૪-૧૫ એપ્રિલ, ૧૬-૧૭ જૂન, ૨૧થી ૨૩ સપ્ટેમ્બરના બીજો - ચોથો શનિવાર અને ત્યારે જ આવતી જાહેર રજાને લીધે મિની વેકેશનનો લાભ મળશે. આ પૈકી સૌપ્રથમ મિની વેકેશન ૨૬ જાન્યુઆરી શુક્રવારે પ્રજાસત્તાક દિવસ સાથે મળશે. આ વર્ષે નવેમ્બરમાં સૌથી વધુ પાંચ જાહેર રજા છે. જેમાં દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ, ઈદ-એ-મિલાદ, ગુરુ નાનક જયંતિના પર્વનો સમાવેશ થાય છે.*

# ભુજ રેલવે ટાઈમ ટેબલ

| ટ્રેન નં. | ગાડીનું નામ | વાર | સ્ટેશન | સ્ટેશન | સમય | સમય |
|---|---|---|---|---|---|---|
| | | | અપ | | | |
| ૫૯૪૨૫ | ભુજ પાલનપુર એક્સપ્રેસ | દરરોજ | ભુજ | પાલનપુર | — | ૦૬.૨૫ |
| ૧૧૦૯૧ | ભુજ પૂના એક્સપ્રેસ | બુધવાર | ભુજ | પુને | — | ૦૮.૫૫ |
| ૧૪૩૧૨ | આલા હજરત એક્સપ્રેસ (વાયા અમદાવાદ) | મંગળ, ગુરુ | ભુજ | બરેલી | — | ૧૨.૪૦ |
| ૨૨૮૨૯ | ભુજ શાલીમાર એક્સપ્રેસ | મંગળ | ભુજ | શાલીમાર | — | ૧૪.૦૦ |
| ૨૨૯૦૪ | બાંદ્રા એ.સી. સુપરફાસ્ટ એક્સપ્રેસ | સોમ, ગુરુ, શનિ | ભુજ | બાંદ્રા ટર્મિનલ | — | ૧૬.૦૦ |
| ૧૪૩૨૨ | બરેલી એક્સપ્રેસ (વાયા રાધનપુર, ભીલડી) | સોમ, બુધ, શુક્ર, શનિ | ભુજ | બરેલી | — | ૧૭.૦૫ |
| ૧૨૯૬૦ | ભુજ દાદર એક્સપ્રેસ | સોમ, ગુરુ | ભુજ | દાદર | — | ૧૮.૩૦ |
| ૨૨૯૫૬ | કચ્છ એક્સપ્રેસ | દરરોજ | ભુજ | બાંદ્રા ટર્મિનલ | — | ૨૦.૧૫ |
| ૧૯૧૧૬ | સયાજીનગરી એક્સપ્રેસ | દરરોજ | ભુજ | દાદર | — | ૨૨.૨૫ |
| | | | ડાઉન | | | |
| ૧૯૧૧૫ | સયાજીનગરી એક્સપ્રેસ | દરરોજ | દાદર | ભુજ | ૦૭.૦૫ | — |
| ૨૨૯૫૫ | કચ્છ એક્સપ્રેસ | દરરોજ | બાંદ્રા ટર્મિનલ | ભુજ | ૦૮.૫૦ | — |
| ૧૪૩૨૧ | બરેલી એક્સપ્રેસ (વાયા રાધનપુર, ભીલડી) | રવિ, મંગળ, બુધ, ગુરૂ | બરેલી | ભુજ | ૦૯.૪૫ | — |
| ૧૪૩૧૧ | આલા હજરત એક્સપ્રેસ (વાયા અમદાવાદ) | સોમ, શુક્ર, શનિ | બરેલી | ભુજ | ૧૪.૦૦ | — |
| ૧૧૦૯૨ | ભુજ પુને એક્સપ્રેસ | મંગળ | પુને | ભુજ | ૧૫.૨૦ | — |
| ૨૨૯૦૩ | બાંદ્રા એ.સી. સુપરફાસ્ટ એક્સપ્રેસ | સોમ, ગુરુ, શનિ | બાંદ્રા | ભુજ | ૧૨.૩૦ | — |
| ૨૨૮૩૦ | શાલીમાર ભુજ એક્સપ્રેસ | સોમ | શાલીમાર | ભુજ | ૧૬.૪૦ | — |
| ૧૨૯૫૯ | દાદર ભુજ એક્સપ્રેસ | બુધ, શનિ | દાદર | ભુજ | ૧૭.૫૦ | — |
| ૫૯૪૨૬ | પાલનપુર ભુજ પેસેન્જર | દરરોજ | પાલનપુર | ભુજ | ૨૨.૧૦ | — |

*નોંધ : જરૂર મુજબ રેલવે સ્ટેશને તપાસ કરવી હિતાવહ છે.*

*જાણવા કરતાં સમજવું એ ઘણું મહત્ત્વનું છે.*
*તમને જાણતા તો અનેક લોકો હશે પણ તમને સમજતા કેટલા હશે?*

## આ શું?

આ ધર્મ શું? આ કર્મ શું?
આ જન્મનો છે મર્મ શું?
આ મોત શું? આ સ્વર્ગ શું?
આ જીવનમાં આવે દર્દ શું?

આ સુખ શું? આ દુઃખ શું?
આ ભાતભાતની છે ભૂખ શું?
આ ધર્મપંડિતોની રૂખ શું?
આ પ્રશ્ન-તર્ક જ તૂત શું?

★

### ઇશ્વરની વિમાસણ

નહોતી ખબર મુજને કે એને જાણ થઈ જશે!
દુઃખોભરી એની જિંદગી રસલ્હાણ થઈ જશે!

જીવતરમાં રેડ્યું ઝેર જે અમિરસ બની ગયું,
ગમ-દર્દ દુઃખ કેરી વાત એને ઉપહાર બની જશે!

સુખ-સાહ્યબી ને ભોગવિલાસ જે મેં ભરી દીધા,
માન્યું કે ઉપભોગીને એ મનેય ભૂલી જશે.

મદ, માયા, મત્સર, મોહને જિંદગીએ શણગારી દીધા,
એને ઉવેખીને આજ એ જણ મુજ સમ બની જશે.

પૂજતો રહ્યો એ મને પણ એ ખુદ જ પૂજાઈ જશે!
આત્મા મટીને 'આરસી' એ પરમ આત્મા થઈ જશે!

*'આરસી' શાહ - અમદાવાદ (ફોન : ૨૭૪૩૮૧૬૩)*

## વસંતોત્સવ

વસંત ઋતુ આવીને હવાનો મિજાજ બદલાયો
હૂંફાળી વસંતમાં આહલાદક વાસંતી વાયરો વાયો.

નવપલ્લિત પુષ્પ લતા પૂર બહારમાં મસ્તી ભરી ઝુમે,
સરખીઓ સરગમ છેડે રાગ વસંતની તાલી દઈ ઘૂમે.
યૌવનમાં ઋતુરાજ આવતાં અનેરો રંગ જમાયો... ૧

ડાળે ડાળે મીઠણાં ગીતમાં કોકિલાનો કુહુકાર
મસ્તીભર્યો પ્રેમ દર્શાવી મોર કરે થૈ થૈ કાર,
લીલી ધરતી પર પુષ્પોનો પમરાટ ચોફેર ફેલાયો... ૨

વાસંતી વાયરામાં આ વય તો વહી જશે હાલી
વાતોમાં ને વાતોમાં વહી જશે ભરેલી પ્રેમરસની પ્યાલી
જૂનું ત્યાગી નવયૌવન ધરવા શ્રીકૃષ્ણે માર્ગ બતાવ્યો... ૩

મંદિરમાં પીળા ફૂલથી ભગવાનની પૂજા થાય
પ્રકૃતિનાં ગુણગાન ગાતાં વસંતોત્સવ ઉજવાયો
વસંતોત્સવ ધામધૂમથી ઉજવતાં દિવ્યતાનો રંગ છવાયો... ૪

*મહાભાઈ આર. વોરા - ભુજ*

## સાચા સંત

*શરૂઆત જેની એનો અંત છે*
*ઉદાહરણ એ કેવું જ્વલંત છે*
*લાગીએ પાય તો મળે ઉપાય*
*એનું નામ જ તો સાચા સંત છે.*

*– અરવિંદ સોમૈયા, નખત્રાણા (કચ્છ)*

## ભાગલા!

વ્યાકુળ થઈ ગયેલી પત્નીનો શ્વાસ અદ્ધર થઈ ગયો હતો. તેણે પાસે બેઠેલા પતિને છંછેડાઇને કહ્યું, 'તમારામાં સાવ અક્કલ જ નથી!'

'કેમ, શું થયું?' પતિએ પૂછ્યું.

'બે દિવસ કાઢીને શું ધૂળ ભાગલા પાડ્યા તમે?'

'પણ, શું થયું?'

'ભલા માણસ, મમ્મીને આપણી પાસે રાખવી હતી અને પપ્પાને મોટા ભાઈ પાસે રાખી દેવા હતા!'

'ધત્તતેરી! સંતાન માટે તો મા-બાપ બંને એકસમાન હોય છે. મા-બાપના ભાગલામાંય પક્ષપાત?'

'ના, પણ આપણે ભણેલા-ગણેલા હોઈએ તો એટલી તો સમજ પડવી જ જોઈએ ને!'

'હું સમજ્યો નહીં...'

'મમ્મી આપણા ઘરે રહેત તો રસોડાના કામકાજમાં મદદ કરતા, ઝાડુ-પોતા કરતા, વાસણ માંજતા, બાળકોને ખવડાવતા-નવડાવતા! આપણે બહાર ફરવા જતા અને ઘરને તાળુંય ન મારવું પડત! આ તો પિતાજીની સારસંભાળ રાખવાની, ઘરમાં ઘૂંઘટ કાઢીને રહેવાનું, મોઢું બંધ રાખવાનું અને ભૂખ લાગે ત્યારે દરવાજો ખટખટાવે...!'

'ભૂલચૂક લેવી દેવી. મોટાભાઈ, તમે રવિવારે રજાના દિવસે ઘરે આવજો, ભાગલાની વાતમાં સમજી લઈશું.' પતિએ મોટાભાઈ સાથે વાત કરીને ફોન મૂક્યો.

*– એચ. એન. ગોલીબાર*

## નાની વયમાં મોટી સિદ્ધિ

### ભુજની આન્યા સોનીની
### એન્ટાર્ટિકાના અભ્યાસ માટે પસંદગી થઈ



હવામાન પરિવર્તન અંગે યુવા વર્ગમાં જાગૃતિ ઉત્પન્ન કરવા અમદાવાદ સ્થિત માત્ર ૧૩ વર્ષની વિદ્યાર્થિની આન્યા સોની જશે એન્ટાર્ટિકાની સફરે. તેણી સર રોબર્ટ સ્વાનના ૨૦૪૧ ફાઉન્ડેશન દ્વારા ૨૦૧૮માં એન્ટાર્ટિકાના સહેતુક પ્રવાસ માટે પસંદગી પામેલ છે. અલ ગૌરેના દસ્તાવેજી ચલચિત્ર "બિનઅનુકૂળ સત્ય" જોયા બાદ તેની ઘેરી અસર હેઠળ તે રોબર્ટ સ્વાન વિશે વિચારતી થઈ. તેણી કહે છે કે વર્ષની શરૂઆતમાં મેં તેમનો વાર્તાલાપ સાંભળેલ. તે ઉપરાંત એક ભારતીય તનીષા અરોરા, જે ૨૦૧૭ના એન્ટાર્ટિકા પ્રવાસ માટે પસંદગી પામેલ તેના દ્વારા હું પ્રભાવિત થઈ હતી.

સર રોબર્ટ સ્વાન પ્રથમ વ્યક્તિ છે જેમણે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ બંને જગ્યાએ પ્રથમ પગ મૂકેલ. બંને ધ્રુવ પર શોધખોળ કરનાર પ્રવાસી, એનર્જી બાબત નવા વિચારો સાથે સુધારા કરનાર તથા ૨૦૪૧ ફાઉન્ડેશનના સ્થાપક છે. એન્ટાર્ટિકા રક્ષિત હોવાથી મૂળભૂત સ્થિતિમાં અને કોઈ જ પ્રકારની શોધખોળ થયા વગર છે. એન્ટાર્ટિકા પર કોઈ પ્રકારની શોધખોળ પર નિષેધ કરી અટકાવવાની સમજૂતી ૨૦૪૧માં પૂરી થશે. હવામાન ફેરફાર અંગે જાગૃતિ લાવવા તથા ૨૦૪૧ સુધીની આ સમજૂતીનું સંરક્ષણ કરવા આગેવાનો ઊભા કરવા સર રોબર્ટ સ્વાને "૨૦૪૧ ફાઉન્ડેશન" ઊભું કરેલ છે. એન્ટાર્ટિકા પર કોઈપણ જાતનું ડ્રિલિંગ અથવા કોઈ પણ જાતના ફળદાયી ઉપયોગની આખા વિશ્વ પર અસર થશે અને તે માટે કોઈ પણ ભોગે આ ખંડનું રક્ષણ કરવું જરૂરી છે.

આ બરફના તરતા પહાડની ટોચ એટલે એન્ટાર્ટિકાના સહેતુક પ્રવાસ માટે દર વર્ષે ૮૦ લોકોની પસંદગી થાય છે જે તમામ લોકો સમાજમાં જાગૃતિ ફેલાવશે. આવતા વર્ષની સફર ૨૭ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ ૨૦૧૮ દરમ્યાન છે. આન્યા માઈનોર હોવાથી તેની સાથે તેની માતા પ્રતિભા સોની જશે. આ સફર પહેલા હવાઈમાર્ગે આર્જેન્ટીનાના ઉસુઆ (Ushuaia) કે જે દક્ષિણ અમેરિકાના એકદમ દક્ષિણ છેવાડે આવેલ છે જેને ધરતીનો છેડો (એન્ડ ઓફ ધ વર્લ્ડ) તરીકે ઓળખવામાં આવે છે તે જગ્યાએ પહોંચશે. ત્યાંથી સમુદ્ર માર્ગે સ્ટીમરથી આગળ વધશે. એક રાત્રિને છોડીને બાકીની તમામ રાત્રિ જહાજ પર વિતાવાશે. દિવસ દરમ્યાન એન્ટાર્ટિકા અંગે જાણકારી આપવામાં આવશે અને ગ્રુપના સભ્યો અભ્યાસ કરશે. તેમની સાથેના ભૂસ્તરશાસ્ત્રીઓ આ બરફ આચ્છાદિત ભૂમિના લક્ષણો, ખાસ કરીને છૂટી પડવા લાગેલી બરફની શિલાઓ જે હવામાન પરિવર્તન સ્વરૂપે ભવિષ્યમાં કેવી રીતે અણધારી આફતરૂપ બની શકે તેની સમજણ આપશે.

તેની માતા પ્રતિભા સોનીએ એક ઈન્ટરવ્યુમાં જણાવેલ છે કે "મેં મારી શારીરિક ક્ષમતા વધારવા માટે યોગ્ય કસરતો શરૂ કરેલ છે. તેમજ આન્યાના ફિટનેસ શિક્ષકને પણ આન્યાની શારીરિક ક્ષમતા વધારવાની તાલીમ અંગે વિનંતી કરેલ છે." આન્યાના પિતા ઈકોલિબ્રિયમ એનર્જી પ્રા.લિ. - અમદાવાદ મધ્યે કાર્યરત છે. જે મધ્યમ અને મોટા કદના ઉદ્યોગોમાં વપરાતી વીજ શક્તિનું મહત્તમ સમતુલન સાથે ઉપયોગ ઉપરાંત પર્યાવરણને મદદકર્તા છે.

**વર્ષ ૨૦૧૫માં સ્થાપિત "Kids 4 a Cause" સંસ્થામાં પણ આન્યા સક્રિય છે.** આ ગ્રુપ વેસ્ટ વસ્તુઓને ઉપયોગી વસ્તુમાં પરિવર્તિત કરી વેચાણ કરે છે અને તે દ્વારા મેળવેલ રકમ સામાજિક હેતુઓ માટે દાનમાં આપે છે. જેમકે, કાશ્મીર પૂર હોનારતમાં ધાબળા અને દવાનું વિતરણ. HUG, જેણે ચેન્નાઈ પૂર હોનારતમાં મદદની પહેલ કરેલ. આન્યાનું કહેવું છે કે ગયા વર્ષે ઊભી કરેલ રકમ અમે નેશનલ ઈન્ડિયન એસોસિએશનને મોકલેલ જે દ્વારા ધોરણ-૧૨ માં ભણતી ગરીબ કન્યાઓને પુસ્તક વિતરણ કરેલ.

આન્યાની સ્કૂલ – સહ્યાદ્રી, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન સ્કૂલમાં પણ તમામ વિદ્યાર્થીઓ પર્યાવરણ બાબત જાગૃત અને સક્રિય છે. હરહંમેશ સ્કૂલ તેમજ આજુબાજુના વિસ્તારને સાફ રાખી પ્રદૂષણ મુક્ત રાખે છે. આન્યાના માતા-પિતા આ સફર માટે નાણાં ભંડોળ ઊભું કરી રહ્યા છે. પ્રતિભા સોનીનું કહેવું છે કે, "અમે સંપૂર્ણ જાગૃત છીએ કે આ સફર કોઈ આનંદ કે ગમ્મત માટે નથી." ઈન્ટરનેટના માધ્યમથી લોકસમૂહ (ક્રાઉડ ફન્ડિંગ) પાસેથી ભંડોળ મેળવતા હોવાથી અમે અમારી જવાબદારી બાબત સંપૂર્ણ જાગૃત છીએ. ખાસ કરીને એવા લોકો જેમણે રૂા. ૧૦૦/- કે રૂા. ૫૦૦/- આપેલ છે તેમના વિશેષ ઋણી છીએ કારણકે તેઓ કોઈ નામ કે પ્રચાર માટે નથી આપતા. આ એ લોકો છે જેમણે આન્યા દ્વારા ભવિષ્યમાં ઊભી થનાર અસર અંગે આન્યામાં તેમનો વિશ્વાસ વ્યક્ત કરેલ છે.

આન્યા ઈચ્છે છે કે આ પ્રવાસથી પાછા ફરીને તે બીજી અન્ય સ્કૂલોની મુલાકાત લઈ વિશેષ શિબિર - વર્કશોપનું આયોજન કરી **નેતૃત્વ અને હવામાન પરિવર્તન અંગે સમજ આપી જાગૃતિ કેળવે.** આન્યા એક વાતે દુ:ખી છે કે તેનું પ્રિય ગોલ્ડન રિટ્રીવર ડોગ "ઝોઈ" તેની સાથે નહીં હોય. આન્યાએ એન્ટાર્કટિક પહોંચવા માટે મોટા ખર્ચ માટે "ક્રાઉડ ફન્ડિંગ" એકત્રિત કરવા પસંદ કરેલ સંસ્થાની સાઈટ અને તેનું અંગ્રેજીમાં લખાણ નીચે આપેલ છે:

I am Aanya raising funds for my upcoming Antartica expedition where I will be the youngest representative of India. I need your funding support through my campaign to help me make it to the expenditure. Please click on the link to get details https://www.fueladream.com/)

***પ્રેષક : તુલસી કંસારા - અમદાવાદ***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સામાજિક સુરક્ષા યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, એક સામાજિક સંગઠન છે જે ઘણા વર્ષોથી અમદાવાદ તેમજ ગાંધીનગર જિલ્લામાં રહેતા કચ્છી પરિવારોના ઉત્કર્ષ માટે વિવિધ આયોજન કરતું રહે છે.

હાલે તે એક સામાજિક સુરક્ષા યોજના લઈને આપશ્રી સમક્ષ ઉપસ્થિત થાય છે.

આ યોજનાની વિગત નીચે મુજબ છે....

મધ્યમ વર્ગના પરિવારમાં જ્યારે આધારસ્તંભ સમાન સ્વજનનું આકસ્મિક કે કુદરતી રીતે મૃત્યુ થાય ત્યારે જે-તે પરિવાર ઉપર આફત આવી પડે છે. પરિવારના ભરણપોષણનો પ્રશ્ન ઊભો થાય છે અને પરિવારને પારાવાર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાનો થાય છે. આવી પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને આ યોજના વિચારણામાં લેવામાં આવેલ છે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારજનો માટે જે સામાજિક સુરક્ષા યોજના વિચારવામાં આવેલ છે તે નીચે મુજબ છે :

૧. આ યોજનામાં પરિવારના **૧૧થી ૫૭ વર્ષ**ની વયની વ્યક્તિઓ જોડાઈ શકશે.

૨. આ યોજનામાં જોડાનાર વ્યક્તિનું કુદરતી કે આકસ્મિક સંજોગોમાં મૃત્યુ થાય ત્યારે મૃત્યુ પામેલ વ્યક્તિના પરિવારને શ્રી કચ્છી સમાજ અમદાવાદ તરફથી **રૂા. પાંચ લાખ**નો ચેક આપવામાં આવશે.

૩. આ યોજનામાં જોડાનાર વ્યક્તિને એક વખતની ડિપોઝિટ રકમ તરીકે અંદાજિત રૂા. ૨,૦૦૦/- (જુદી જુદી વયજુથ પ્રમાણે થોડી ઓછી-વત્તી થાય) ભરવાના રહેશે અને જ્યારે તે નિવૃત્ત થાય ત્યારે તેમાંથી ૨૦ ટકા વહીવટી ફાળાના કાપી, બાકીની રકમ પરત કરવામાં આવશે.

૪. તદુપરાત વાર્ષિક વહીવટી ચાર્જના દર વર્ષે રૂા. ૧૫૦/- તથા સમાજમાં થતા મૃત્યુના પ્રમાણમાં સહયોગ નિધિનો ફાળો આપવાનો રહેશે. (દા.ત. ૨૦૦૦ સભ્ય હોય અને વર્ષમાં એક મૃત્યુ થાય તો વાર્ષિક સહયોગ નિધિની રકમ રૂા. ૫,૦૦,૦૦૦/- ૨૦૦૦ = રૂા. ૨૫૦/- થાય)

૫. **ઓછામાં ઓછા ૨૦૦૦ સભ્યો થવાથી આ યોજના ચાલુ થઈ શકશે.**

**ટૂંકમાં આ યોજનામાં જોડાવા માટે ખૂબ જ મામૂલી ફાળો આપીને રૂા. પાંચ લાખનું સુરક્ષા કવચ મેળવી શકાય.** યોજનામાં જોડાયા બાદ એક વર્ષ પછીથી આ યોજનાનો લાભ મળવાનું શરૂ થઈ શકશે.

વિસ્તૃત નીતિ નિયમો હવે પછી મળી શકશે.

સામાજિક સુરક્ષા યોજનામાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી પરિવારોની ૧૧થી ૫૭ વર્ષની વયજુથની વ્યક્તિને બહોળા પ્રમાણમાં જોડાવા અપીલ કરવામાં આવે છે.

આ યોજનામાં જોડાવા સામાજિક સુરક્ષા સમિતિના નીચે મુજબના સભ્યોનો સંપર્ક સાધવા વિનંતી કરવામાં આવે છે :

*૧. શ્રી જેન્તીભાઈ લાકડાવાલા : ૯૩૨૭૦ ૮૧૫૬૫*

*૨. શ્રી હરસુખભાઈ પટેલ : ૯૮૨૫૦ ૭૦૩૮૪*

*૩. શ્રી ભરત ઓઝા : ૯૮૨૫૭ ૧૪૮૩૩*

*૪. શ્રી અતુલ સોની : ૯૭૨૫૦ ૩૮૧૪૦*

**જેન્તીભાઈ લાકડાવાલા**
**કન્વીનર - સામાજિક સુરક્ષા સમિતિ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ડિસેમ્બર - ૨૦૧૭ / જાન્યુઆરી - ૨૦૧૮

**★ સોમવાર, તા. ૪-૧૨-૨૦૧૭**

- અત્યારે કચ્છશ્રુતિમાં જે મહાનુભાવો પોતાના વ્યવસાયની જાહેરાત આપી શ્રી કચ્છી સમાજ - અમદાવાદને સહકાર આપી રહ્યા છે, એ ૪૮ મહાનુભાવોને વિવિધ વિગતો સાથે પત્ર લખી મોકલી આપવામાં આવ્યા. તેમજ તા. ૨-૧૨-૨૦૧૭ના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની મળેલ સંયુક્ત મીટિંગની મિનિટ્સ જે તે સભ્યોને વૉટ્સ એપ દ્વારા મોકલી આપવામાં આવી.

**★ મંગળવાર, તા. ૫-૧૨-૨૦૧૭**

- **ક્લબ બેબીલોન પર શ્રી અશોકભાઈ રઘુરામ ઠક્કર**ની મુલાકાત લેવામાં આવી. તેમના વ્યવસાયની વિજ્ઞાપન આવતા બાર મહિના માટે કચ્છશ્રુતિમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું. આ અગાઉ **શ્રી હરીશભાઈ રંગવાલા** તથા **શ્રી જગદીશભાઈ આર. ઠક્કર**ની વ્યવસાયની વિજ્ઞાપન કચ્છશ્રુતિમાં આવતા બાર મહિના માટે લેવાનું નક્કી કરી લેવામાં આવેલ છે.

**★ શુક્રવાર, તા. ૮-૧૨-૨૦૧૭**

- સત્ય ઘટના પર આધારિત નવલકથા ‘છોરાંવછોઈ’ના લેખક શ્રી હંસરાજભાઈ સાંખલા હિંમતનગરથી આવેલ હોતાં શ્રી નરસિંહભાઈ પટેલને ત્યાં તેમની મુલાકાત લેવામાં આવી. વિવિધ વિષયે ચર્ચા કરવામાં આવી. **શ્રી નરસિંહભાઈ પટેલે** કચ્છશ્રુતિ માટે બાર મહિના માટે વિજ્ઞાપન આપવાનું નક્કી કર્યું.
- ગૂર્જર પ્રકાશનવાળા **શ્રી મનુભાઈ શાહ** સાથે વાત થતાં તેઓએ પણ આવતા ૧૨ મહિના માટે કચ્છશ્રુતિમાં વિજ્ઞાપન આપવાનું સ્વીકાર્યું.

**★ રવિવાર, તા. ૧૦-૧૨-૨૦૧૭**

- સંસ્થાના ખજાનચી શ્રી અતુલભાઈ સોનીની દીકરીના લગ્ન પ્રસંગે શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી હિમાંશુ ઠક્કર, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી કરશનભાઈ પટેલ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી દિનેશ મહેતા, શ્રી સંજય રાઠોડ, શ્રી મૂકેશ ચૌહાણ, શ્રી બી.કે. પટેલ, શ્રી હરસુખ પટેલ, શ્રી રાજેશ કોટડિયા, શ્રી પરાગ ઠક્કર, શ્રી ટી.એલ. કંસારા, શ્રી જયમીન સોની, શ્રી રમેશ સોની વગેરે, શ્રી કચ્છી સમાજના સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

**★ બુધવાર, તા. ૧૩-૧૨-૨૦૧૭**

- ડિસેમ્બર-૨૦૧૭ના ‘કચ્છશ્રુતિ’ના અંકો પ્રિન્ટ થઈને આવી ગયા.

**★ શુક્રવાર, તા. ૧૫-૧૨-૨૦૧૭**

- આજરોજ સ્પાન એસોસિએશનની મેનેજિંગ કમિટી અને ગત સામાન્ય સભામાં નિમવામાં આવેલ બંધારણ સમિતિની સંયુક્ત મીટિંગ મળેલ હતી અને નવા બનાવવામાં આવનાર બંધારણ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી.

**★ શનિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૭**

- સ્પાન એસોસિએશનની ગઈકાલની સંયુક્ત મીટિંગના ધોરણે આજે સ્પાન એસોસિએશનની બંધારણ સમિતિની એક મીટિંગ મળેલ હતી. ૫ માંથી ૪ સભ્યો ઉપસ્થિત હતા. સુધારા-વધારા સાથે નવું બંધારણ ફાઈનલ કરી મેનેજમેન્ટ પર મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું.
- સ્પાન ટ્રેડ સેન્ટર ખાતે ૯૦૫ નંબરમાં શ્રી કચ્છી સમાજની ઑફિસ આવેલ છે. અમુક નિયમોને આધીન, મ્યુનિસિપાલિટી તેનો વાર્ષિક ટેક્ષ હંમેશને માટે માફ કરી શકે છે. તે માટે શ્રી જે.બી. શાહ સાથે ચર્ચા કરી, સમાજના અમુક જરૂરી પેપર્સ તેમને મોકલી આપવાનું નક્કી કરવામાં આવ્યું.

**★ સોમવાર, તા. ૧૮-૧૨-૨૦૧૭**

- ગુજરાત રાજ્ય વિધાનસભા અને હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પરિણામો આજે આવ્યા. બંને રાજ્યમાં ભાજપની જીત થઈ. કચ્છની ૬ સીટના પરિણામો પણ આવી ગયા.
- જેઓને ‘કચ્છશ્રુતિ’ મોકલી આપવામાં આવે છે તેવા ૨ વર્ષ, ૫ વર્ષ અને ૧૫ વર્ષના લવાજમવાળા સભ્યોનું લિસ્ટ અગાઉ તૈયાર કરવામાં આવેલ હતું. આજે બાકી રહેતા ૯૦૦ સભ્યોનું લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું. તેમાંના કેટલાક ૩૦૦/૫૦૦ રૂપિયાની ડિપોઝિટવાળા સભ્ય છે જ્યારે કેટલાક મહાનુભાવોને કોમ્પ્લિમેન્ટરી કોપી જાય છે કે જે હવે બંધ કરવી

જરૂરી છે. આ લિસ્ટ જૂની રસીદ બુકો જોઈને આજે કમ્પ્લીટ કરવામાં આવ્યું. પ્રથમ તેઓની નોંધણી હાલે બનાવવામાં આવેલ ડિરેક્ટરીમાં કરવામાં આવશે. ત્યારબાદ દરેકને લવાજમ માટે પત્રો લખવામાં આવશે. લગભગ ૯૦૦ સરનામાવાળું આ લિસ્ટ તૈયાર કરવામાં આવેલ છે.

★ **બુધવાર, તા. ૨૦-૧૨-૨૦૧૭**

- આજરોજ સિમ્સ હોસ્પિટલમાં ડૉ. ધીરેન શાહની મુલાકાત લેવામાં આવી. તેઓએ **સિમ્સ હોસ્પિટલ**ની આવતા ૧૨ મહિના માટે 'કચ્છશ્રુતિ'માં વિજ્ઞાપન આપવાનું સ્વીકાર્યું. તેઓએ અગાઉના બાકી રહેતા પેમેન્ટનો ચેક પણ આપેલ હતો.

★ **ગુરુવાર, તા. ૨૧-૧૨-૨૦૧૭**

- આજરોજ ગોડ ફાઉન્ડેશન (ગ્રીન ઓર્ગન ડોનર્સ ફાઉન્ડેશન)ના હોદ્દેદારોની એક મીટિંગ શ્રી કચ્છી સમાજની ઑફિસ ખાતે મળેલ હતી. ગોડ ફાઉન્ડેશનની નોંધણીની કાર્યવાહી ચેરિટી કમિશ્નરની ઓફિસમાં પૂર્ણ થઈ ગયેલ હોવાથી અને તેનું સર્ટિફિકેટ આવી ગયેલ હોવાથી તે અંગેની કાર્યવાહી હાથ પર લેવા, કેટલીક બાકી રહેલી કાર્યવાહી પૂર્ણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. લેટર પેડ, રસીદ બુક, બ્રોચર વગેરે છપાવવાની જવાબદારી શ્રી હિમાંશુ ઠક્કરને સુપ્રત કરવામાં આવી હતી. પાન નંબર લેવાની અને બેન્કમાં ખાતું ખોલાવવાની જવાબદારી શ્રી હરસુખભાઈ પટેલને સુપ્રત કરવામાં આવેલ હતી. સરળ મોબાઈલ નંબર મેળવવાની જવાબદારી ડૉ. કેતન શાહને સુપ્રત કરવામાં આવેલ હતી.

★ **બુધવાર, તા. ૨૭-૧૨-૨૦૧૭**

- શ્રી પ્રેમજીભાઈ જેઠાભાઈ પટેલ સમાજની ઑફિસ પર આવેલ હતા. તેઓની સાથે ગીતામંદિર, લાટી બજારમાં જઈ કેટલાક મહાનુભાવો પાસે જાહેરાત લેવા જવાનું નક્કી કરેલ હતું.

★ **શુક્રવાર, તા. ૨૯-૧૨-૨૦૧૭**

- આજરોજ સમાજની 'સામાજિક સુરક્ષા સમિતિ'ની એક મીટિંગ મળેલ હતી. શ્રી જેન્તીભાઈ લાકડાવાલા, શ્રી હરસુખભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી અતુલભાઈ સોની તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. આ યોજના વિશે વિગતવાર ચર્ચા કરી આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મીટિંગમાં કરવામાં આવેલ ચર્ચાના અનુસંધાને ફાઈનલ નીતિ-નિયમો બનાવવાની જવાબદારી શ્રી જેન્તીભાઈ લાકડાવાલાને સુપ્રત કરવામાં આવેલ હતી. પાન કાર્ડ નંબર વગેરે વિગત મેળવી સામાજિક સુરક્ષાના અનુસંધાને બેન્કમાં અલગથી શ્રી કચ્છી સમાજનો એકાઉન્ટ ખોલાવવાની જવાબદારી શ્રી હરસુખભાઈ પટેલને સુપ્રત કરવામાં આવેલ હતી. આ યોજનાનો અહેવાલ તૈયાર કરી 'કચ્છશ્રુતિ'માં પ્રસારિત કરાવવાની જવાબદારી શ્રી ભરતભાઈ ઓઝાને સુપ્રત કરવામાં આવેલ હતી.

★ **શનિવાર, તા. ૩૦-૧૨-૨૦૧૭**

- ઉર્મિન ગ્રૂપના **શ્રી કૌશિકભાઈ મજીઠિયા**ની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ હતી. તેઓના વ્યવસાયની બાર મહિનાની જાહેરાત કચ્છશ્રુતિમાં આપવાનું તેઓશ્રીએ સ્વીકારેલ હતું.
- ડી.એન. પોલીટેકનિકના શ્રી દીપકભાઈ ચૌહાણ સાથે વાત થયેલ હતી. કૌશલ્યવર્ધન કેન્દ્ર માટે બધા જ પ્રકારના રજિસ્ટર્ડ કરવામાં આવેલ કોર્સિસનું લિસ્ટ, જે અંદાજિત ૫૦૦ વ્યવસાય માટેનું છે તે મોકલી આપવાનું તેઓશ્રીએ સ્વીકારેલ હતું. આ અગાઉ એગ્રીકલ્ચરને અનુરૂપ કોર્સિસનું લિસ્ટ તેઓશ્રીએ મોકલી આપેલ હતું.

★ **રવિવાર, તા. ૩૧-૧૨-૨૦૧૭**

- આજે વર્ષનો આખરી દિવસ.
- કચ્છશ્રુતિના ડિપોઝિટ / કોમ્પ્લિમેન્ટરી કોપીવાળા ૯૦૦ સભ્યોની ડિરેક્ટરીમાં નોંધણીની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

★ **સોમવાર, તા. ૧-૧-૨૦૧૮**

- નવા વર્ષનો આજે પ્રથમ દિવસ.
- કચ્છશ્રુતિના ડિપોઝિટ તથા કોમ્પ્લિમેન્ટરીવાળા સભ્યોને લખવાના પત્રો પ્રિન્ટ થઈને આજરોજ સમાજ પર આવી ગયા.

★ **મંગળવાર, તા. ૨-૧-૨૦૧૮**

- શ્રી પ્રેમજીભાઈ પટેલની સાથે રહી (૧) રવિ એન્ટરપ્રાઈઝવાળા શ્રી અમિતભાઈ સુરાણી, (૨) આર.બી. પટેલવાળા શ્રી પ્રવીણભાઈ પટેલ તથા (૩) શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલની 'કચ્છશ્રુતિ'ના વિજ્ઞાપન માટે મુલાકાત લેવામાં આવેલ હતી.

★ **ગુરુવાર, તા. ૪-૧-૨૦૧૮**

- બોનાફાઈડ બ્રોકર્સવાળા **શ્રી ચીમનભાઈ પલણ**ની આજે મુલાકાત લીધેલ હતી. તેઓએ આવતા ૧૨ મહિના માટે પોતાના વ્યવસાયની વિજ્ઞાપન આપવાનું સ્વીકારેલ હતું.

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS

**BRASS** CAGES

CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES

**STEEL** CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES



**POLYAMIDE** CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA ENGINEERS

www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ
એક દિવસમાં કેળવાતો નથી.




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

● પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
● GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન. ● સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગ્રેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગ્રેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્કયુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | Green OT Certified Green Operated On Theater

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000
www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)
www.cims.org
CIMS Hospital India App on:

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

**પ્રેરણા સ્ત્રોત**

- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

---

**Mahendra Sangoi**
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

---

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

---

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
**માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.**

---

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત

## કર્ણાવતી™ દાબેલી સેન્ટર





આપકા સ્વાદ... હર પલ યાદ..

**Our Main Branch**

**Maninagar**
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.

**Drive-In-Road**
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.

**Bopal**
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.

★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

---

**INSTA-POWER**
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



**OTHER PRODUCTS**
- Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
- Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**

| Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489 | Works 2 (Waghodia - Vadodara) |
|---|---|---|

---

## ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ

મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

---

Bharat B. Gala Nanvinchandra D. Dedhia

## Raju ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING / S.S PATTA-PATTI

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 ● R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH ● POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DCPL
DHOLUCON
**Mohan Dholu** | 98250 84330
Director | mpdholu@gmail.com

**DHOLU CONSTRUCTION**
**AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax: +91 79 2656 44 36 email: dholucon@gmail.com
**MINING CONTRACTORS**

**INDOTEX**
**PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

PRARAMBH
"ek nayi Zindagi ka"

Kailashdan Gadhavi

**Prarambh Buildcon Ahmedabad LLP**
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI
+91 9726066655

MILAP PATEL
+91 9737524821

**RUDANI**
**INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**

| | |
|---|---|
| Bonafide Brokers | Nelco Agency |
| Aryan Agency | Jaya Marketing |

A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com

| | |
|---|---|
| Chamanbhai : M. 99250 70719 | Amitkumar : M. 98790 24849 |
| Nileshbhai : M. 98250 70719 | Hirenkumar : M. 98799 97777 |




Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. ● Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta ● Price : Rs. 18.00 ● Lifetime Subscription : Rs. 1500/- (15 Years)